# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

અક્ષય ખન્ના @50:ઐશ્વર્યાને સૌથી સેક્સી એક્ટ્રેસ માને છે, રિલેશનશિપમાં ટકી શકતો નથી



પેજ-07

આઈપીએલ ઓક્શનમાં નહીં વેચાયેલા શાર્દુલે દેખાડ્યું કૌવત, લખનઉએ હૈદરાબાદને...

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| --- | --- | --- |
| અમદાવાદ | 36.00 | 22.00 |
| વડોદરા | 38.00 | 23.00 |
| સુરત | 38.00 | 26.00 |

પેજ 5



L&T ફાઈનાન્સ લિમિટેડે તેમના બ્રાન્ડ એમ્બેસડર તરીકે જસપ્રીત બુમરાહ...


29 MARCH-2025 SATURDAY


કેનેડાના PMએ કહ્યું- અમેરિકા સાથે જૂના સંબંધો ખતમ, ટ્રમ્પ સાથે વેપાર પર...



પેજ 10

**શેરબજાર**

| | | | |
| --- | --- | --- | --- |
| સેન્સેક્સ | 77414.92 | ▼ | 191.51 |
| નિફ્ટી | 23519.35 | ▼ | 072.60 |
| સોનું | 88712.00 | ▲ | 328.00 |
| ચાંદી | 100550.00 | ▼ | 763.00 |


વર્ષ-14 । અંક-129 । વિક્રમ સંવત-2081 । ફાગણ વદ-અમાસ । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# મ્યાનમાર-થાઈલેન્ડમાં ભયાનક ભૂકંપ



ઈમારતો આંખના પલકારે જમીનદોસ્ત થઈ

## 7.7 ની તીવ્રતાનો ભૂકંપનો ઝટકો

## એક પછી એક ચાર વખત શક્તિશાળી ભૂકંપના આંચકા

## ઈમરજન્સી જાહેર

- મ્યાનમાર-થાઈલેન્ડમાં ભૂકંપથી અનેક ઈમારતો ધરાશાયી થઈ
- USGSએ હજારો લોકોના મોતની આશંકા વ્યક્ત કરી







થાઈલેન્ડ અને મ્યાનમારમાં અફરાતફરીનો માહોલ, લોકો રસ્તા પર...

## દરેક એજન્સી અને મંત્રાલય મદદ માટે તૈયાર રહે, આગામી અમુક કલાકો સુધી ભૂકંપના આંચકા આવી શકે: થાઈલેન્ડના PM

- મ્યાનમારમાં હોટલ, ફ્લાયઓવર, નર્સરી સહિત અનેક ઈમારતો ધરાશાયી. મસ્જિદમાં 20 લોકોના મોત
- થાઈલેન્ડમાં બેંગકોક તથા મ્યાનમારમાં સાગાઈંગ, માંડલે, મેગવે, બાગો, ઈસ્ટર શાનમાં ઈમરજન્સી જાહેર
- બેંગકોક એરપોર્ટ બે કલાક માટે જ્યારે ટ્રેન સેવા અનિશ્ચિતકાળ સુધી બંધ કરવાના આદેશ
- બેંગકોકમાં નિર્માણાધીન ઈમારત ધરાશાયી, 400 શ્રમિકોમાંથી 80 ગુમ, રેસ્ક્યૂ ઓપરેશન શરૂ
- થાઈલેન્ડમાં રહેતા ભારતીય નાગરિકોની મદદ માટે ભારતીય દૂતાવાસનો હેલ્પલાઈન નં: +66618819218

(એજન્સી) બેંગકોક । તા. 28

શુક્રવારે સવારે 11:50 વાગ્યે મ્યાનમારમાં 7.7ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. તેની અસર ભારત, થાઈલેન્ડ, બાંગ્લાદેશ અને ચીન સહિત પાંચ દેશોમાં અનુભવાઈ છે. મ્યાનમાર અને થાઈલેન્ડમાં 144 લોકોએ જીવ ગુમાવ્યા છે. 300 લોકો ઘાયલ થયા છે. તે જ સમયે, થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં એક નિર્માણાધીન 30 માળની ઈમારત ધરાશાયી થઈ ગઈ. આ સાઈટ પર 400 લોકો કામ કરી રહ્યા હતા. તેમાંથી 80 લોકો ગુમ છે, જ્યારે 3 લોકોના મોત થયા છે. આ 5 દેશોના વિવિધ વિસ્તારોમાં ગભરાટમાં સેંકડો લોકો પોતાના ઘરો અને ઓફિસોમાંથી બહાર દોડી ગયા. ભારે વિનાશને કારણે, બેંગકોકના વડાપ્રધાન પ્યોટોંગથોર્ન શિનાવાત્રાએ કટોકટી જાહેર કરી છે. શુક્રવારે મ્યાનમારમાં 7.7ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, ત્યારબાદ 12 મિનિટ પછી 6.4 તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. આ ભૂકંપના આંચકા થાઈલેન્ડ, ચીન અને ભારતના કેટલાક ભાગોમાં અનુભવાયા હતા. ભારતના પાડોશી દેશ મ્યાનમારમાં શુક્રવારે એક પછી એક ચાર જોરદાર ભૂકંપ આવ્યા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલૉજી અનુસાર રિક્ટર સ્કેલ પર પહેલા ભૂકંપની તીવ્રતા 7.7 જ્યારે બીજાની 7.2 નોંધાઈ હતી. આ ભૂકંપના કારણે હજારો ઈમારતો ધ્રુજી ગઈ હતી. એટલું જ નહીં, મ્યાનમારમાં અનેક ઈમારતો ધરાશાયી થયાના પણ અહેવાલ છે. આ ભૂકંપ એટલો જોરદાર હતો કે, ભારતમાં ઉત્તર પ્રદેશ, બિહાર તેમજ ઉત્તર પૂર્વના રાજ્યોમાં તેના આંચકા અનુભવાયા હતા. આ ઉપરાંત થાઈલૅન્ડના બેંગકોકમાં પણ અનેક લોકોએ ધ્રુજારી અનુભવી હતી.

### ભારત મદદ માટે તૈયાર મોદીએ ચિંતા વ્યક્ત કરી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મ્યાનમાર અને થાઈલેન્ડમાં ભૂકંપ બાદની સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, મ્યાનમાર અને થાઈલેન્ડમાં ભૂકંપ બાદની સ્થિતિ પર ચિંતિત છું. તમામ પ્રકારની સુરક્ષા માટે પ્રાર્થના કરી રહ્યો છું. ભારત સંભવિત તમામ સહાય કરવા માટે તત્પર છે. અમે આ સંદર્ભે પ્રશાસનને સતર્ક રહેવા આદેશ આપ્યા છે. વિદેશ મંત્રાલયે પણ મ્યાનમાર અને થાઈલેન્ડની સરકારના સંપર્કમાં છે.

### ભારતના અનેક રાજ્યોમાં ભૂકંપનો આંચકો અનુભવાયો

મળતી માહિતી મુજબ, મ્યાનમારના ભૂકંપની અસર ભારતમાં દિલ્હી-એનસીઆર અને ઉત્તર પ્રદેશ સહિત અનેક રાજ્યોમાં પણ થઈ હતી. ખાસ કરીને પૂર્વોત્તર રાજ્ય આસામ, મણિપુર, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ અને નાગાલૅન્ડમાં ભૂકંપના તેજ આંચકાનો નોંધાયા હતા. ભૂકંપનું કેન્દ્ર મ્યાનમારના Sagaingમાં હોવાની માહિતી છે. ભૂકંપના આંચકાના કારણે મ્યાનમારના માંડલેયમાં ઈરાવડી નદી પર આવેલો બ્રિજ ધસી પડ્યો હતો.

### ધરતીની 10 કિ.મી નીચે નોંધાયું ભૂકંપનું કેન્દ્ર

મ્યાનમાર અને ભારત સિવાય બેંગકોકમાં પણ ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. મ્યાનમારમાં પહેલીવાર 11:52 વાગ્યે ભૂકંપનો આંચકો આવ્યો અને બાદમાં 12:02 વાગ્યે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જર્મન રિસર્ચ સેન્ટર ઑફ જિયોસાયન્સ અનુસાર ભૂકંપનું કેન્દ્ર ધરતીની 10 કિ.મી નીચે હતું. બેંગકોકના સ્થાનિક તંત્રનું કહેવું છે કે, ભૂકંપ એટલો જોરદાર હતો કે, સ્વિમિંગ પુલનું પાણી બહાર ઉછળવા લાગ્યું હતું. ડરના કારણે લોકો ઘરની બહાર નીકળી આવ્યા હતા.

# કેન્દ્રીય કર્મચારીઓને સરકાર તરફથી મોટી ભેટ
# મોંઘવારી ભથ્થામાં કર્યો બે ટકાનો વધારો કરાયો

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

કેન્દ્રીય કેબિનેટે શુક્રવારે કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થા (DA)માં 2% વધારાને મંજૂરી આપી છે. કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં સરકારે આ મોટો નિર્ણય લીધો છે. આ વધારા સાથે હવે કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોનું મોંઘવારી ભથ્થું (DA) અને પેન્શનરોનું મોંઘવારી રાહત (DR) 53 ટકાથી વધીને 55 ટકા થઈ જશે. આ વધારો 7મા પગાર પંચ હેઠળ કરવામાં આવ્યો છે. છેલ્લો વધારો જુલાઈ 2024માં થયો હતો, જ્યારે મોંઘવારી ભથ્થું 50 ટકાથી વધારીને 53 ટકા કરવામાં આવ્યું હતું. હવે 2 ટકાનો વધારો કરવામાં આવ્યો છે, ત્યારબાદ કર્મચારીઓના મૂળ પગારમાં 2 ટકા વધુ મોંઘવારી ભથ્થું ઉમેરવામાં આવશે. આ વધારો 1 જાન્યુઆરી, 2025 થી અમલી ગણવામાં આવશે. મોંઘવારી ભથ્થામાં વધારાથી કરોડો કર્મચારીઓ અને પેન્શનરોને ફાયદો થશે.

### પગાર કેટલો વધશે?

- જો કોઈ વ્યક્તિનો મૂળ પગાર 50 હજાર રૂપિયા છે, તો 53% DA મુજબ, તેને 26,500 નું મોંઘવારી ભથ્થું મળશે, પરંતુ 55 ટકા DA અનુસાર, તેને 27,500 નું DA મળશે. એટલે કે કર્મચારીઓના પગારમાં 1000 રૂપિયાનો વધારો થશે.
- હાલમાં, 70 હજાર રૂપિયાના મૂળ પગાર પર, મોંઘવારી ભથ્થું 37,100 હશે, પરંતુ 55 ટકા ડીએ મુજબ, મોંઘવારી ભથ્થું 38,500 હશે. એટલે કે આવા કર્મચારીઓના પગારમાં 1,400નો વધારો થશે.
- તેવી જ રીતે, 1,00,000 ની મૂળ પગાર ધરાવતા લોકોને 53 ટકા ડીએના દરે 53,000 મોંઘવારી ભથ્થું મળતું હતું, પરંતુ હવે તેમને 55 ટકાના દરે 55 હજારનું ડીએ મળશે. એટલે કે કર્મચારીઓના પગારમાં માસિક રૂ. 2000નો વધારો થશે.

**■ 78 મહિનામાં આ પ્રથમ વખત બન્યું છે**

છેલ્લા કેટલાક વર્ષોમાં મોંઘવારી ભથ્થામાં માત્ર 3 થી 4 ટકાનો વધારો કરવામાં આવ્યો હતો, પરંતુ 78 મહિનામાં એટલે કે 6.6 વર્ષમાં પ્રથમ વખત ડીએમાં માત્ર 2 ટકાનો વધારો કરવામાં આવ્યો છે. અગાઉ વર્ષ 2018માં મોંઘવારી ભથ્થામાં 2 ટકાના દરે વધારો કરવામાં આવ્યો હતો. ત્યારથી, માત્ર 3 અથવા 4 ટકાનો વધારો સતત જોવા મળ્યો છે.

**■ 2 મહિનાનું એરિયર્સ મળશે**

સરકારે માર્ચ મહિનામાં મોંઘવારી ભથ્થામાં વધારો કરવાની જાહેરાત કરી છે. આવી સ્થિતિમાં બે મહિનાનું એરિયર્સ પણ એકસાથે ઉમેરીને માર્ચના પગાર સાથે આપવામાં આવશે. જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનાની સાથે માર્ચનું મોંઘવારી ભથ્થું પણ પગારમાં ઉમેરીને કર્મચારીઓના ખાતામાં મોકલવામાં આવશે. જો કેન્દ્રીય કર્મચારીનો મૂળ પગાર 19,000 રૂપિયા હતો, તો તેને મોંઘવારી ભથ્થા તરીકે 10,070 રૂપિયા મળશે.

**4 જવાન શહીદ**

## કઠુઆ એન્કાઉન્ટર : 3 આતંકવાદી ઠાર કરાયા

જમ્મુ : જમ્મુ અને કાશ્મીરના કઠુઆ જિલ્લાના રાજબાગમાં 27 માર્ચથી ચાલી રહેલા એન્કાઉન્ટરમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા છે. ગોળીબારમાં ત્રણ સુરક્ષા કર્મચારીઓ પણ શહીદ થયા હતા. આ જમ્મુ અને કાશ્મીર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)ના સૈનિકો છે. એક સૈનિક ઘાયલ થયો હતો અને મોડી રાત્રે સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું. શહીદ સૈનિકોમાં તારિક હુસૈન, જસવંત સિંહ, બલવિંદર સિંહનો સમાવેશ થાય છે. ચોથા વિશે માહિતી જાહેર કરવામાં આવી નથી. ઘાયલોને જમ્મુ મેડિકલ કોલેજ (JMC)માં રિફર કરવામાં આવ્યા હતા. જમ્મુ-કાશ્મીરના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)ના આ સૈનિકોને પેટમાં ગોળી વાગી હતી. ડીએસપી ધીરજ સિંહ અને અન્ય ચાર ઘાયલોની ઉધમપુરની આર્મી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

## આંધ્રના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ NDAનું ટેન્શન વધાર્યું

### વક્ફની મિલકતો અંગેના નિવેદનથી ભાજપની ચિંતામાં વધારો...

(એજન્સી) વિજયવાડા । તા. 28

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ વિજયવાડામાં રાજ્ય સરકાર દ્વારા આયોજીત ઈફ્તાર પાર્ટીમાં વક્ફની મિલકતોની સુરક્ષા અને વંચિત મુસ્લિમ પરિવારોના ઉત્થાન માટે પોતાની સરકારની પ્રતિબદ્ધતા આપી હતી. રમજાનની શુભકામનાઓ આપતાં નાયડુએ મુસ્લિમ સમુદાયને ખાત્રી આપી કે તેલુગુ દેશમ પાર્ટી સરકારે હંમેશા વક્ફ મિલકતોનું રક્ષણ કર્યું છે, અને ભવિષ્યમાં પણ કરતી રહેશે. એ પછી રાજકીય ક્ષેત્રે વિવિધ અટકળો શરૂ થઈ ગઈ છે કે, શું ચંદ્રાબાબુ નાયડુ વક્ફ (સુધારા) બિલ 2024 પર કેન્દ્ર સરકારની મુશ્કેલીઓ વધારશે કે કેમ ? હકીકતમાં ચંદ્રાબાબુની પાર્ટી ટીડીપી કેન્દ્રમાં એનડીએ સરકારનો મુખ્ય ઘટક પક્ષ છે. લોકસભામાં વક્ફ બિલ પસાર કરવા માટે ભાજપને ટીડીપીના સમર્થનની જરૂર પડશે. અને જો તેમાં ટીડીપી સમર્થનમાં નહીં ઉભી રહે, તો ભાજપ માટે આ બિલ પસાર કરવું મુશ્કેલ થઈ શકે છે.



**■ ટીડીપીના કાર્યકાળ દરમિયાન મુસ્લિમ સમુદાયને ન્યાય મળ્યો છે :** મુખ્યમંત્રીએ મુસ્લિમોના આર્થિક સુધારણા માટે તેમના વહીવટીતંત્રના પ્રયાસો પર પણ ભાર મૂક્યો અને તેમની સરકાર દ્વારા લેવામાં આવેલા બજેટ ફાળવણી અને કલ્યાણકારી પહેલ પર વાત કરી હતી. નાયડુએ કહ્યું, 'ટીડીપીના કાર્યકાળ દરમિયાન મુસ્લિમ સમુદાયને ન્યાય મળ્યો છે અને હવે એનડીએના શાસનમાં તેમની સ્થિતિ વધુ સારી થશે. અમારી સરકારે લઘુમતી સમુદાયોના ઉત્થાન માટે 2025-26ના બજેટમાં 5,300 કરોડ રૂપિયા ફાળવ્યા છે, જે વિવિધ ક્ષેત્રોમાં તેમને ટેકો આપવાના વહીવટીતંત્રના સંકલ્પને પુનઃપુષ્ટ કરે છે.'

**■ ઈમામોને 10,000 રૂ, જ્યારે મોઅજ્જિન 5,000 રૂ. અપાશે :** આ ઉપરાંત, આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ મુસ્લિમ ધાર્મિક નેતાઓના માનદ વેતનમાં વધારો કરવાની જાહેરાત પણ કરી અને કહ્યું કે, 'હવે ઈમામોને 10,000 રૂપિયા મળશે, જ્યારે મોઅજ્જિન 5,000 રૂપિયા આપવામાં આવશે.' આંધ્રપ્રદેશના કાયદા અને ન્યાય અને લઘુમતી કલ્યાણ મંત્રી એન મોહમ્મદ ફારૂક, ખાણ અને ભૂસ્તરશાસ્ત્ર મંત્રી કોલુ રવિન્દ્ર અને ગુંટુર પૂર્વના ધારાસભ્ય મોહમ્મદ નસીર અહેમદ સહિત અનેક અગ્રણી ટીડીપી નેતાઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

**હાલ કોઈ FIR દાખલ નહીં થાય**

## કેશકાંડમાં જસ્ટિસ યશવંત વર્માને સુપ્રીમ કોર્ટે આંશિક રાહત આપી

(એજન્સી) નવી દિલ્હી । તા. 28



સુપ્રીમ કોર્ટે કેશકાંડ પ્રકરણમાં દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ યશવંત વર્મા વિરુદ્ધ કેસ નોંધવાની માંગ કરતી અરજી પર વિચાર કરવાનો ઈનકાર કર્યો હતો. સર્વોચ્ચ અદાલતે કહ્યું છે કે આ મામલાની તપાસ ઈન-હાઉસ કમિટી દ્વારા કરવામાં આવી રહી છે અને રિપોર્ટ આવ્યા બાદ દેશના મુખ્ય ન્યાયાધીશ (CJI) પાસે પગલાં લેવા માટે ઘણા વિકલ્પો છે. આવી સ્થિતિમાં આ અરજી પર વિચાર કરવો યોગ્ય નથી. જસ્ટિસ અભય એસ ઓકા અને ઉજ્જલ ભુયાનની બેન્ચે એડવોકેટ્સ મેથ્યુસ જે નેદુમપરા અને હેમાલી સુરેશ કુર્ને દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને સમય પૂર્વેની ગણાવી હતી.

બેન્ચે કહ્યું, આંતરિક તપાસ ચાલુ છે. જો રિપોર્ટમાં કંઈપણ ખોટું જણાય તો FIR નોંધવા માટે નિર્દેશ આપવામાં આવી શકે છે અથવા મામલો સંસદમાં મોકલવામાં આવી શકે છે.

આજનો સમય તેના પર વિચાર કરવાનો નથી. અન્ય કેસોનો ઉલ્લેખ કરતા વકીલ નેદુમપરાએ કહ્યું, જુઓ કેરળમાં શું થયું. POCSO કેસમાં એક નિવૃત્ત જજ પર આરોપો મૂકવામાં આવ્યા હતા અને પોલીસ આરોપીઓનું નામ પણ આપી શકી નથી.

## આંધ્રપ્રદેશમાં બર્ડ ફ્લૂથી હાહાકાર મચ્યો : તંત્ર એલર્ટ

### 8 કેસ સામે આવતા ખતરનાક રોગ ફેલાવવાનો ભય, 6 લાખ મરઘીના મોત

(એજન્સી) હૈદરાબાદ । તા. 28

આંધ્રપ્રદેશમાં બર્ડ ફ્લૂના વાયરસના આઠ કેસ સામે આવતા તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે. વિશ્વ પશુ આરોગ્ય સંગઠન (WOAH) એ આજે (28 માર્ચ) આઠ કેસની પુષ્ટી કરી છે. સંગઠને ભારતીય અધિકારીઓને ટાંકીને કહ્યું કે, આંધ્રના પૂર્વ ક્ષેત્રમાં કેસો નોંધાતા તકેદારીના પગલા શરૂ કરી દેવામાં આવ્યા છે. આ વાયરસના કારણે છ લાખથી વધુ મરઘીઓના મોત થયા છે. WHAHના રિપોર્ટમાં કહેવાયું છે કે, રાજ્યના અનેક મરઘા ફાર્મમાં વાયરસ ફેલાયો છે, જેના કારણે મરઘા ફાર્માના માલિકોએ તકેદારીના પગલા શરૂ કરી દીધા છે. બર્ડ ફૂલોના વાયરસ H5N1 અત્યંત ચેપી અને જીવલેણ હોય છે. આ વાયરસ મરઘા માટે ખતરનાક છે અને તેના કારણે અનેક મરઘીના મોત થયા છે.



**સમ્રાટ ચૌધરીના નિવેદને ચર્ચા જગાવી**

## ઘાસચારા કૌભાંડમાં દોષિત લાલુ યાદવની સંપત્તિ જપ્ત કરાશે?

(એજન્સી) પટણા । તા. 28



બિહાર વિધાનસભાની ચૂંટણી નજીક આવતા રાજ્યનો રાજકીય માહોલ ગરમાઈ રહ્યો છે. આ દરમિયાન બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ કહ્યું છે કે, 'રાજ્ય સરકાર ચારા કૌભાંડ આચરનારાઓ પાસેથી 950 કરોડ રૂપિયા વસૂલ કરાશે અને તેને સરકારી તિજોરીમાં જમા કરાવશે.' નોંધનીય છે કે, બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને આરજેડી વડા લાલુ યાદવને ઘાસચારા કૌભાંડમાં દોષિત ઠેરવવામાં આવ્યા છે. બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ કહ્યું, 'આ કોર્ટનો નિર્ણય હતો અને તેના આધારે કાર્યવાહી કરવામાં આવશે. લાલુ યાદવ હોય કે અન્ય કોઈએ કૌભાંડ કર્યું હોય, તેમની મિલકત જપ્ત કરવામાં આવશે અને કાર્યવાહી કરવામાં આવશે. આ કોર્ટનો નિર્ણય છે, સરકારનો નહીં. કોર્ટે સ્પષ્ટ કહ્યું હતું કે જો તેની સામે કાર્યવાહી કરવી પડશે તો સરકાર તેના પર કાર્યવાહી કરશે. 28 વર્ષ થઈ ગયા, સુપ્રીમ કોર્ટે પણ સજા આપી છે. કોર્ટે મિલકત જપ્ત કરી છે. હવે તે જપ્ત કરવામાં આવશે અને પૈસા સરકારી તિજોરીમાં જમા કરવામાં આવશે.

# વિધાનસભા ગૃહમાં ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, 2025 બિલ પસાર કરાયું



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

વિધાનસભા ગૃહ ખાતે મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, ૨૦૨૫ બિલ રજૂ કર્યું હતું. આ સુધારા વિધેયક રજૂ કરતાં મંત્રી રાજપૂતે જણાવ્યું કે રાજ્યના શહેરોની આસપાસના વિસ્તારોમાં વસતા નાગરિકો સરકારના જુદા જુદા કાયદા હેઠળ શરતભંગ થતો હોવાથી ચોક્કસ અવેજ ચૂકવીને મકાન કે સોસાયટીઓમાં વસવાટ કરી રહ્યા છે. આવાં બાંધકામોને નિયમિત કરવા માટે પરિવર્તનીય વિસ્તાર તરીકે જાહેર કરી તેને વિનિયમિત કરી આપવા અને તેને કાયદેસરતા આપવાના ઉમદા હેતુ સાથે આ સુધારો કરવામાં આવનાર છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે 'સર્વજન હિતાય, સર્વ જન સુખાય'ને લક્ષ્યમાં રાખી રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતમાં સત્તામાં આવતાંની સાથે ઔદ્યોગિકરણ અને શહેરીકરણનો વ્યાપ ખૂબ ઝડપથી વધવા લાગ્યો. જેથી રાજ્યના નાગરિકો પોતાના પરિવારના શૈક્ષણિક, આર્થિક, સામાજિક અને સર્વાંગી વિકાસ માટે શહેરો તરફ વળવા લાગ્યા. જેના લીધે શહેરી વિસ્તારોની આજુબાજુમાં રહેઠાણની જરૂરિયાતમાં વધારો થયો છે.

તેમણે જણાવ્યું કે જે-તે સમયે કાયદાની અજ્ઞાનતાના કારણે જરૂરી હોય તેવી કાયદાકીય મંજૂરી લીધા વિના રહેણાકનાં બાંધકામો કરવામાં આવ્યાં હતાં. જેનું યોગ્ય અવેજ આપીને મકાનો ખરીદવામાં આવ્યાં અને રહેણાકના હેતુ માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

આથી આવા મકાનોમાં રહેતા નાગરિકોના રહેઠાણને કાયદેસરતા આપવાની જરૂરિયાત હતી.

આવા વિસ્તારોને પરિવર્તનીય તરીકે જાહેર કરી વિનિયમિત કરવા અંગે ગુજરાત અધિનિયમ ક્રમાંક-૨૩થી ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) અધિનિયમ-૨૦૧૭ને તા.૧૮ એપ્રિલ, ૨૦૧૭ના રાજપત્રથી પ્રસિદ્ધ કર્યું છે અને આ અધિનિયમ તા. ૯ મે, ૨૦૧૭થી અમલમાં આવ્યો છે. આ અધિનિયમના પ્રકરણ-૯(ક)ની કલમ-૧૨૫(છ)(૧)ની જોગવાઈઓમાં વખતોવખત બદલાયેલા સંજોગો, વર્તમાન પરિસ્થિતિ તેમજ આ કાયદાનો વધુ સારી રીતે અમલ થાય, તે માટે તેમજ પારદર્શી અને લોકાભિમુખ વહીવટને વધુ સુદ્ઢ બનાવવાના હેતુથી રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

# ગુજરાત ગૌ-વંશ સંવર્ધન નિયમનકારી સત્તામંડળની સથાપના થશે



પશુપાલન મંત્રી રાઘવજી પટેલે વિધાનસભા ગૃહ ખાતે ગુજરાત ગો-વંશ સંવર્ધન (નિયમન) વિધેયક-૨૦૨૫ રજૂ કર્યું હતું. આ કાયદો અમલમાં આવવાથી ગુજરાતમાં પશુ સંવર્ધનના વિવિધ પાસાઓના સુચારુ નિયમન માટેની સુદ્રઢ વ્યવસ્થા ઉભી થશે. દૂધ ઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભરતા મેળવી પશુપાલકોની આવક વધારવા રાજ્ય સરકારે પશુ સંવર્ધન, ઓલાદ સુધારણા અને કૃત્રિમ બીજદાન જેવા આયામો ઉપર વિશેષ ભાર મૂક્યો છે.

આ કાયદો અમલમાં આવતા પશુપાલકોને પોતાના પશુના સંવર્ધન માટે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા કૃત્રિમ બીજદાનના ડોઝ મળવાથી પશુની આવનાર પેઢીની ગુણવત્તા જળવાઈ રહેશે. વિધેયક અંગે વિગતવાર માહિતી આપતા પશુપાલન મંત્રીએ જણાવ્યું હતું કે, પશુ સંવર્ધન થકી પશુની દૂધ ઉત્પાદન ક્ષમતા વધારવા, રોગપ્રતિકારક શક્તિ વધારવા અને હવામાન પરિવર્તન અનુકૂલન ક્ષમતા વધારવા માટે અનેક વર્ષોથી રાજ્યના પશુપાલકો તેમના પશુઓમાં કૃત્રિમ બીજદાન કરાવી રહ્યા છે.

પરંતુ કૃત્રિમ બીજદાન માટે ઉપયોગમાં લેવાતા પશુઓના વીર્યની ગુણવત્તાને નિયંત્રિત કરવા માટે હાલમાં કોઈ પર્યાપ્ત નિયમન અમલમાં ન હતું. પરિણામે અજાણ્યા રોગ ધરાવતા તેમજ ઓછી ગુણવત્તાવાળા નર પશુઓના આડેધડ અને અંધાધૂંધ ઉપયોગ ઉપરાંત કૃત્રિમ બીજદાન ટેક્નિશિયન દ્વારા સીમેન સ્ટ્રોનો દુરુપયોગ એ પશુ સંવર્ધનની ગુણવત્તા માટે એક મોટી ચિંતાનો વિષય બન્યો હતો. જેથી પશુસંવર્ધનના વિવિધ પાસાઓના સુચારુ નિયમન માટેની વ્યવસ્થા ઉભી કરવાની અનિવાર્યતાના ધ્યાને લઈને આ નવો કાયદો ઘડવામાં આવ્યો છે, તેમ મંત્રીએ જણાવ્યું હતું.

**વન નેશન વન ઈલેક્શનના કાયદાને રાજપીપળા નગરપાલિકા એ આપ્યું સમર્થન : બજેટ સત્ર સભામાં કર્યો ઠરાવ**

# રાજપીપળા નગરપાલિકાનું રૂા. 39 કરોડનું પુરાંતવાળું બજેટ સર્વાનુમતે મંજુર : કોઈ જાતનો નવો વેરો પ્રજા પર ઝીંકાયો નહિ

ભરત શાહ | નર્મદા

રાજપીપળા નગર પાલીકા સભાખંડમાં પાલિકા પ્રમુખ ધર્મિષ્ઠાબેન પટેલની અધ્યક્ષતામાં સામાન્ય સભા યોજાઈ, જેમાં કારોબારી ચેરમેન કુલદીપસિંહ ગોહિલ, ઉપપ્રમુખ ગિરિરાજસિંહ ખેર, ભરતભાઈ વસાવા મુખ્ય અધિકારી રાહુલ ઢોડીયા પાલિકાના ચૂંટાયેલાં સભ્યો સહિત અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજપીપલા પાલીકા સભાખંડમાં મળેલી બોર્ડ મિટિંગમાં આગામી નાણાંકિય વર્ષ 2025-26 માટે 92.52 કરોડ ની અંદાજિત આવક સામે 53.48 કરોડના અંદાજિત ખર્ચ કરતા 39.04નું પુરાંત વાળું બજેટ રજુ કરાયું હતું જે બજેટ સર્વાનુમત્તે મંજુર કરવામાં આવ્યું હતું. સાથે સાથે છ માસિક નવ માસિક હિસાબો પણ સર્વાનુમતે મંજૂર થયા છે.જે પણ બાકીના વિકાસ ના કામો છે તેને બજેટ માં લઇ આગામી સમય માં રાજપીપળા ને નંદનવન કેવી રીતે



બનાવાય એ બાબતની ચર્ચા આ સામાન્ય સભા માં થઈ છે.સાથે હાલ સરકાર દ્વારા વન નેશન વન ઈલેક્શન ને પણ આ બજેટ માં સર્વાનુમત્તે મંજૂરી પણ આપવામાં આવી છે કારણ કે એકજ ઈલેક્શન જો થાય તો ઈલેક્શન માં ગણા રૂપિયા બચી શકે અને જેનો સીધો ફાયદો પ્રજા ને થાય આજે રાજપીપલા નગરપાલિકા જે ક વર્ગ માં હતી જેને ગુજરાત સરકાર દ્વારા બ વર્ગ માં સમાવેશ કરવામાં આવ્યો છે જેને લઈ જે રાજપીલલા શહેર ની નજીકના ગામો ને આવરી લેવામાં આવશે અને આ શહેર માં આવતા જે જમીન નો અભાવ છે જેનો પણ વધારો થશે અને જે વિકાસ અટકીરહ્યોં છે જે પણ વિકાસ થશે

આ બાબતે કારોબારી અધ્યક્ષ, રાજપીપળા નગર પાલિકા ના કુલદીપસિંહ ગોહિલે જણાવ્યું હતું કે નવા વર્ષ માટેનું 92 કરોડ નું બજેટ સર્વાનુ મતે મંજુર કરવામાં આવ્યું છે જેમાં રાજપીપલા નગર પાલિકાને ક કેટેગરી માંથી બ કેટેગરી માં અપગ્રેડ કરવામાં આવી જેનાથી નગરના વિકાસને સીધો ફાયદો થશે, વિકાસ વધશે. મહેકમ વધશે, વસ્તી વધતા સરકારે આ નિર્ણય લીધો હોય વેરાની આવક માં વધારો થશે પણ વેરો વધશે નહિ. મુખ્ય મંત્રી અને નાણાં મંત્રીનો આભાર માનતો ઠરાવ પણ કર્યો જ્યારે વન નેશન વન ઈલેક્શન ના કાયદાને અપનાવી રાજપીપલા પાલિકા સરકાર સાથે સહમત છે અને જેનાથી ઘણો આર્થિક ખર્ચ બચે અને આચારસંહિતા નો એક પિરિયડ હોય ઝડપથી વિકાસ ના કામો પણ થાય એટલે સર્મથન માટેનો ઠરાવ પણ કર્યો છે.

# સમાન સિવિલ કોડ સમિતિના સભ્યોની જિલ્લા સેવા સદન ખાતે બેઠક યોજાઈ



કમલેશ પટેલ | સંખેડા

ભારતના બંધારણમાં ઉલ્લેખિત સમાન નાગરિક સંહિતાને લાગુ કરવા માટેના મૂલ્યાંકન માટેની સમાન સિવિલ કોડ સમિતિના સભ્યશ્રી ગીતાબેન શ્રોફ અને શ્રી દક્ષેશ ઠાકરે દ્વારા છોટાઉદેપુર કલેકટર કચેરી ખાતે છોટાઉદેપુર જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો, આદિવાસી સમાજના આગેવાનો, સામાજિક કાર્યકર, શૈક્ષણિક સંસ્થાઓના વડા, છોટાઉદેપુર જિલ્લાના બાર એસોસિએશનના પ્રતિનિધિઓ પાસેથી યુસીસી (Uniform Civil Code)ના અમલીકરણ માટેના સૂચનો પ્રતિભાવો મેળવવા માટેની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં સમાન નાગરિક સંહિતા સમિતિના સભ્ય અને સામાજિક કાર્યકર શ્રીમતી ગીતાબેન શ્રોફે જણાવ્યું કે, યુસીસી સમિતિના અધ્યક્ષ અને સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રીમતી રંજનાબેન દેસાઈની અધ્યક્ષતા હેઠળ આ સમિતિના સભ્ય દ્વારા યુસીસી સંદર્ભે જુદાં-જુદાં જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો, ધાર્મિક સંસ્થાઓના વડા પ્રતિનિધિઓશ્રી, સામાજિક કાર્યકરો, સમાજના આગેવાનો પાસેથી તેમના સૂચનો-અભિપ્રાયો મેળવવામાં આવી રહ્યા છે. વધુમાં તેમણે જણાવ્યું કે, સમાન સિવિલ કોડ વિશે ખ્યાલ ન હોય તેથી તે સંદર્ભે ઘણી ગેરસમજો પ્રવર્તે છે. કોઈ પણ ધર્મના રીતિ રિવાજો, સામાજિક પરંપરાઓ સાથે કોઈ દખલ કરવામાં આવશે નહિ.

મુખ્યત્વે લગ્ન, છુટાછેડા, ભરણપોષણ અને લિવ ઈન રિલેશનશિપ જેવા વિષય પર પરામર્શ કરવામાં આવી રહ્યા છે. આ અન્વયે રજિસ્ટ્રેશન માટેની વ્યવસ્થા અને લિવ ઈન રિલેશનશિપના સામાજિક સંદર્ભ વિશે પણ વાત કરી હતી. યુસીસી સંદર્ભે પોતાના અભિપ્રાયો, મંતવ્ય અને સૂચનો પોર્ટલ અથવા પોસ્ટ મારફતે પુરાવા અને ડોક્યુમેન્ટ મોકલવા અનુરોધ કાર્યો હતો.

# સમાન સિવિલ કોડ સમિતિના સભ્યોની અધ્યક્ષતામાં પાલનપુરમાં બેઠક યોજાઇ



માહિતી બ્યુરો | પાલનપુર

ગુજરાતમાં સમાન સિવિલ કોડ લાગુ કરવાની જરૂરિયાતનું મૂલ્યાંકન કરવા માટે ગુજરાત સરકાર દ્વારા નિમાયેલી સમાન સિવિલ કોડ સમિતિના સભ્ય સી.એલ.મીના આઈ.એ.એસ (નિવૃત)ની અધ્યક્ષતામાં આજરોજ કલેક્ટર કચેરી, પાલનપુર ખાતે એક બેઠક યોજાઇ હતી. જેમાં પ્રશ્નોતરી ફોર્મ અને સંવાદ પ્રક્રિયા દ્વારા જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકોના મંતવ્યો અને અભિપ્રાયો લેવામાં આવ્યા હતા. ઉપસ્થિત લોકોએ પોતાના મંતવ્યો અને અભિપ્રાય આપી સમાન સિવિલ કોડ લાગુ કરવાની સરકારની પહેલને આવકારી પોતાના સૂચનો રજૂ કર્યા હતા. મૂલ્યાંકન બાદ જરૂરિયાતના આધારે સમિતિ કાયદાની રૂપરેખા સૂચવશે.

બેઠકના અધ્યક્ષશ્રી સી.એલ. મીનાએ ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં સમાન સિવિલ કોડ લાગુ કરવાની જરૂરિયાતનું મૂલ્યાંકન કરવા માટે નિમાયેલી સમિતિની રચના અને કાર્ય પદ્ધતિથી સૌને અવગત કર્યા હતા.

તેમજ આ મહત્વપૂર્ણ વિષય પર અસર કરતા સંબંધિત મુદ્દાઓનું મૂલ્યાંકન કરવા માટે સરકારી એજન્સીઓ, બિન-સરકારી સંસ્થાઓ, સામાજિક જૂથો અને સમુદાયો, ધાર્મિક સંસ્થાઓ અને રાજકીય પક્ષો સહિત જિલ્લામાં સ્થિત સંસ્થાઓને તા.૧૫ એપ્રિલ ૨૦૨૫ પહેલાં વેબ-પોર્ટલ (https://uccgujarat.in) અથવા ટપાલ (સરનામું - સમાન સિવિલ કોડ સમિતિ ઑફિસ, કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, વિભાગ એ, છઠ્ઠો માળ, સેક્ટર ૧૦ એ, ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૦૧૦) દ્વારા તેમના મંતવ્યો, સૂચનો અને રજૂઆતો મોકલી આપવા અપીલ કરી હતી. કલેક્ટર કચેરી પાલનપુર ખાતે ઉપસ્થિત પ્રબુદ્ધ નાગરિકોએ ફોર્મ ભરી પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

# નર્મદા પરિક્રમાર્થીની સુરક્ષા માટે SDRFની ચાર ટીમો તહેનાત



ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લામાં દર વર્ષે ચૈત્ર માસમાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ નર્મદા ઉત્તરવાહિની પરિક્રમામાં આવે છે. આ વર્ષે પરિક્રમા માટે આવનાર શ્રદ્ધાળુઓની ભીડના સંચાલન અને શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખી, સરકાર/તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. નર્મદા પરિક્રમાની પવિત્ર યાત્રા દરમિયાન ભક્તોની સલામતી માટે SDRF ની ટીમોને મહત્વપૂર્ણ સ્થળોએ તહેનાત કરવામાં આવી છે. SDRF ગ્રુપ-13, રાજકોટની એક ટીમ રામપુરા ખાતે, જ્યારે SDRF ગ્રુપ-11, વાવની એક ટીમ રેંગણ તરફ તૈનાત રહેશે. તેમજ તિલકવાડા વિસ્તારમાં નદીના બંને કાંઠે બે ટીમો તહેનાત રહેશે. આ તમામ ટીમો પાસે Inflatable Boats, આઉટડોર મોટર્સ (OBM) અને સ્પેર OBMs, 50 લાઈફ જેકેટ્સ, 30 બોઈઝ, રેસ્ક્યુ દોરડા, જનરેટર્સ, ટેન્ટ્સ, લાઈટિંગ સેટઅપ, વીજળી/જનરેટર, અને પીવાનું પાણી જેવી આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. દરેક ટીમ સાથે PSI અને તેમની ટીમ પણ હાજર રહેશે, જેથી પૂર, રેસ્ક્યુ કે કોઈ પણ અસાધારણ પરિસ્થિતિમાં ઝડપી અને અસરકારક મદદ પૂરી પાડી શકાય.

# મંડળ રેલ પ્રબંધક કાર્યાલય અમદાવાદમાં હેલ્થ ચેક અપ કેમ્પ

ભરત શાહ | નર્મદા

પશ્ચિમ રેલ્વે ના મંડળ રેલ પ્રબંધક કાર્યાલય અમદાવાદ ખાતે 27 અને 28 માર્ચ 2025 ના રોજ વાર્ષિક હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય કર્મચારીઓ ના આરોગ્ય ની નિયમિત તપાસ કરાવવાનો અને તેમને જરૂરી સલાહ અને તબીબી સુવિધાઓ પૂરી પાડવાનો હતો. આ સાથે ક્ષય રોગ (ટીબી) પર એક શૈક્ષણિક પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કર્મચારીઓને આ ગંભીર રોગના લક્ષણો, નિવારણ અને સમયસર સારવારના મહત્વ વિશે જાગૃત કરવામાં આવ્યા હતા. કેમ્પમાં 175 રેલવે કર્મચારીઓની વિગતવાર તપાસ કરવામાં આવી હતી. ડૉક્ટરે તેમને હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને અન્ય સામાન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓ માટે તપાસ્યા અને જરૂરી સલાહ આપી. આ કેમ્પમાં હાઈ બ્લડ પ્રેશરના 8 નવા કેસ અને ડાયાબિટીસના 3 નવા કેસ નોંધાયા હતા અને 15 રેલ્વે કર્મચારીઓના ઈસીજી કરવામાં આવ્યા હતા. આ દરમિયાન, ખાસ કરીને ડાયાબિટીસ અને હૃદય સંબંધિત રોગોને રોકવા માટે યોગ્ય આહાર, નિયમિત કસરત અને દવાઓના યોગ્ય ઉપયોગ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, કર્મચારીઓને જરૂરી દવાઓ ભવિષ્યમાં આરોગ્ય સંભાળ માટે સૂચનો પણ પૂરા પાડવામાં આવ્યા હતા.

આ આરોગ્ય તપાસ કેમ્પનું આસિસ્ટન્ટ ડિવિઝનલ મેડિકલ ઓફિસર (એડીએમઓ) ડૉ. અર્થ અને હેલ્થ યુનિટ અમદાવાદ ના સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું હતું.

# આર્મી ભરતી રેલી (અગ્નિવીર) માટે ઓનલાઈન નોંધણી શરૂ

માહિતી બ્યુરો | પાલનપુર

ભારતીય સેનામાં સેવાની ઈચ્છા રાખતા ગુજરાત અને કેન્દ્રશાસિત પ્રદેશોના યુવાનો માટે સારા સમાચાર છે. ભારતીય આર્મી દ્વારા આર્મી ભરતી રેલી (અગ્નિવીર) ભરતી વર્ષ ૨૦૨૫-૨૬ માટે સત્તાવાર જાહેરાત ૧૧ માર્ચ ૨૦૨૫ના રોજ www.joinindianarmy.nic.in વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવી છે. ઓનલાઈન નોંધણી ૧૨ માર્ચ ૨૦૨૫ થી શરૂ થઈ છે અને ૧૦ એપ્રિલ ૨૦૨૫ ના રોજ ૨૩:૫૯ કલાકે બંધ થશે.

ભરતી પ્રક્રિયા બે તબક્કામાં યોજાશે. જેમાં પ્રથમ તબક્કામાં ઓનલાઈન કોમ્પ્યુટર આધારિત લેખિત પરીક્ષા (CEE) - જૂન ૨૦૨૫માં યોજાશે. જ્યારે બીજા તબક્કામાં શારીરિક કસોટી, દસ્તાવેજ ચકાસણી અને તબીબી પરીક્ષણ (રિક્રુટમેન્ટ રેલી એડમિટ કાર્ડ દ્વારા જાહેરાત થશે). જેમાં નીચે મુજબની વિવિધ ભરતીની કેટેગરીઓમાં રિક્રુટમેન્ટ કરવામાં આવશે. અગ્નિવીર જનરલ ડ્યુટી, અગ્નિવીર ટેકનિકલ, અગ્નિવીર ક્લાર્ક/સ્ટોર કીપર ટેકનિકલ, અગ્નિવીર ટ્રેડ્સમેન (૧૦મું પાસ), અગ્નિવીર ટ્રેડ્સમેન (૮મું પાસ).

આ ભરતીમાં ગુજરાતના ૨૦ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં અમદાવાદ, મહેસાણા, આણંદ, મહીસાગર, અરવલ્લી, નર્મદા, બનાસકાંઠા, નવસારી, ભરૂચ, પંચમહાલ, છોટાઉદેપુર, સાબરકાંઠા, દાહોદ, સુરત, ડાંગ, તાપી, ગાંધીનગર, વડોદરા, ખેડા, વલસાડ અને કેન્દ્રશાસિત પ્રદેશો (દમણ-દીવ અને દાદરા-નગર હવેલી) ના યુવાઓ આ રેલીમાં ભાગ લઈ શકશે.

## સરકારી આયુર્વેદ હોસ્પિટલ વડગામ ખાતે મધુપ્રમેહ રોગ નિયંત્રણ માટે

# નિઃશુલ્ક આયુર્વેદિક અને હોમિયોપેથિક સારવાર કેમ્પનું આયોજન થશે

માહિતી બ્યુરો | પાલનપુર

સરકારી આયુર્વેદ હોસ્પિટલ વડગામ દ્વારા મધુપ્રમેહ (ડાયાબિટીસ) માટે નિદાન-સારવાર-સલાહ કેમ્પનું આયોજન આગામી તા.૨ એપ્રિલના રોજ કરવામાં આવશે. આ કેમ્પમાં દર્દીઓને નીચે મુજબની સુવિધાઓ મળશે જેમાં મફત બ્લડ સુગર ચેકઅપ, મધુપ્રમેહ માટે આયુર્વેદિક અને હોમિયોપેથિક મફત ઔષધીય સારવાર, ડાયાબિટીસના દર્દીઓ માટે જીવનશૈલી (લાઈફસ્ટાઈલ) તથા આહાર-વિહાર અંગે માર્ગદર્શન, મધુપ્રમેહ નિયંત્રણ માટે યોગ તથા આયુર્વેદિક ઉપાય અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પ દર માસના પહેલા બુધવારે આગામી તા. ૦૨/૦૪/૨૦૨૫ ના રોજ કરવામાં આવશે. જેનો સમય સવારે ૦૯:૦૦ થી ૧૨:૩૦ અને સાંજે ૩:૩૦ થી ૫:૦૦ રહેશે. આ કેમ્પ સંપૂર્ણ નિઃશુલ્ક રહેશે. આથી વડગામ તાલુકાની સમગ્ર જનતાને આ લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

આ સાથે હોસ્પિટલ ખાતે ૩૧/૦૩/૨૦૨૫ (સોમવાર, ચૈત્ર સુદ બીજ) થી તા. ૦૬/૦૪/૨૦૨૫ (રવિવાર, ચૈત્ર સુદ નોમ) સુધી સાત દિવસ, સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ સુધી નિમ્બપુષ્પ રસપાન (લીમડાના મોર)નું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે તેમ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ભારતના એનિમે, મંગા અને વેબટૂન ટેલેન્ટના અદભૂત પ્રદર્શન સાથે WAM! અમદાવાદ 2025નું સમાપન

(એજન્સી) અમદાવાદ આૅ તા.28

ભારતના પ્રીમિયર એનિમે, મંગા અને વેબટૂન સ્પર્ધા, WMA! અમદાવાદ 2025, કર્ણાવતી યુનિવર્સિટીમાં આજે સંપન્ન થઈ હતી. જેણે આ ક્ષેત્રના સર્જનાત્મક લેન્ડસ્કેપ પર અમિટ છાપ છોડી છે. ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય અને કર્ણાવતી યુનિવર્સિટીના સહયોગથી મીડિયા એન્ડ એન્ટરટેઈનમેન્ટ એસોસિએશન ઓફ ઈન્ડિયા (એમઈએઆઈ) દ્વારા આયોજિત આ ઐતિહાસિક સમારંભમાં સમગ્ર ભારતમાંથી 206 પ્રતિભાશાળી સહભાગીઓ અને 11 જુસ્સાદાર કોસ્પ્લે કલાકારો એકઠા થયા હતા.

ભારતના ઉભરતા ક્રિએટિવ સ્ટાર્સ માટેનું એક મંચ : WAM!ની સફળતાને અનુસરીને મુંબઈ, ગુવાહાટી, કોલકાતા, ભુવનેશ્વર, વારાણસી, દિલ્હી અને નાગપુર, અમદાવાદ આવૃત્તિએ ક્રિએટ ઇન ઈન્ડિયા પહેલ હેઠળ ભારતના એનિમેશન, મંગા અને વેબટૂન ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી હતી.

WAM! અમદાવાદ ભારતનું સૌથી મોટું એવીજીસી-એક્સઆર અને મીડિયા ઉદ્યોગનું પ્લેટફોર્મ વેવ્સ (વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ટરટેઈનમેન્ટ સમિટ - https://wavesindia.org/)નું અભિન્ન અંગ છે.



આ ઈવેન્ટમાં યુવા કલાકારો, એનિમેટર્સ અને વાર્તાકારોને તેમની સર્જનાત્મકતા પ્રદર્શિત કરવા અને ઉદ્યોગની ઓળખ મેળવવા માટે એક રાષ્ટ્રીય પ્લેટફોર્મ પ્રદાન કરવામાં આવ્યું હતું.

ઉત્કૃષ્ટતાની ઉજવણી - સ્પર્ધાના વિજેતાઓ : મુખ્ય શ્રેણીઓમાં રોમાંચક સ્પર્ધા આ કાર્યક્રમની વિશેષતા હતી

મંગા (જાપાની-શૈલીની કોમિક્સ), વિદ્યાર્થી શ્રેણી: અમેયા ભારદ્વાજ, વ્યાવસાયિક શ્રેણી: પલાશ, Webtoon (ડિજીટલ કોમિક્સ), વ્યાવસાયિક શ્રેણી: મનન અગ્રવાલ, એનીમ (જાપાની-શૈલીનું એનિમેશન), વ્યાવસાયિક શ્રેણી: પ્રેતન મહેતા, ઋષિકા લુનિયા, જૈમિન રાવલ

કોસ્પ્લે હરીફાઈ : વિજેતાઃ પ્રજ્ઞેશ પરમાર, પ્રથમ રનર-અપઃ હેતવી ગોહેલ, બીજા રનર-અપ: અભિજિત રાજવર, આ વિજેતાઓને માત્ર પ્રતિષ્ઠિત પુરસ્કારો જ નહીં, પણ ઉદ્યોગમાં કારકિર્દીની વિશિષ્ટ તકો પણ મળી હતી.

આદરણીય જૂરી પેનલ કે જે શ્રેષ્ઠ પ્રતિભાને ઓળખે છે: આ સ્પર્ધાનું મૂલ્યાંકન ઉદ્યોગના નિષ્ણાતોની આદરણીય પેનલ દ્વારા કરવામાં આવ્યું હતું, જે મૂલ્યાંકનના સર્વોચ્ચ ધોરણોને સુનિશ્ચિત કરે છેઃ

સુશીલ ભસીન - ભસીન ગ્રુપના ચેરમેન અને મીડિયા એન્ડ એન્ટરટેઈનમેન્ટ એસોસિએશન ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ, અંકુર ભસીન - સીઈઓ, એન્કર ફિલ્મ્સ એન્ડ સેક્રેટરી, મીડિયા એન્ડ એન્ટરટેઈનમેન્ટ એસોસિએશન ઓફ ઈન્ડિયા, ગુરલીન સિંહ - એનિમેશન નિષ્ણાત, માર્ગદર્શક અને ઉદ્યોગ સલાહકાર, શ્રી ધ્રુવ ઠક્કર - સ્થાપક, ગુજરાત એનિમે ક્લબ તેમની ઊંડી સૂઝ અને વર્ષોની કુશળતાએ ભારતના એનિમ, મંગા અને વેબટૂન સર્જકોની આગામી પેઢીને ઓળખવામાં મદદ કરી.

કર્ણાવતી યુનિવર્સિટીની યુનાઈટેડવર્લ્ડ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (યુઆઈડી)એ આ કાર્યક્રમના આયોજનમાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી, જેમાં સહભાગીઓ, ઉદ્યોગ વ્યાવસાયિકો અને પ્રેક્ષકો માટે અવિરત અનુભવ સુનિશ્ચિત કરવામાં આવ્યો હતો.

# નવીન નોટરી લાયસન્સ ધારકોને તાત્કાલિક ઇ સ્ટેમ્પિંગ આપવા સીએમને લેખિત રજૂઆત




કમલેશ પટેલ | સંખેડા

ભારત સરકાર ડેપ્યુટી લીગલ એડવાઈઝર મિનિસ્ટ્રી ઓફ લો એન્ડ જસ્ટીસ ડિપાર્ટમેન્ટ ઓફ લીગલ ઓફ એફર્શ ન્યુ દિલ્હી દ્વારા ગુજરાતમાં અનેક વકીલશ્રીઓને નોટરી નું લાયસન્સ આપવામાં આવેલું છે પરંતુ સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ દ્વારા ઘણા સમયથી ઈ સ્ટેમ્પિંગ ના પરવાના આપવાનું બંધ કરેલ છે જેના કારણે નવીન નોટરીઓને સાથે અસીલોને ઈ સ્ટેમ્પિંગ મેળવવામાં અગવડતા પડતી હોય જેથી વહેલી તકે આ બાબતે નિર્ણય લઇ નવીન નોટરીશ્રીઓને તાત્કાલિક ધોરણે ઇ સ્ટેમ્પિંગ પરવાના આપવામાં આવે તો એક જ સ્થળ ઉપરથી અસીલને પણ ઈ સ્ટેમ્પિંગ મળતા સરળતા રહેશે સાથે સરકારને પણ આવકના સ્ત્રોત વધી શકે તેમ છે પારદર્શકતા સાથે અસીલ નું કામ થઈ શકે તેમ છે આ બાબતે સંખેડાના ધારાશાસ્ત્રી જયેશ જે રોય દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત લેખિતમાં કરવામાં આવેલ છે.

# બારા મુખ્ય પ્રાથમિક શાળાના આચાર્યની ગંભીર બેદરકારીઓ સામે આવી

દિપક રાવલ | દાહોદ લીમખેડા

લીમખેડા તાલુકાના બારા મુખ્ય પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન કેન્દ્રના મહિલા સંચાલક પ્રાંત કચેરીનો હુકમ લઈને હાજર થવા જતા હુમલો થતાં મીડિયાના પ્રતિનિધિને જાણ કરવામાં આવતા પ્રતિનિધિએ બારા મુખ્ય પ્રાથમિક શાળામાં મુલાકાત કરતા આચાર્ય અરવિંદભાઈ મુનિયા ને સવાલ પૂછવામાં આવ્યા હતા કે તમારી સ્કૂલમાં ભુરીબેન પ્રવીણભાઈ નીનામા સંચાલક તરીકે પ્રાંત કચેરીનો હુકમ લઈને હાજર થવા આવ્યા હતા અમારી સ્કૂલમાં કોઈ હુમલો થયો નથી કોઈ બેન આવ્યા હતા.



25 3 2025 ના રોજ 3:00 વાગ્યા પછી પણ હું પહાડ ગામે મારા વેવાઈની છોકરી ની જાન આવવાની હોય એટલે લગ્નમાં જતો રહ્યો હતો. પ્રતિનિધિ આચરશ્રીને બપોર પછી લગ્નમાં ગયા ત્યારે સ્કૂલમાં કોને ચાર્જ આપીને ગયા હતા આચાર્યશ્રી દ્વારા જાણવામાં આવ્યું હતું કે બપોર પછી કોઈને ચાર્જ આપવામાં આવતો નથી તેમ જણાવ્યું હતું

25 3 2025 ના રોજ ભૂરીબેન પ્રવીણભાઈ નીનામા ત્રણ વાગ્યા પછી આવ્યા હતા ત્રણ વાગ્યે પહેલા આવ્યા હતા મારા વેવાઈ ની છોકરી ની જાન પહાડ મુકામે આવવાની હોય હું રજા ઉપર હતો તેમ જણાવ્યું હતું. મીડિયાના પ્રતિનિધિએ બારા મુખ્ય પ્રાથમિક શાળાના આચાર્ય અરવિંદભાઈ મુનિયાને જણાવ્યું હતું કે તમે ત્રણ વાગ્યા પછી લગ્નમાં ગયા ત્યારે શાળામાં રજા રિપોર્ટ મૂકીને ગયા હતા તો જણાવેલ કે રજા રિપોર્ટ મોકલાવેલ છે ઓનલાઇન હાજરી કરવાની આવે ત્યાં ઘરે મારી બેગમાં છે જુના વડીયા પગાર કેન્દ્રમાં રિપોર્ટ કરવાનો હોય સ્કૂલમાં પણ રજા રિપોર્ટ રાખું છું પણ ઉતાવળમાં ઘરે રહી ગયો તેમ કહી ગોળ ગોળ જવાબ આપી લૂલો બચાવ કર્યો હતો.

સ્કૂલમાં કેટલા બાળકો હાજર છે તેની પણ આચાર્ય અરવિંદભાઈ મુનિયા ને ખબર નથી કર્મચારી હાજરી પત્રક અને દૈનિક નોંધપોથીમાં ખુદ આચાર્ય સહી કરી નથી વાડજ ચીભડા ગળતી હોય તેમ લાગી રહ્યું છે દૈનિક નોંધપોથીમાં હાજર બાળકોની સંખ્યા પણ લખેલ નહોતી મધ્યાહન ભોજનમાં મેનુ પત્રક નહોતું નવું મેનુ બહાર પાડ્યું છે એટલે અમારી પાસે મેનુ પત્રક નથી તેમ જણાવ્યું હતું. જાણવા મળતી વિગત પ્રમાણે આ શાળાના આચાર્ય ગામમાં પંચાળા ભીડું અને ગામના નાગરિક દ્વારા અનેકવાર આરટીઆઈ કરી હોવાનું જાણવા મળેલ છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## આચાર્યએ કહ્યું- વિદ્યાર્થીઓએ એકબીજાને ચેલેન્જ અને સોગંદ આપી હાથ પર બ્લેડના ઘા માર્યા...

# ડીસામાં પણ શાળાનાં બાળકોના હાથ પર બ્લેડના કાપા

ડીસા | અમરેલીના બગસરાની શાળામાં વીડિયો ગેમના રવાડે ચડેલા એક બાળકે સાથી છાત્રોને હાથ પર બ્લેડના કાપા કરે તો 10 રૂ. આપવાની વાત કહેતાં 40 છાત્રોએ પોતાના હાથ પર ઘા કરવાની ઘટના બાદ ડીસામાં પણ શાળાના બાળકોએ એકબીજાને ચેલેન્જ આપી હાથ પર બ્લેડના કાપા માર્યાની ઘટના સામે આવી છે.

ઘટના અંગે ડીસાની રાજપુર પે સેન્ટર શાળાના આચાર્ય શ્રવણભાઇ અનાવાડિયાએ જણાવ્યું હતું કે, શાળાના વિદ્યાર્થીઓમાં ઓનલાઈન ગેમ અંગે જાગૃતિ આવે તે માટે સેમિનારનું આયોજન કર્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને આવી ગેમ ન રમવા અને તેની ગંભીરતા વિશે સમજ આપવામાં આવી હતી. આ દરમિયાન એક-બે વિદ્યાર્થીઓએ અમારુ ધ્યાન દોર્યું કે તેમના ક્લાસના વિદ્યાર્થીઓએ હાથ પર કાપા મારેલા છે. જેથી અમે ચેક કર્યું તો એક વિદ્યાર્થીના હાથ પર કાપા અને લિસોટા હતા. જેથી વિદ્યાર્થીને અમે પૂછ્યું કે તું કેમ આવું કરે છે? તો તેણે કહ્યું કે મારા એક મિત્રએ મને કહ્યું કે જો હું મારા હાથ પર કાપા મારી શકું છું, તારામાં આવી હિંમત છે? તો સામે આ વિદ્યાર્થીએ કહ્યું કે હા હું પણ કેમ ના કરી શકું એમ કહીને હાથ પર ધસકા માર્યા હતા.

આચાર્ય શ્રવણભાઈએ જણાવ્યું કે, અન્ય એક વિદ્યાર્થીના હાથ પર કાપા હતા તો તેને પૂછ્યું કે તે કેમ હાથ પર આવી રીતે કાપા માર્યા છે? તો તેણે કહ્યું કે મારા મિત્રએ મારા માતા-પિતાના સોગંધ આપ્યા હતા એટલે મે આવું કર્યું છે. એટલે અમને લાગ્યું કે વાતમાં કશું નથી અને બાળકોને સમજાવીને જવા દિધા. બીજા દિવસે અમે બગસારાની શાળામાં વિદ્યાર્થીઓએ હાથ પર બ્લેડથી કાપા માર્યાની ઘટના અંગે અખબારમાં વાંચ્યું. જેથી અમે અમારી શાળાના વિદ્યાર્થીઓ અંગે ગંભીર બન્યા અને અમે હેલ્પલાઈન નંબર 1098 પર ફોન કર્યો હતો અને અન્ય વિદ્યાર્થીઓ પણ આવા કોઈ રવાડે ન ચડે એ માટે ગઈકાલે કાઉન્સેલિંગનું આયોજન કર્યું હતું.




**કાઉન્સિલિંગની ટીમે તપાસ હાથધરી** | કાઉન્સેલિંગની ટીમ દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓને મળી તેમને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને આ બાળકો કોઈ ગેમ કો શિકાર બન્યા છે કે અન્ય કોઈ કારણ છે તે અંગે તપાસ કરવામાં આવી રહી છે. કાઉન્સલિંગ બાદ આ ઘટના ચર્ચામાં આવતા ઘણા બાળકો શાળામાં પણ નથી આવ્યા. પોલીસ પણ યુનિફોર્મમાં શાળામાં આવી છે તો બાળકો ડરી ગયા છે. અમારી વિનંતી છે કે શાળાના બાળકોના શિક્ષણ પર અસર ન થાય તેવી રીતે કામગીરી થવી જોઈએ. કાઉન્સેલિંગની ટીમે પીડિત વિદ્યાર્થીઓના વાલીઓના ફોન પણ ચેક કર્યા અને જોયું કે તેમાં આવી કોઈ ઓનલાઈન ગેમ છે કે નહીં. પરંતુ આવી કોઈ ગેમ વાલીઓના મોબાઈલમાં મળી નથી. છતાં ટીમ અભ્યાસ કરી રહી છે. હાલ બાળકો એટલા ડરી ગયા છે કે શાળાએ આવતા ડરી રહ્યા છે, કદાચ વાલીઓ પણ ડરતા હશે કે કોઈ પોલીસ કાર્યવાહી થશો તો? એવા ડરે પણ બાળકોને શાળા મોકલા ન હોય તેમ બની શકે. ઉલ્લેખનીય છે કે બે દિવસ અગાઉ અમરેલીના બગસરામાં આવી જ ઘટના સામે આવી હતી. જેમાં બગસરાના મોટા મુંજિયાસરની પ્રાથમિક શાળામાં વીડિયો ગેમના રવાડે ચડેલા એક બાળકે સાથી છાત્રોને હાથ પર બ્લેડના કાપા કરે તો 10 રૂપિયા આપવાની વાત કહેતાં 40 છાત્રોએ પોતાના હાથ પર પેન્સિલના શાર્પનરથી પોતાને ઘાયલ કરી લીધા હતા.

# ગુજરાતના વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો

## વડોદરામાં ગાઢ ધુમ્મસથી 200 મીટર દૂરનાં વાહનો પણ દેખાતાં નથી; 10 એપ્રિલ સુધી તોફાની પવન સાથે માવઠાંની વકી

વડોદરા | હવામાન વિભાગ અને હવામાનના નિષ્ણાતો દ્વારા ભરઉનાળે વાતાવરણમાં પલટો આવવાની કરેલી આગાહી વચ્ચે આજે (28 માર્ચ, 2025) વડોદરામાં ગાઢ ધુમ્મસ છવાયું છે. ડભોઈથી સ્ટેચ્યુ ઓફ યુનિટી માર્ગ ઉપર ગાઢ ધુમ્મસ છવાઈ જતાં શૂન્ય વિઝિબિલિટી થઈ ગઈ હતી, પરિણામે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે, ગતરોજ હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલ દ્વારા 10 એપ્રિલ સુધીમાં રાજ્યના વિવિધ ભાગોમાં તોફાની પવનો સાથે કમોસમી વરસાદ પડવાની આગાહી કરવામાં આવી હતી.

આજે વહેલી સવારથી જ ડભોઇ પંથકના રેલવે સ્ટેશન, વેગા, શિનોર ચાર રસ્તા, શિનોર રોડ, SOU રોડ સહિતના વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું. ડભોઈથી સ્ટેચ્યુ ઓફ યુનિટી જવાના રસ્તે વિઝિબિલિટી ઓછી થઈ જતાં નોકરી-ધંધાર્થે નીકળેલા લોકોને પોતાનાં વાહનોની હેડલાઈટ ચાલુ કરવાની ફરજ પડી હતી. તે સાથે વાહનો ધીમે હંકારવાની ફરજ પડી હતી. વાતાવરણમાં આવેલો એકાએક પલટો જોઈ લોકો પણ આશ્ચર્યમા મુકાઈ ગયા હતા. એક તબક્કે ઉનાળામાં વરસાદી માહોલ જેવું વાતાવરણ થઈ ગયું હતું.

વરસાદની આગાહી કરતા હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે જણાવ્યું કે, આગામી દિવસોમાં ભારે પવનોનાં તોફાનો અને વિન્ડ ગસ્ટ અને લગભગ ઝડપી પવનો સાથે સાથે વરસાદ. ક્યાંક મેઘગર્જના અને ભારે વિન્ડ ગસ્ટ સાથે સમુદ્ર કિનારે ભારે પવન ફૂંકાવવાની શક્યતા રહેશે. જેમાં લગભગ 28, 29 અને 30 માર્ચમાં ગુજરાતના વિવિધ ભાગોમાં ભારે પવનો ફૂકાશે. સામાન્ય પવન 10થી 15 કિમીની ઝડપે, વિન્ડ ગસ્ટ 35 કિમીની ઝડપે અને દરિયાકાંઠા વિસ્તારોમાં 40 કિમીની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા રહેશે.

આ ઉપરાંત બંગાળની ખાડીમાં સિઝનનું પ્રથમ સાયક્લોન હળવા પ્રકારનું બનવાની શક્યતા છે, જે વિશાખાપટ્ટનમ આસપાસ આ સાયક્લોન સામાન્ય વાવાઝોડામાં પરિવર્તિત થશે. જેનો ભેજ અને અરબસાગરના ભેજને કારણે 10મી એપ્રિલ સુધીમાં રાજ્યના વિવિધ ભાગોમાં હવામાનમાં ભારે પલટો આવશે. જેમાં દક્ષિણ ગુજરાતના ભાગો નવસારી, સુરત બાજુના ભાગો. દક્ષિણ-સૌરાષ્ટ્રના ભાગો. આ ઉપરાંત મધ્ય-ઉત્તર ગુજરાતના કેટલાંક ભાગોમાં હવામાનમાં પલટો આવશે. દેશના ઘણા ભાગોમાં વાતાવરણમાં પલટાની સાથે આંધી-વંટોળ અને પર્વતીય પ્રદેશોમાં મેઘગર્જના સાથે કમોસમી વરસાદ પડવાની શક્યતા છે.

જોકે, હવામાન વિભાગે આ વર્ષે હીટવેવની અસર કેટલા દિવસ રહેશે તેની માહિતી આપી નથી. હવામાનશાસ્ત્રીઓ કહે છે કે જો ગરમીના દિવસોની સંખ્યા બમણી થાય છે, તો 2025 અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ હશે. આ દિવસોમાં તાપમાન 5 ડિગ્રી અથવા સામાન્ય કરતાં વધુ રહી શકે છે.

### 10 એપ્રિલ સુધીમાં હવામાનમાં મોટો પલટો આવશે

ગુજરાતના કેટલાંક ભાગોમાં છાંટા પડવાની શક્યતા રહેશે. કારણે કે, આ વખતે જેટધારા દક્ષિણવર્તિય રહી છે. જેની અસર અરબસાગરમાં થશે અને અરબસાગરના ભેજના કારણે ગુજરાતના હવામાનમાં માર્ચના અંતથી 10 એપ્રિલ સુધીમાં હવામાનમાં મોટો પલટો આવશે અને કેટલાંક ભાગોમાં છાંટા પડવાની શક્યતા રહેશે. ક્યાંક હળવો વરસાદ પડવાની શક્યતા રહેશે.

આ વખતે દેશમાં અપેક્ષા કરતાં વધુ ગરમી રહેવાની છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, આ વર્ષે દેશનાં ઉત્તર-પશ્ચિમ રાજ્યો એટલે કે હરિયાણા, પંજાબ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, ઉત્તરાખંડ, દિલ્હીમાં ગરમીના દિવસોની સંખ્યા બમણી થવાની સંભાવના છે. 2024નું વર્ષ ભારત માટે સૌથી ગરમ વર્ષોમાંનું એક હતું. ગયા વર્ષે દેશ 554 દિવસ સુધી હીટવેવથી પ્રભાવિત રહ્યો હતો.

# વેરાવળ-ગાંધીનગર કેપિટલ સહિત 5 ટ્રેન પ્રભાવિત, બે ટ્રેન સંપૂર્ણ રદ...

ગીર સોમનાથ | પશ્ચિમ રેલવે ભાવનગર મંડલના વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક માશૂક અહમદ ના જણાવ્યા મુજબ, પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. વિરમગામ-સુરેન્દ્રનગર સેક્શનમાં લીલાપુર રોડ-કેસરિયા રોડ સ્ટેશન વચ્ચે આવેલા બ્રિજ નંબર 24 પર કામ થવાનું છે. આ બ્રિજ પર હાલના સ્ટીલ ગર્ડરની જગ્યાએ PSC સ્લેબ મૂકવામાં આવશે.

આ કામગીરીની અસર પાંચ ટ્રેનો પર પડશે. 28 માર્ચ 2025ના રોજ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ અને 30 માર્ચના રોજ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ સંપૂર્ણપણે રદ રહેશે. 29 માર્ચે વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ સુરેન્દ્રનગર જંકશન સુધી જ દોડશે.

અન્ય બે ટ્રેનોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. 28 માર્ચે કોયમ્બટુર-રાજકોટ એક્સપ્રેસ એક કલાક મોડી દોડશે. 29 માર્ચે ઓખા-એર્નાકુલમ એક્સપ્રેસ 40 મિનિટ મોડી પડશે.

મુસાફરોને વધુ માહિતી માટે ભારતીય રેલવેની વેબસાઈટ www.enquiry.indianrail.gov.



in પર જવાની સલાહ આપવામાં આવી છે. આ માહિતી પશ્ચિમ રેલવે ભાવનગર મંડલના વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક માશૂક અહમદે આપી છે.

# બેડવા ગામની સીમમાં 19,545 વિદેશી દારૂની બોટલો પર બુલડોઝર ફેરવાયું



આણંદ | આણંદ જિલ્લા પોલીસે આજે મોટી કાર્યવાહી કરી છે. પોલીસે બેડવા ગામની સીમમાં એક્સપ્રેસ હાઈવે નજીક 36.82 લાખની કિંમતની વિદેશી દારૂની બોટલોનો નાશ કર્યો છે.

આ કાર્યવાહી આણંદ ડિવિઝન હસ્તકના વિવિધ પોલીસ સ્ટેશનો અને આણંદ રેલવે પોલીસ સ્ટેશન દ્વારા જપ્ત કરાયેલા દારૂના જથ્થા પર કરવામાં આવી છે. જિલ્લા પોલીસ અધિક્ષક જી.જી. જસાણીની સૂચના મુજબ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નાશ કરવાની કાર્યવાહી માટે સંબંધિત કોર્ટમાંથી મંજૂરી મેળવવામાં આવી હતી. આ પ્રક્રિયા દરમિયાન સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ ડૉ. મયુર પરમાર, નાયબ પોલીસ અધિક્ષક જે.એન. પંચાલ અને જિલ્લા નશાબંધી અને આબકારી વિભાગના અધિક્ષક ડી. જે. વાનાણી હાજર રહ્યા હતા. કુલ 19,545 બોટલો જે વિવિધ બ્રાન્ડની ભારતીય બનાવટની વિદેશી દારૂની હતી, તેના પર બુલડોઝર ફેરવીને નાશ કરવામાં આવ્યો છે. આ કાર્યવાહી 2024-25ના વર્ષ દરમિયાન જપ્ત કરાયેલા દારૂના જથ્થા પર કરવામાં આવી છે.

# બસના મુસાફરોને પણ આટલી હેરાનગતિ નહીં હોય!

## ભુજ એરપોર્ટ પર ચેક ઈન માટે લાંબી લાઈનો, એક જ સમયે મુંબઈની બબ્બે ફ્લાઈટ્સથી અફરાતફરીની સ્થિતિ, મુસાફરો હેરાન

કચ્છ (ભુજ ) | ભુજ એરપોર્ટ પર મુસાફરોને ભારે હાલાંકીનો સામનો કરવો પડી રહ્યો છે. ભુજ એસટી બસ પર પણ લોકોને હેરાનગતિ નહીં હોય એટલી એરપોર્ટ પર છે. એક જ સિક્યોરિટી ચેક ઈન મશીન હોવાને કારણે ખાસ કરીને સવારના સમયે મુસાફરો માટે પરિસ્થિતિ વધુ કઠીન બની છે.

મુંબઈ માટેની બે ફ્લાઈટ્સ એક જ સમયગાળા દરમિયાન હોવાને કારણે એરપોર્ટ પર વ્યાપક ભીડ જોવા મળી છે, જે મુસાફરો માટે મુશ્કેલીનું કારણ બની છે. ત્યારે મુસાફરો ફ્લાઈટ્સમાં બેસે એ પહેલાં હેરાનગતિનો સામનો કરી રહ્યા છે. એટલું જ નહીં, કચ્છ આવેલા વિદેશી મુસાફર પણ અગડવતાથી ત્રાહિ મામ્ પોકારી ગયા છે.

સિક્યોરિટી ચેક ઈન પ્રક્રિયા બોર્ડિંગ પાસ મેળવતા પહેલા ફરજિયાત છે. એક જ મશીન હોવાને કારણે લાંબી લાઈનો લાગી રહી છે, તેમાં પણ બાળકો અને વૃદ્ધ મુસાફરોને આ પરિસ્થિતિમાં વધુ તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. આજે એર ઈન્ડિયા અને એલાયન્સ એરની ફ્લાઈટ્સ દરમિયાન પણ અફરાતફરીની સ્થિતિ સર્જાઈ હતી.

એરપોર્ટ ઓથોરિટીના પ્રવક્તા નવીન સાગરે આ સમસ્યાને સ્વીકારી છે. તેમણે મુસાફરોને ફ્લાઈટના સમયથી દોઢ કલાક પહેલા એરપોર્ટ પર પહોંચવા અનુરોધ કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે, "હાલમાં એરપોર્ટનું રિનોવેશન ચાલી રહ્યું છે અને વધુ ક્ષમતાવાળા નવા મશીન સરકારની મંજૂરી અને દિશાનિર્દેશ મુજબ લાગતા હોય છે. આ પ્રક્રિયામાં હજી થોડો સમય લાગી શકે



છે." મોંઘી ટિકિટ ખરીદ્યા છતાં મુસાફરોને બસ ડેપો જેવો અનુભવ થઈ રહ્યો છે. એરલાઈન કંપનીઓ, ટિકિટ બુકિંગ વેબસાઈટ્સ અને એજન્ટો દ્વારા મુસાફરોને વહેલા પહોંચવા માટે વિનંતી કરવામાં આવી રહી છે, પરંતુ આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ ન મળતાં મુસાફરોમાં નારાજગી જોવા મળી રહી છે.

મુસાફરોની હેરાનગતિ ટાળવા માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂર છે. વધુ સિક્યોરિટી ચેક મશીનોની વ્યવસ્થા અને સુચારુ વ્યવસ્થાપન દ્વારા આ સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે.

# દારૂની હેરાફેરી દરમિયાન પોલીસે પીછો કરતા કારનો અકસ્માત...

## લીમખેડા-દાહોદ હાઈવે પર મંગલમહુડી ગામે કાર અન્ય વાહન સાથે અથડાઈ, બે ઈજાગ્રસ્ત



(એજન્સી) દાહોદ | તા. 28

લીમખેડા-દાહોદ હાઈવે પર મંગલમહુડી ગામ નજીક વહેલી સવારે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. પોલીસને દારૂની હેરાફેરી અંગે બાતમી મળતા તેઓ કારનો પીછો કરી રહ્યા હતા. આ દરમિયાન દારૂ ભરેલી કાર અજાણ્યા વાહન સાથે પાછળથી અથડાઈ હતી. અકસ્માતમાં કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને કારમાં સવાર ચાલક સહિત બે વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ લીમખેડા પોલીસ તુરંત ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે તપાસ કરતા કારમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂની હેરાફેરીના રૂટ અને સ્રોત અંગે તપાસ શરૂ કરી છે. આ મામલે પોલીસે ફરિયાદ નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હિંમતનગરમાં દુર્ગા રેલવે ઓવરબ્રિજનું કામ ફરી શરૂ : એક વર્ષમાં પૂર્ણ થશે...

(એજન્સી) સાબરકાંઠા | તા. 28

હિંમતનગરમાં દુર્ગા રેલવે ઓવરબ્રિજની કામગીરી ફરી શરૂ થઈ છે. ત્રણ મહિના સુધી બંધ રહેલી આ કામગીરી હવે એક વર્ષમાં પૂર્ણ થશે.

બે વર્ષ પહેલા શરૂ થયેલી આ કામગીરી ટેકનિકલ કારણોસર વારંવાર અટકી હતી. પાઈલિંગની કામગીરી બંને તરફ પૂર્ણ થયા બાદ પિયર બનાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. હાલમાં દુર્ગા બજાર તરફ પિયર પર કેપ ભરવાની કામગીરી ચાલી રહી છે.

GUDC વિભાગના જણાવ્યા મુજબ, LC ફાટક 42 B પર રેલવે ઓવરબ્રિજની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી છે. આ પ્રોજેક્ટની કુલ કિંમત 22 કરોડથી વધુ છે.

ઓવરબ્રિજની લંબાઈ 425 મીટર અને પહોળાઈ સાડા આઠ મીટર રહેશે. ફૂટપાથ સાથેના આ ઓવરબ્રિજમાં કુલ 18 પિયર બનાવવાના છે. અત્યાર સુધીમાં 6 પિયર તૈયાર થઈ ગયા છે અને 12 પિયર બનાવવાના બાકી છે. કેટલાક પિયરની



કેપ બની ચૂકી છે, જ્યારે અન્ય પિયર પર કેપની કામગીરી શરૂ કરવામાં આવી છે.

# 1.98 લાખની કિંમતની 287 બોટલ સાથે એક શખ્સની ધરપકડ કરાઇ



દ્વારકા ખંભાળિયા | દ્વારકા પોલીસે વિદેશી દારૂની હેરાફેરી કરતા એક શખ્સને ઝડપી પાડ્યો છે. ડીવાયએસપી સાગર રાઠોડના માર્ગદર્શન હેઠળ સ્થાનિક પોલીસની ટીમે પેટ્રોલિંગ દરમિયાન આ કાર્યવાહી કરી હતી.

હેડ કોન્સ્ટેબલ ખીમાણંદભાઈ આંબલીયા અને રવિરાજસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે આ સફળતા મળી હતી. પોલીસે મીઠાપુર વિસ્તારના પ્રોહિબિશન બુટલેગર રણમલભા સામરાભા સુમણીયા (ઉંમર 30, રહે. નાગેશ્વર)ની ધરપકડ કરી છે. આરોપીએ ભાણવડ તાલુકાના રાણપર ગામના રહેવાસી ધના કોડીયાતર પાસેથી આ દારૂનો જથ્થો મંગાવ્યો હતો. પોલીસે કુલ રૂ. 1,98,986ની કિંમતની 287 બોટલ વિદેશી દારૂ અને રૂ. 5,000નો મોબાઈલ ફોન મળીને કુલ રૂ. 2,03,986નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસે આરોપી રણમલભા સુમણીયાની ધરપકડ કરી છે. સપ્લાયર ધના કોડીયાતરને પકડવા માટે પોલીસે તપાસ શરૂ કરી છે.

# ગુરૂદ્વારામાં માલ જોઈએ છે કહી તેલ-ઘી મંગાવી 6.41 લાખની ઠગાઈ આચરી...

(એજન્સી) રાજકોટ | તા. 28

રાજકોટમાં ગુરૂદ્વારામાં માલ જોઈએ છે કહી તેલ અને ઘીના વેપારી સહિત ચાર વેપારી પાસેથી સીમરસીંગ નામના શખ્સે રૂ.6.41 લાખનો માલ મંગાવ્યો હતો. જેના બદલે તેણે આપેલા ચેક રીટર્ન થતા પ્રદ્યુમનનગર પોલીસમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. રાજકોટ પ્રદ્યુમનનગર પોલીસે આ મામલે કોઠારીયા રોડ પર આનંદનગર કોલોની કવાર્ટરમાં રહેતો અને શાપરમાં ગુલાબ ઓઈલ એન્ડ ફુડસ પ્રા.લી. નામની કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતાં અલ્પેશભાઈ જીતેન્દ્રભાઈ કોટેચા (ઉં.વ.38)ની ફરિયાદ પરથી સીમરસીંગ નામના શખ્સ સામે ગુનો દાખલ કરી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

અલ્પેશભાઈએ પોલીસને આપેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, 17 માર્ચના રોજ આરોપી સીમરસીંગે તેને ફોન કરી રૂ.3,24,135ની કિંમતના 147 તેલના ડબ્બાનો ઓર્ડર આપ્યો હતો. માલ પહોંચ્યા બાદ ચેકથી પેમેન્ટ આપવાની વાત કરતા તેણે 18 માર્ચના માલ ભરાવી વાહન બીલ સાથે તેને આપેલા ગુરૂદ્વારા ખાતે મોકલ્યો હતો. જ્યાં ગુરૂદ્વારાના ગેઈટ પાસે માલ ઉતાર્યા બાદ આરોપીએ વાહનના ડ્રાઈવરને બીજા દિવસ 19 માર્ચના ચેક આપ્યો હતો અને તે ચેક 20 માર્ચના નાખજો એટલે તમારૂ પેમેન્ટ મળી જાશે તેમ કહ્યું હતું.

20 માર્ચના ચેક નાખતા તે રિટર્ન થતા તેણે આરોપીને કોલ કર્યો હતો. પરંતુ તે બંધ આવતો હોવાથી તે અન્ય લોકો સાથે ગુરૂદ્વારાએ જઈ ટ્રસ્ટીને મળી વાત કરતા તેણે કોઈ તેલના ડબ્બા મંગાવ્યા ન હોવાનું અને આરોપીએ તેની ઉપરાંત અન્ય ઘીના વેપારી સાથે પણ ઠગાઈ કર્યાનું જણાવ્યું હતું. બાદમાં ઘીના વેપારી અજીતભાઈ સુરેશભાઈ વસદાણી પાસેથી પણ આરોપીએ રૂ.1,52,500ની કિંમતનું 250 લીટર ઘી, બીજા ડિલર પરાગ જયંતીલાલ સુચક પાસેથી 1,64,700ની કિંમતનું 270 લીટર ઘી ગુરૂદ્વારા મોકલતા તેને પણ ચેક આપ્યાનું જાણવા મળતા ત્રણેયે ગુરૂદ્વારામાં જઈ તપાસ કરતા સીમરસીંગ નામનો શખ્સ ગુરૂદ્વારામાં સેવક કે ટ્રસ્ટી નહી હોવાનું અને તેણે ગુરૂદ્વારામાં ઘી-તેલ જોઈએ છે.

# રાજ્યના વ્યાયામ શિક્ષકોનો કસરત સાથે સુત્રોચ્ચાર કરી સરકારનો અનોખો વિરોધ

## સરકારની ખેલ સહાયક યોજનાના વિરોધમાં ચાલી રહેલું આંદોલન હજુ પણ ઉગ્ર બનવાના એંધાણ

## આંદોલન યથાવત્

(એજન્સી) ગાંધીનગર । તા. 28

સરકાર દ્વારા છેલ્લા પંદર વર્ષથી વ્યાયામ શિક્ષકોની ભરતી કરવામાં આવતી નથી ત્યારે રાજ્યભરના વ્યાયામ શિક્ષકોએ સરકારની ખેલ સહાયક યોજનાનો વિરોધ નોંધાવીને ગાંધીનગરના સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન શરૂ કર્યું છે જેના ભાગરૂપે કસરત સાથે સુત્રોચ્ચાર સહિત અનોખો વિરોધ નોંધાવ્યો હતો અને આગામી દિવસોમાં આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની જાહેરાત પણ કરી હતી.સરકાર દ્વારા ખેલ સહાયક યોજના અમલમાં મુકવામાં આવી છે પરંતુ વ્યાયામ શિક્ષકો કહી રહ્યા છે કે, આ યોજના શાળાના



બાળકો કે, શિક્ષકોના હિતમાં નથી અગિયાર મહિનાના કરાર આધારિત આ યોજનામા અનેક સમસ્યા છે અને રજાના નિયમો પણ અસ્પષ્ટ છે એટલુ જ નહીં, વેકેશનની ગણતરી પણ અસ્પષ્ટ છે. ઘણા શિક્ષકોને ૧૧ મહિના પુરા થયા પહેલા જ કોઈ પણ પ્રકારના આદેશ વગર છુટા કરી દેવામાં આવ્યા છે. કેટલાક જિલ્લાઓમાં ફેબુરઆરી મહિનાનો પગાર મળે છે તો કેટલાક જિલ્લામાં નિયમિત પુરતો પગાર આપવામાં આવતો જ નથી.

માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળામાં ખેલ સહાયકને છુટા કરી દેવા માટે પરિપત્ર કરવામાં આવ્યો છે પરંતુ પ્રાથમિક વિભાગમાં કોઇ પરિપત્ર કરવામાં આવ્યો નથી. બાળકોના સર્વાંગી વિકાસ માટે શાળામાં કાયમી વ્યાયામ શિક્ષકોની જરૂરીયાત છે અને છેલ્લા ઘણા વખતથી સરકારમાં રજુઆત કરવામાં આવી હોવા છતા કોઈ નહીં સાંભળતા ગાંધીનગરમાં આંદોલન કરવાની ફરજ પડી છે. ગઈકાલે વિધાનસભાનો ઘેરાવો કરવા જતા આ શિક્ષકોનું પોલીસ સાથે ઘર્ષણ થયું હતું તેમ છતા તેઓએ પીછે હટ કરી નથી અને લડત ચાલુ રાખી છે આજે સત્યાગ્રહ છાવણી ખાતે કસરત તથા દાવપેચ કરીને સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરવાની સાથે અનોખો વિરોધ નોંધાવ્યો છે.

# બંધન મ્યુચ્યુઅલ ફંડે તેના નવા IAP અભિયાન સાથે '#Salary Wala Plan' તરીકે સિસ્ટેમેટિક વિથડ્રોઅલ પ્લાન લોન્ચ કર્યો

(એજન્સી) અમદાવાદ । તા. 28

બંધન મ્યુચ્યુઅલ ફંડે ★SalaryWala પ્લાન લોન્ચ કર્યો છે, જે એક IAP ઝુંબેશ છે જે 'સિસ્ટેમેટિક વિથડ્રોઅલ પ્લાન' (SWP) ને એક માળખાગત, પગાર જેવી આવકના પ્રવાહ તરીકે ફરીથી રજૂ કરે છે. આ નવી યોજના રોકાણકારોને તેમના પોતાના મ્યુચ્યુઅલ ફંડ રોકાણોમાંથી નિયમિત રોકડ પ્રવાહ મેળવવામાં મદદ કરે છે અને બાકી રકમનું રોકાણ જાળવી રાખે છે. આ ઝુંબેશનો ઉદ્દેશ્ય SWP વિશે જાગૃતિ લાવવાનો છે, રોકાણકારોને નિવૃત્તિ પછી રોકડ પ્રવાહની પાઈપલાઈન બનાવવા માટે તેને એક સ્માર્ટ અને સુલભ માર્ગ તરીકે જોવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. બંધન એએમસીના સીઈઓ વિશાલ કપૂરે જણાવ્યું હતું કે, 'જ્યારે SIP ને રોકાણના શિસ્તબદ્ધ માર્ગ તરીકે વ્યાપકપણે સ્વીકારવામાં આવે છે, ત્યારે નાણાકીય સ્વતંત્રતા પ્રાપ્ત કરવાની વ્યૂહરચના તરીકે SWP નો ઓછો ઉપયોગ થાય છે. ★SalaryWalaPlan ઝુંબેશ દ્વારા, અમે SWP વિશે જાગૃતિ વધારીને આ અંતરને દૂર કરવાનો પ્રયાસ કરીએ છીએ જેથી તે રોકાણકારો માટે વધુ ઉપયોગી બને જેઓ પૂર્વનિર્ધારિત તારીખો પર નિશ્ચિત રોકડ પ્રવાહ શોધી રહ્યા છે. તરલતા સુનિશ્ચિત કરતી વખતે બાકી રોકાણ રકમને સંભવિત વૃદ્ધિ માટે રોકાણ કરતી વખતે તેને રચનાત્મક રીતે સંરચિત, પગાર જેવી આવક તરીકે ફરીથી ગોઠવીને, અમે તેના બેવડા ફાયદાઓ વિશે વધુ જાગૃતિ લાવવાનો પ્રયાસ કરીએ છીએ.' આ ઝુંબેશના ભાગ રૂપે, બંધન મ્યુચ્યુઅલ ફંડે એક રમુજી અને નવીન ઝુંબેશ ફિલ્મ લોન્ચ કરી છે જે એક દંપતી પર આધારિત છે જે માને છે કે નિવૃત્તિ પછી તેમનું નાણાકીય ભવિષ્ય સુરક્ષિત છે, અને તેઓ તેમના બાળકો પર આધાર રાખે છે. જોકે, જ્યારે તેમના બાળકો તેમના જીવન વિશે લીધેલા અચાનક અને અણધાર્યા નિર્ણયો જાહેર કરે છે જે આ અપેક્ષાઓને વિક્ષેપિત કરે છે ત્યારે તેમનો આત્મવિશ્વાસ ડગમગી જાય છે. તેમની 'સંપૂર્ણ યોજના' અચાનક પ્રશ્નમાં આવી જાય છે, જેનાથી એક મહત્વપૂર્ણ અનુભૂતિ થાય છે - જ્યારે તમે સિસ્ટેમેટિક વિથડ્રોઅલ પ્લાન સાથે તમારો પોતાનો રોકડ પ્રવાહ બનાવી શકો છો ત્યારે બીજાઓ પર શા માટે આધાર રાખવો? આ ફિલ્મ રમૂજ અને સાપેક્ષતા દ્વારા દર્શકોને ફક્ત સંપત્તિ નિર્માણથી આગળ વિચારવા અને સંરચિત, રોકાણ-આધારિત આવક દ્વારા નાણાકીય સ્વતંત્રતા કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે અંગે વિચાર કરવા પ્રેરણા આપે છે. એક વખતના ઉપાડથી વિપરીત, SWP રોકાણકારોને પૂર્વ-નિર્ધારિત અંતરાલો પર નિશ્ચિત રકમ ઉપાડવાની મંજૂરી આપે છે.

## બોટાદ જિલ્લાના ખાંભડા ગામની સીમમાંથી જુગારધામ ઝડપાયું

(એજન્સી) ભાવનગર । તા. 28

બોટાદ જિલ્લાના બરવાળા તાલુકાના ખાંભડા ગામની સીમમાં ચાલતા જુગારધામ પર બોટાદ લોકલ ક્રાઈમબ્રાંચે દરોડો પાડી જુગાર રમતા ૨૦ શખ્સાને રોકડ સહિતના મુદ્દામાલ સાથે આબાદ ઝડપી પાડયા હતા. જયારે, જુગાર રમાડનાર ખાઁભડાનો શખ્સ ફરાર હોવાથી પોલીસે તેને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. બોટાદ લોકલ ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, બોટાદ જિલ્લાના બરવાળા તાલુકાના ખાંભડા ગામની સીમમાં કેનાલના કાંઠે પડતર જગ્યામાં ઉંટ દેવમાના મંદિરથી વોંકળામાં ખુલ્લી જગ્યામાં ગામનો જ શખ્સ અન્યોને બહારથી બોલાવી જાહેરમાં જુગાર રમી-રમાડી રહ્યો છે તેના આધારે ટીમે દરોડો પાડયો હતો. અને સ્થળ પર કુલ રૂ.૫૨,૫૩૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતા. ઝડપાયેલાં તમામની પુછપરછ કરતા ખાંભડા ગામે રહેતો બાબ ભુપતભાઈ ખાચરે તમામને જુગાર રમવા બોલાવ્યા હોવાની કબૂલાત આપી હતી. જો કે,પોલીસ દરોડા દરમિયાન આ શખ્સ મળી આવ્યો ન હતો.લોકલ ક્રાઈમ બ્રાન્ચે બરવાળા પોલીસમાં ઉક્ત ૨૦ઈસમો વિરૂદ્ધ જુગારધારાની કલમ અન્વયે ગુન્હો નોંધી ફરાર શખ્સને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.

### 12 વર્ષે પણ ઉઘરાણીમાં રસ નહીં!...સરકારે કડક ઉઘરાણી કરી નથી

# ગુજરાત સરકાર 6.69 કરોડ ખોટી રીતે ચૂકવી વસૂલવાનું ભૂલી ગઈ

(એજન્સી) ગાંધીનગર । તા. 28

આંદોલનકારી આરોગ્ય વિભાગના કર્મચારીઓ સામે પગલાં ભરવાનું રાજ્ય સરકારે શરૂ કર્યુ છે. બીજી બાજુ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા માનીતા પ્રિન્ટર્સને ખોટી રીતે માતબર રકમ ચૂકવી દેવામાં આવી હતી. કેગના રિપોર્ટમાં આ વાતનો ઉલ્લેખ કરાયો છે. આ ઉપરાંત વિધાનસભાની સમિતીએ પણ 6.69 કરોડ રૂપિયા વસૂલવા ભલામણ કરી હતી. આ વાતને 12 વર્ષ વીતી ગયાં, તેમ છતાંય સરકારે કડક ઉઘરાણી કરી નથી.

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી(અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડને બ્લેકલિસ્ટ કરી તમામ સરકારી વિભાગોને જાણ કરવા આદેશ



કરાયો હતો જે કાર્યવાહી પૂર્ણ કરાઈ નથી. વિધાનસભામાં આ મુદ્દો ગુરૂવારે (28 માર્ચ) ગાજ્યો હતો જેમાં સરકારે જ નહીં, વિધાનસભાની સમિતીએ એવી ભલામણ કરી હતી કે, 6.69 કરોડ રૂપિયાના વધારાના અયોગ્ય ખર્ચ સંબંધિત એજન્સી પાસેથી પૂરેપૂરી વસૂલાત કરવામાં આવે. આ ઉપરાંત પોલીસ ફરિયાદ દાખલ કરી છે તેનું ફોલોઅપ લઈ ઝડપથી પગલાં લેવા. રીલાયેબલ આર્ટ પ્રિન્ટરીએ મેગેઝિન અને સાહિત્ય છાપવા માટે ટેન્ડર ભર્યું હતું. રિલાયેબલ આર્ટ પ્રિન્ટરીએ ભરેલા ભાવપત્રકમાં પાછળથી સુધારો કરી ખોટા દસ્તાવેજો ઊભા કરાયા હતાં. ડબલ સાઈડનો ભાવ સીંગલ સાઈડનો ભાવ ગણીને સરકારમાંથી રૂપિયા 6.69 કરોડ રૂપિયા વધારે ચૂકવણી કરી ગેરરીતી આચરવામાં આવી હતી. આ ગોટાળા આચરનાર પ્રિન્ટર્સને બ્લેકલિસ્ટ કરી તમામ સરકારી વિભાગોને જાણ કરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા ઉદ્યોગ અને ખાણ વિભાગની ખરીદી પ્રોસિઝર મેન્યુઅલના ચેપ્ટર-15 મુજબ કાર્યવાહી ચાલુ હતી પણ પાંચ વર્ષ પછી પણ આ કાર્યવાહી નથી થઈ.

## સ્વસ્થ માતાપિતા બનવાની યાત્રા માટે સ્થૂળતાનું સંચાલન

ડૉ. વિવેક કક્કડ, આઈવીએફ નિષ્ણાત, બિરલા ફર્ટિલિટી & આઈવીએફ, અમદાવાદ

સ્વસ્થ્ય વજન જાળવવું પ્રજનન માટે મહત્વપૂર્ણ છે. સંશોધન સૂચવે છે કે વજનમાં અસંતુલન હોર્મોન્સ, ઓવ્યુલેશન અને સ્પર્મની પ્રવૃત્તિને અસર કરી શકે છે, જે ગર્ભધારણને મુશ્કેલ બનાવે છે. હ્યુમન રીપ્રોડક્શનના અભ્યાસ અનુસાર, 30થી વધુ બીએમઆઈ ધરાવતી મહિલાઓમાં વંધ્યત્વની સમસ્યાઓનું જોખમ વધે છે. પુરુષોમાં વધુ વજન સ્પર્મની ગુણવત્તા, ગતિશીલતા અને ડીએનએ સ્થિરતાને અસર કરી શકે છે, જે ગર્ભધારણની શક્યતાઓને અસર કરે છે.વંધ્યત્વ સિવાય, વજન સંબંધિત સ્થિતિઓ ગર્ભાવસ્થાને પણ અસર કરી શકે છે. સંશોધન દર્શાવે છે કે વધુ બીએમઆઈ ધરાવતા લોકોમાં ગર્ભાવસ્થા દરમિયાન જેસ્ટેશનલ ડાયાબિટીસ, વધુ બ્લેડ પ્રેશર અને પ્રીમેચ્યોર ડિલિવરી જેવા જોખમો વધી શકે છે. લાન્સેટના સંશોધન મુજબ, જે માતાઓને વજન સંબંધિત મુખ્ય સમસ્યાઓ છે, તેમના બાળકોમાં મેટાબોલિક વિકારો વિકસાવવાનો જોખમ વધુ હોય છે.

સ્વસ્થ જીવનશૈલીમાં ફેરફાર અને યોગ્ય તબીબી અને ભાવનાત્મક સહાયથી, દંપતિઓ ગર્ભધારણની શક્યતાઓમાં સુધારો કરી શકે છે અને તેમના સ્વાસ્થ્ય તેમજ બાળકની કાળજી લઈ શકે છે. અહીં કેટલીક મુખ્ય બાબતો છે:

1. આહાર અને કસરત: અભ્યાસ સૂચવે છે કે કુલ શરીરના વજનમાં માત્ર 5-10% ઘટાડો ઓવ્યુલેશન પુનઃસ્થાપિત કરવામાં અને વંધ્યત્વમાં સુધારો કરવામાં મદદરૂપ થઈ શકે છે. સંતુલિત આહાર અને નિયમિત કસરત કિલો ઘટાડવા માટે મહત્વપૂર્ણ છે.

2. તબીબી સહાય: કેટલાક કિસ્સાઓમાં, મહિલાઓને ઓવ્યુલેશન ઈન્ડક્શન અથવા બેરિયાટ્રિક સર્જરી કરાવવાની જરૂર પડી શકે છે. આ પછી, પોષણની સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે ગર્ભધારણનો પ્રયાસ કરતા પહેલા ઓછામાં ઓછા 12-18 મહિના રાહ જોવાની ભલામણ કરવામાં આવે છે.

# ડાકોર નગરપાલિકાનું 43 કરોડની પુરાંતવાળું બજેટ સર્વાનુમતે મંજૂર

(એજન્સી) ભાવનગર । તા. 28

ડાકોર: ડાકોર પાલિકાની સામાન્ય સભામાં રૂા. ૪૩ કરોડની પુરાંતવાળું બજેટ મંજૂર કરવામાં આવ્યું છે. સભામાં ગ્રાન્ટ મુજબના કામો નક્કી કરવા સાથે ૭ મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. સામાન્ય સભા વખતે ગોમતીઘાટના ફેરિયાઓએ રોજિંદી આવક મેળવવા ચીફ ઓફિસરને રજૂઆત પણ કરી હતી. જ્યારે કારોબારી ચેરમેન અને સમિતિઓના ચેરમેનની વરણી કરાઈ હતી. ડાકોર પાલિકાના સભાખંડમાં ચીફ ઓફિસર અને એકાઉન્ટન્ટ દ્વારા રૂા. ૪૩ કરોડની પુરાંતવાળું બજે રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં વેરા, બાંધકામ ભાડુ, પોલિસી, મહેસુલી અને યોજનાકીય ગ્રાન્ટો તેમજ ઉઘડતી સીલકની આવકો થઈને કુલ રૂા. ૨૯.૪૧ કરોડ દર્શાવાયી છે. જ્યારે વહીવટી ખર્ચ, આરોગ્ય, સામાન્ય કલ્યાણ, દિવાબત્તી, પાણી પુરવઠા, અનામતો સિક્યુરિટી અને બંધ સીલક મળીને કુલ ૩૧.૨૭ કરોડ ખર્ચ થવાનો હોવાનું જણાવ્યું છે.સભામાં પાલિકાના અધિનિયમની કલમ-૫૩ મુજબ કારોબારી ચેરમેનની વરણી કરાઈ હતી. જ્યારે કલમ-૫૫ મુજબ વોટરવર્ક્સ, ડ્રેનેજ, આરોગ્ય, ઈલેક્ટ્રિક, શોપિંગ સેન્ટર, બાંધકામ, ટેક્સ અને અન્ય સમિતિઓની રચના કરી ચેરમેનોની નિમાયા હતા. પાલિકામાં સરકારની ફાળવેલી ગ્રાન્ટ મુજબના કામો નક્કી કરવામાં આવ્યા હતા. અજન્ડામાં પ્રમુખ તરફથી રજૂ થતા કામો બાબતે વોર્ડ નં.-૧ના સભ્યએ કામોમાં યોગ્યતા ચકાસીને નિયમો આધીન હોય તો જ સઃમતિ હોવાની લેખિત રજૂઆત ચીફ ઓફિસરને કરી હતી. વોર્ડ નં.-૪ના સભ્યએ વિસ્તારના પોતાના વિસ્તારના કામો બાબતે રજૂઆત કરી હતી. વોર્ડ નં.-૫ના સભ્યએ ફેરિયાઓની તરફેણમાં તેમને રોજી મળી રહે તે માટે ભલામણ કરી હતી. ત્યારે ડાકોર પાલિકાની સામાન્ય સભા વખતે ગોમતીઘાટ પર બેસી ધંધો કરતા મોટી સંખ્યામાં ફેરિયાઓ રજૂઆત કરવા આવ્યા હતા. તમામે ચીફ ઓફિસરને રોજિંદી આવક ચાલુ રહે તે માટે ચીફ ઓફિસરને રજૂઆત કરી હતી.



અંદાજપત્રમાં ૨૯.૪૧ કરોડની આવક અને ૩૧.૨૭ કરોડનો ખર્ચ દર્શાવ્યો

### ભરતનગર પોલીસ મથકમાં ગુનો નોંધાયો

## યુવતી સાથે દુષ્કર્મ આચરી શખ્સે પરિવારને ધમકી આપી

(એજન્સી) ભાવનગર । તા. 28

શહેરના અધેવાડ વિસ્તારમાં રહેતાં શખ્સે શહેરમાં રહેતી એક યુવતીને અવાવરું જગ્યાએ લઈ જઈ તેની સાથે દુષ્કર્મ આચરી પરિવારને ધમકી આપી નાસી છૂટયો હતો. બનાવના પગલે પોલીસે ફરિયાદ નોંધી શખ્સને ઝડપી લીધો હતો.



બનાવની વિગત એવી છે કે, શહેરની એક ૧૮ વર્ષિય યુવતીને અધેવાડા વિસ્તારમાં રહેતા સુનિલ રમેશભાઈ ચુડાસમા નામના યુવક સાથે પ્રેમસંબંધ હતો.દરમિયાનમાં ગત તા.૧થી ૨૫ માર્ચ દરમિયાનના સમયગાળામાં શખ્સે યુવતી સાથેના ફોટા સોશિયલ મીડિયામાં અપલોડ કરી દેવાની ધમકી આપી હતી અને શહેરના ટોપ-થ્રી સર્કલથી નવા રિંગ રોડ સુધીના વિસ્તારમાં આવેલી અવાવરૂ જગ્યામાં બે વખત લઈ જઈ ત્યાં બળજબરીથી શરીર સંબંધ બાંધ્યો હતો. આ પણ અધુરૂ હોય તેમ શખ્સે યુવતીના ઘરે જઈ તેણીના માતા પિતાને અપશબ્દો કહી ધમકી પણ આપી હતી. બનાવને લઈ યુવતીએ ભરતનગર પોલીસ મથકમાં ઉક્ત શખ્સ વિરૂદ્ધ દુષ્કર્મ ગુજારી પરિવારને ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુન્હો નોંધી ગણતરીના કલાકોમાં શખ્સને ઝડપી પાડયો હતો.

### બે સગ્ગા ભાઈઓ સામે વલ્લભીપુર પોલીસ મથકમાં ગુનો નોંધાયો

## વલ્લભીપુર પંથકની સગીરા સાથે અડપલાં કરનાર શખ્સ ઝડપાયો

(એજન્સી) ભાવનગર । તા. 28

વલ્લભીપુર પંથકની સગીરા સાથે અડપલાં કરનાર શખ્સ તથા તેને મદદગારી કરનારા વિરૂદ્ધ વલ્લભીપુર પોલીસ મથકમાં સગીરાની માતાએ ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સોની કલમો હેઠળ ગુનો નોંધી બન્ને શખ્સોને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવ અંગે મળતી વિગતો પ્રમાણે ગત તા.૨૫ માર્ચના બપોરના ૧૨ કલાકના અરસામાં વલ્લભીપુર પંથકની ૧૩ વર્ષ ૬ માસની સગીરા પોતાની વાડીએ એકલી હતી ત્યારે દિનેશ બાબુભાઈ વાઘેલા (ઉ.વ.૩૨, રહે.ચમારડી) નામના શખ્સે એકલતાનો લાભ




લઈ બાળકી સાથે અડપલાં કર્યાં હતા જ્યારે તેના ભાઈ હરેશ બાબુભાઈ વાઘેલાએ સાહેદને ફોન કરી ધમકી આપી મદદગારી કરી હતી. બનાવ અંગે સગીરાની માતાએ વલ્લભીપુર પોલીસ મથકમાં દિનેશ બાબુભાઈ વાઘેલા અને હરેશ બાબુભાઈ વાઘેલા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી બન્ને આરોપીઓને ઝડપી લઈ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### કમિશનરની સૂચના બાદ દબાણ વિભાગની કાર્યવાહી

## નડિયાદ શહેરમાં ગેરકાયદે બનતી ચાર દુકાનો તોડી પડાઈ

(એજન્સી) નડિયાદ । તા. 28

નડિયાદ શહેરમાં ગેરકાયદે કાચા બાંધકામથી ઉભી થઈ રહેલી ચાર દુકાનો પર મનપાએ આજે બુલડોઝર ફેરવી દીધું છે. ત્યારે શહેરમાં અન્ય ગેરકાયદે બાંધકામો અંગે તંત્ર ક્યારે કાર્યવાહી કરશે તેવા સવાલો લોકો કરી રહ્યા છે. નડિયાદ શહેરમાં મહાગુજરાત વિસ્તારથી વાણિયાવાડ તરફના રોડ પર કેટલાક ઈસમો દ્વારા મનપાની પૂર્વ મંજૂરી વિના અને કોઈ પણ જાતની પરવાનગી મેળવ્યા વગર ગેરકાયદે દુકાનો ઉભી કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો. આ બાબત કમિશનરના ધ્યાને આવી હતી. બાદમાં ત્વરિત દબાણ વિભાગને આ દુકાનોનું બાંધકામ દૂર કરવા આદેશ કર્યો હતો. જે બાદ દબાણ વિભાગે સ્થળ પર



પહોંચી અને ચાર દુકાનોના કાચા બાંધકામને તોડી પાડયું હતું. આ દુકાનોનું સંપૂર્ણ બાંધકામ થાય અને ત્યાં ધંધો ધમધમે તે પહેલા જ તંત્રએ એક્શન લઈ ગેરકાયદે બાંધકામ કરતા ઈસમોને ચેતવણી આપી દીધી છે. જો કે, આ વચ્ચે શહેરમાં અન્ય આવા ગેરકાયદે બાંધકામો અંગે મનપા તંત્ર હાથ પર હાથ ધરી કેમ બેસી રહ્યુ છે? તે પણ સવાલ છે. ગેરકાયદે બાંધકામો દૂર કરવાની પણ અનેક અરજીઓ મનપા પાસે પેન્ડિંગ પડી છે.

## UCC અને તેની કાયદાકીય અસર

ભારતમાં નાગરિક સંહિતા (UCC - Uniform Civil Code) ને ભારતના બંધારણના આર્ટિકલ 44 હેઠળ ઉલ્લેખવામાં આવી છે.

### કઈ રીતે UCC કાયદામાં અસર કરી શકે?

1. વ્યક્તિગત કાયદાઓમાં ફેરફાર: હાલમાં હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી અને પારસી જેવા વિવિધ ધર્મોના પોતાના અલગ-અલગ વૈવાહિક, વારસાઈ, દત્તકગ્રહણ અને સંપત્તિ સંબંધિત કાયદાઓ છે. UCC લાગુ થાય તો બધા માટે એકસરખા કાયદા લાગુ થશે.

2. લિંગ સમાનતા (Gender Equality): કેટલાક વ્યક્તિગત કાયદાઓમાં સ્ત્રી અને પુરૂષ વચ્ચે અસમાનતા છે, UCC એ તેને સમાન બનાવશે.


3. સમાજમાં એકતા અને એકરુપતા: દરેક નાગરિક માટે એકસરખા નાગરિક કાયદા હોવાના કારણે આપસી એકતા વધશે અને ધાર્મિક મતભેદ ઓછા થશે.

4. ન્યાયતંત્ર પર અસર: હાલમાં અલગ-અલગ વ્યક્તિગત કાયદાઓના કારણે કોર્ટમાં વધુ કેસ થાય છે.

UCC આવે તો કાયદા એકસરખા થઈ જશે અને કેસ ઝડપી ઉકલી શકશે.


એડવોકેટ : જીતેન્દ્રસિંહ જે ગોહિલ, નર્મદા

## આપનો આજનો દિવસ



### મેષ (અ,લ,ઇ)

આજે તમારી પાસે સારો એઅવો સમય હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. પૈતૃક સંપત્તિમાં વારસાના સમાચાર તમારા આખા પરિવારને ખુશખુશાલ કરી મુકશે.



### વૃષભ (બ,વ,ઉ)

જીવનને માણવા માટે તંમારી ઉમેદો ચકાસો. યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો.



### મિથુન (ક,છ,ઘ)

એવો દિવસ જ્યારે તમારા ચહેરા પર નિરંતર સ્મિત રહેશે અને અજાણ્યા લોકો પણ ઓળખીતા લાગશે. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જ્યારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો.



### કર્ક (ડ,હ)

તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. એકબીજાના દ્દષ્ટિકોણ સમજીને તમારી વ્યક્તિગત સમસ્યાઓને ઉકેલો. તેમને જાહેરમાં ન લાવો.



### સિંહ (મ,ટ)

સ્વાસ્થ્ય સારૂ રહેશે. તમારું ધન ક્યાં ખર્ચ થાય છે આના ઉપર તમારે નજર રાખવાની જરૂર છે નહીંતર આવનારા સમય માં તમને તકલીફ થયી શકે છે. કુટુંબ ના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો.




### કન્યા (પ,ઠ,ણ)

તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે.




### તુલા (ર,ત)

ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે.




### વૃશ્ચિક (ન,ય)

મિત્ર સાથે તમારી ગેરસમજ કેટલાક અપ્રિય પ્રત્યાઘાતોને આમંત્રણ આપશે-કોઈ પણ નિર્ણય જોહેર કરતા પહેલા સંતુલિત મંતવ્ય મેળવો. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે.



### ધન (ભ,ધ,ફ)

ભાર તથા કોલેસ્ટ્રોલનું ઉચ્ચ પ્રમાણ ધરાવતો ખોરાક ટાળો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. મોટી વયની વ્યક્તિની તબિયત ચિંતાનું કારણ બનશે. તમારા પ્રેમી અથવા પ્રેમિકા આજે તેમના ઘર ની સ્થિતિ ને કારણે ખૂબ ગુસ્સે દેખાઈ શકે છે.




### મકર (ખ,જ)

ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો.



### કુંભ (ગ,શ,સ)

તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે.



### મીન (દ,ચ,ઝ,થ)

શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે.

### ભૂ-રાજકીય તણાવ, વેપાર નીતિમાં અસ્થિરતા અને નાણાકીય બજારોમાં અનિશ્ચિતતાની પ્રતિકૂળ અસર થશે

# વૈશ્વિક અનિશ્ચિતતાઓ આર્થિક વિકાસ માટે ખતરા સમાન




(એજન્સી) મુંબઇ | તા 28

અમેરિકા દ્વારા વેપાર ભાગીદારો પર ટેરિફ લદાય તે પહેલા, કેન્દ્રીય નાણા મંત્રાલયે કહ્યું છે કે ભૂરાજકીય તણાવ, વેપાર નીતિની અનિશ્ચિતતા અને આંતરરાષ્ટ્રીય કોમોડિટીના ભાવ અને નાણાકીય બજારોમાં અસ્થિરતા ભારત અને આગામી વર્ષે વૈશ્વિક આર્થિક વિકાસ માટે મોટા જોખમો છે. આમ ભારતે વિદેશમાં પ્રવર્તતા નિરાશાવાદથી સાવધ રહેવું જોઈએ. નાણા મંત્રાલય દ્વારા રજુ થયેલ ફેબ્રુઆરી માસની માસિક આર્થિક સમીક્ષામાં જણાવાયું છે કે, જો ખાનગી ક્ષેત્ર ભારતીય અર્થતંત્રની મજબૂતાઈ અને તેની સ્થિર વૃદ્ધિની સંભાવનાઓમાં વિશ્વાસ સાથે રોકાણ કરે છે, તો વૃદ્ધિ સામેના જોખમોને મોટાભાગે કાબુમાં લઈ શકાય છે. નાણા મંત્રાલયે ભાર મૂક્યો છે કે ઉદ્યોગે તેના રોકાણ ખર્ચ અને વપરાશ માંગ વચ્ચેના સંબંધને ઓળખવો જોઈએ. મંત્રાલયને આશા છે કે વ્યક્તિગત આવકવેરામાં રાહત મધ્યમ વર્ગ માટે ખર્ચ કરવા માટે વધુ પૈસા ખર્ચ કરશે અને વપરાશની માંગમાં વધારો કરી શકે છે. ખાનગી ક્ષેત્રે આ પગલાંમાંથી સંકેત લેવો જોઈએ અને ક્ષમતા વિસ્તરણ માટે રોકાણ શરૂ કરવું જોઈએ. મંત્રાલયે જણાવ્યું હતું કે કૃષિ ઉત્પાદન અંદાજ ડેટા ખાદ્ય ફુગાવા માટે સકારાત્મક સંકેત આપે છે. સમીક્ષામાં જણાવાયું છે કે ખાદ્ય પદાર્થોના ભાવમાં તાજેતરમાં ઘટાડો થવાને કારણે ફેબ્રુઆરી ૨૦૨૫માં છૂટક ફુગાવો ઘટીને ૩.૬ ટકા થયો હતો. નાણા મંત્રાલયે ચાલુ નાણાકીય વર્ષમાં કુલ સ્થાનિક ઉત્પાદન વૃદ્ધિ દર ૬.૫ ટકા રહેવાનો અંદાજ મૂક્યો છે, જે પ્રાપ્ત થવાની અપેક્ષા છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ ના બીજા ક્વાર્ટરમાં જીડીપી વૃદ્ધિ દર ૫.૬ ટકા હતો પરંતુ ત્રીજા ક્વાર્ટરમાં તે વધીને ૬.૨ ટકા થયો હતો. મંત્રાલયની માસિક સમીક્ષામાં કહેવામાં આવ્યું છે કે, આર્થિક સંભાવનાઓ પર કેન્દ્રિત સ્થાનિક ખાનગી મૂડી નિર્માણ નાણાકીય વર્ષ ૨૦૨૬માં આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. પુરવઠા બાજુએ કૃષિ અને સેવા ક્ષેત્રોના મજબૂત પ્રદર્શન અને માંગ બાજુએ માલ અને સેવાઓના વપરાશ અને નિકાસમાં સતત વૃદ્ધિને કારણે ત્રીજા ક્વાર્ટરમાં આર્થિક વિકાસને વેગ મળ્યો છે. નાણાકીય વર્ષ ૨૫ માટે ઉપલબ્ધ ડેટા મુજબ વાસ્તવિક ખાધ, મુખ્ય ગુણોત્તર અને જરૂરી ખર્ચ બજેટ અંદાજો સાથે સુમેળમાં છે, જે નાણાકીય લક્ષ્ય પ્રત્યે સતત પ્રતિબદ્ધતા દર્શાવે છે. બજેટમાં વિકસિત ભારતની મહત્વાકાંક્ષાની આસપાસ લાંબા ગાળાના વિકાસને વેગ આપવા માટે પગલાં અને સુધારાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આનાથી વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે સ્થાનિક આર્થિક મજબૂતાઈમાં વિશ્વાસ વધે છે. વર્તમાન શ્રમ બજારની સ્થિતિ સ્થિર છે અને ઘણા રોજગાર સર્વેક્ષણો આગામી ક્વાર્ટરમાં ભરતી પ્રક્રિયામાં વેગ જોવા મળશે તેમ દર્શાવે છે.

# પ્રાયમરી બજાર માટે માર્ચ મહિનો નિરસ એક પણ IPO બજારમાં ન આવ્યો

(એજન્સી) મુંબઇ | તા 28

શેરબજારમાં તાજેતરમાં તેજી હોવા છતાં, માર્ચ લગભગ છેલ્લા બે વર્ષમાં પહેલો મહિનો હતો જ્યારે એક પણ પ્રારંભિક જાહેર ઓફર (આઈપીઓ) બજારમાં આવ્યો ન હતો. તે છેલ્લે મે ૨૦૨૩ માં જોવા મળ્યું હતું. જાણકારોએ જણાવ્યું હતું કે ફેબ્રુઆરીમાં મોટા પાયે વેચવાલીથી ઘણી કંપનીઓને તેમની લિસ્ટિંગ યોજનાઓ મુલતવી રાખવાની ફરજ પડી હતી. જો બજારમાં સુધારો ચાલુ રહેશે, તો એપ્રિલમાં આઈપીઓ એટલે કે પ્રાયમરી બજારમાં ફરી સળવળાટ જોવા મળી શકે છે. ડિસેમ્બર ક્વાર્ટરમાં પ્રાયમરી બજારમાં ઘણી ગતિવિધિઓ હતી, પરંતુ માર્ચ ક્વાર્ટરમાં બજાર સુસ્ત બન્યું હતું. ૨૦૨૫ ના પહેલા બે મહિનામાં ફક્ત ૯ આઈપીઓ આવ્યા હતા જ્યારે ગયા વર્ષે આ જ સમયગાળામાં ૨૨ કંપનીઓએ આઈપીઓ લોન્ચ કર્યા હતા. તેવી જ રીતે, ક્વોલિફાઇડ ઇન્સ્ટિટ્યૂશનલ પ્લેસમેન્ટ (ક્યુઆઈપી) દ્વારા માત્ર ૭ કંપનીઓએ મૂડી એકત્ર કરી હતી, જ્યારે ગયા વર્ષે આ સમયગાળા દરમિયાન ૨૧ ક્યુઆઈપી આવ્યા હતા. સપ્ટેમ્બર ૨૦૨૪ માં સેન્સેક્સ અને નિફ્ટી તેમના




ઉચ્ચતમ સ્તર પર પહોંચ્યા પછી શેરબજારમાં તીવ્ર ઘટાડો થયો છે, જેના કારણે કંપનીઓએ ઈશ્યૂ બહાર પાડવાનું ટાળ્યું છે. જુલાઈ-સપ્ટેમ્બર અને ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં નરમ કોર્પોરેટ કમાણી અને વૈશ્વિક પડકારોને કારણે રોકાણકારોનું સેન્ટિમેન્ટ નબળું પડયું છે. આનાથી ઈક્વિટી અને પ્રાયમરી બંને બજાર પર અસર પડી છે. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા કરવામાં આવેલા વેચાણથી બજારમાં ઘટાડો વધુ લંબાયો હતો. છેલ્લા ૬ મહિનામાંથી ૫ મહિના સુધી તે ચોખ્ખા વેચાણકર્તા રહ્યા હતા. નવેમ્બર ૨૦૨૪ માં ડોનાલ્ડ ટ્રમ્પે યુએસ રાષ્ટ્રપતિની ચૂંટણી જીત્યા પછી, યુએસ નીતિઓમાં ફેરફાર અને ડોલરના મજબૂત થવાની ચિંતાને કારણે વિદેશી રોકાણકારોએ ભારત જેવા ઉભરતા બજારોમાંથી તેમના રોકાણો પાછા ખેંચવાનું શરૂ કર્યું.

જોકે, બજારમાં ઉથલપાથલ હોવા છતાં, ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં ૨૯ આઈપીઓ અને ૨૮ ક્યુઆઈપી લોન્ચ કરવામાં આવ્યા હતા. ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટર દરમિયાન સ્મોલ અને મિડકેપ શેરોમાં ઘટાડો થોડો ઓછો હતો, જેના કારણે આઈપીઓ / ક્યુઆઈપી સોદા પૂર્ણ કરવામાં કોઈ સમસ્યા ઊભી થઈ ન હતી. ડિસેમ્બર પછી ઘટાડો વધુ ઝડપી બન્યો હતો. ઓક્ટોબર-ડિસેમ્બરમાં, નિફ્ટી ૮.૪ ટકા, નિફ્ટી મિડકેપ ૪.૯ ટકા અને સ્મોલકેપ ૨.૨ ટકા ઘટયો હતો. જોકે, જાન્યુઆરી-માર્ચ ૨૦૨૫ દરમિયાન, નિફ્ટી મિwwડકેપમાં ૯ ટકા અને સ્મોલકેપમાં ૧૫ ટકાનો ઘટાડો થયો હતો. આઈપીઓ લાવનારી મોટાભાગની કંપનીઓ મિડ અને સ્મોલકેપ સેગમેન્ટમાં આવે છે. ગયા સપ્તાહે, બજારમાં સુધારા વચ્ચે, નિફ્ટી ૪.૨ ટકા, નિફ્ટી મિડકેપ ૭.૭ ટકા અને સ્મોલકેપ ૮.૬ ટકા વધ્યો હતો. આમ છતાં બેંકરોનું વલણ હજુ પણ સાવધ છે.

## કલ્યાણ જ્વેલર્સે હૃદયસ્પર્શી ડિજિટલ કેમ્પેઇન સાથે ગુડી પડવાની શરૂઆત કરી

(એજન્સી) મુંબઇ | તા 28

ભારતની સૌથી વિશ્વસનીય અને વૈશ્વિક સ્તરે જાણીતી જ્વેલરી બ્રાન્ડ્સ પૈકીની એક કલ્યાણ જ્વેલર્સે બ્રાન્ડ એમ્બેસેડર પૂજા સાવંત સાથે એક હૃદયસ્પર્શી ડિજિટલ કેમ્પેઇનની સાથે ગુડી પડવાનું સ્વાગત કર્યું છે. આ કેમ્પેઇન નવી શરૂઆત, સમૃદ્ધિ અને સમય અને અંતરથી આગળ વધતાં સ્થાયી બંધનના સારને ખૂબજ સુંદર રીતે પ્રસ્તુત કરે છે. ગુડી પડવો મહારાષ્ટ્રીયનો માટે સોનાની ખરીદી માટે સૌથી મહત્વપૂર્ણ મુહૂર્ત પૈકીના એક છે, જે સમૃદ્ધિ અને પરંપરાનું પ્રતિક છે. આ કેમ્પેઇન એક માતા અને પુત્રીના હૃદયને સ્પર્શ કરતી વાર્તા દર્શાવે છે, જેમાં પૂજા તેની માતાની ઉપસ્થિતિ વગર જીવનના એક નવા તબક્કામાં પ્રવેશવા વિશે તેની ચિંતા વ્યક્ત કરે છે. તેના જવાબમાં તેની માતા ગુડી પડવા ગિફ્ટ બોક્સ સાથે આશ્વસ્ત કરે છે, જેમાં



તહેવારની જરૂરી ચીજો અને કલ્યાણ જ્વેલર્સનું મંગળસૂત્ર બ્રેસલેટ હોય છે. તે પ્રેમ, જોડાણ અને કાયમી સહયોગનું પ્રતિક છે. આ કિમતી ચીજ યાદ અપાવે છે કે પ્રેમની કોઈ સીમાઓ જાણતો નથી અને તે સાર્થક પરંપરાઓ અને કિંમતી વારસાગત વસ્તુઓ દ્વારા જીવિત રહે છે.

પરંપરાની સાથે-સાથે આધુનિક સંવેદનાઓને લક્ષ્યમાં રાખીને ડિઝાઈન કરાયેલું આ કેમ્પેઈન કલ્યાણ જ્વેલર્સના વૈશ્વિક દ્રષ્ટિકોણને દર્શાવે છે, જે પરંપરાને સુરક્ષિત રાખતાં સમકાલીન પરિસ્થિતિઓ સાથે વિકસિત થવા ઉપર કેન્દ્રિત છે. વિશ્વભરમાં પોતાની વધતી ઉપસ્થિતિ સાથે કલ્યાણ જ્વેલર્સ સુનિશ્ચિત કરે છે કે દરેક દુલ્હન, ભલે તે પોતાના જીવનની સફર ગમે ત્યાંથી શરૂ કરે, તે પાસે કાલાતીત કારીગરી અને વિશ્વસનીય ઝવેરાત સેવાઓની એક્સેસ હોય.

શુદ્ધતા અને વિશ્વાસ પ્રત્યેની પોતાની કટીબદ્ધતાને વધુ મજબૂત કરતાં કલ્યાણ જ્વેલર્સ તેનું સિગ્નેચર 4-લેવલ એશ્યોરન્સ સર્ટિફિકેટ ઓફર કરે છે, જે ખાતરી કરે છે કે વૈશ્વિક ગ્રાહકો શુદ્ધતા પ્રમાણપત્ર, વિનામૂલ્યે આજીવન જાળવણી, વિગતવાર ઉત્પાદન માહિતી અને પારદર્શક વિનિમય અને બાય-બેક નીતિઓ જેવા લાભોનો આનંદ માણી શકે છે.

## નયારા એનર્જીએ ચીફ ફાઇનાન્સિયલ ઓફિસર તરીકે દીપેશ બક્ષીની નિમણૂંક કરી

(એજન્સી) મુંબઇ | તા 28

આંતરરાષ્ટ્રીય સ્તરની ન્યુ-એજ ડાઉનસ્ટ્રીમ કંપની નયારા એનર્જીએ 14 માર્ચ, 2025થી તેના નવા ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર (સીએફઓ) તરીકે દીપેશ બક્ષીની નિમણૂંક કર્યાની જાહેરાત કરી છે. ત્રણ દાયકાથી વધુ પ્રભાવશાળી કારકિર્દી સાથે દીપેશ ફાઈનાન્સ, સ્ટ્રેટેજી અને એમએન્ડએમાં વ્યાપક અનુભવ લઈને આવ્યાં છે. તેમણે ઓઈલ એન્ડ ગેસ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ કન્સ્ટ્રક્શન, રિટેઈલ અને મેન્યુફેક્ચરિંગ જેવી જટિલ કામગીરી ઉપર કામ કર્યું છે.



નયારા એનર્જીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અલેસેન્ડ્રો ડેસ ડોરિડેસે કહ્યું હતું કે, “દીપેશ તેમની સાથે સેક્ટરનો બહોળો અનુભવ તેમજ ફાઈનાન્સિયલ પ્લાનિંગ અને વ્યૂહાત્મક કુશળતાનો મજબૂત મિશ્રણ લઈને આવે છે. તેમનો અનુભવ અને મજબૂત ટ્રેક રેકોર્ડ નાણાકીય ઉત્કૃષ્ટતા તથા ઈન્ડસ્ટ્રીમાં શ્રેષ્ઠ પ્રદર્શન ડિલિવર કરવાના અમારા વ્યૂહાત્મક વિઝનને સપોર્ટ કરવામાં ઉપયોગી બની રહેશે. દીપેશની સાથે અમે મજબૂત નિર્માણ અને વધુ મોટા વિસ્તાર માટે આશ્વસ્ત છીએ.”

નયારા એનર્જી ખાતે પોતાની નવી ભૂમિકામાં દીપેશ કંપનીની નાણાકીય વ્યૂહરચના અને કામગીરીનું નેતૃત્વ કરશે, જેનાથી કંપનીની સતત વૃદ્ધિ અને ઉર્જા ક્ષેત્રમાં યોગદાનને પ્રોત્સાહન મળશે. તેમની કુળળતા લાંબાગાળાની વ્યૂહરચના અને પરિવર્તન, ઈન્વેસ્ટર રિલેશન્સ, ટ્રેઝરી, કોર્પોરેટ ગવર્નન્સ, ઈન્ટર્નલ ઓડિટ કમ્પલાયન્સ અને રિસ્ક મેનેજમેન્ટમાં ફેલાયેલી છે.

### એઆઈ પર્સનલ આસિસ્ટન્ટ ધરાવતી ભારતની પ્રથમ કાર

# MG એસ્ટર હવે ‘ધી બ્લોકબસ્ટર એસયુવી’

(એજન્સી) ગુરુગ્રામ | તા 28

JSW MG મોટર ઈન્ડિયાએ ‘ધી બ્લોકબસ્ટર એસયુવી’ તરીકે MG એસ્ટરની MY2025 આવૃત્તિ માટે તેના સાહસિક નવા વલણની જાહેરાત કરી છે. તે એક આમૂલ પરિવર્તનને દર્શાવે છે, જે પોતાના ગ્રાહકો માટે ઑટો-ટૅક માસ્ટરપીસ લાવવા બ્રાન્ડની કટિબદ્ધતાને ઉજાગર કરે છે, જેમાં જબરદસ્ત પર્ફોમન્સ, સોફિસ્ટિકેશન, નવીનીકરણ અને ટેકનોલજી સહિતની બધી જ વિશેષતાઓને એક પૅકેજમાં સમાવવામાં આવી છે.



એસ્ટર ‘બ્લોકબસ્ટર એસયુવી’ તેની MY2025 આવૃત્તિની સાથે સમજદાર ગ્રાહકો અને અર્લી એડપ્ટર્સની જરૂરિયાતોને પૂરી કરે છે. MG એસ્ટર એ હવે તેના સેગમેન્ટમાં એકમાત્ર એસયુવી છે, જે તેના નવા શાઈન વેરિયેન્ટની સાથે રૂ. 12.5 લાખ (એક્સ-શૉરૂમ)ની અંદર પેનોરેમિક સનરૂફ પૂરું પાડે છે. આથી વિશેષ, સીલેક્ટ વેરિયેન્ટ 6 એરબેગ અને પ્રીમિયમ આઈવરી લેધરેટ સીટ્સની સાથે આવે છે, જે વધારે સલામતી અને આરામની ખાતરી કરે છે. એસયુવીના ચાહકો રૂ. 9.99 લાખ (એક્સ-શૉરૂમ)ની પ્રારંભિક કિંમતે ‘ધી બ્લોકબસ્ટર એસયુવી’ અંગે પૂછપરછ કરવા અને તેને બૂક કરાવવા માટે તેમની નજીકમાં આવેલી JSW MG મોટર ઈન્ડિયા ડીલરશિપની મુલાકાત લઈ શકે છે.

2025 MG એસ્ટર 1.5એલ એમટી અને સીવીટી તથા ટર્બો એટી પાવરટ્રેન્સની સાથે ઉપલબ્ધ છે. આ અંગે વાત કરતાં JSW MG મોટર ઈન્ડિયાના ડિરેક્ટર સેલ્સ અને ઓપરેશન્સ શ્રી રાકેશ સેને જણાવ્યું હતું કે, ‘સાહસિક નવું વલણ અપનાવીને પર્ફેક્ટ એસયુવી શોધી રહેલા અર્લી એડપ્ટર્સ માટે MG એસ્ટર એક પર્ફેક્ટ કાર છે. જે લોકો વ્યવહારિકતાથી પ ણ કંઈક વિશેષ ઈચ્છી રહ્યાં છે, તેમને તે ડ્રાઈવિંગનો અદભૂત અનુભવ અને સોફિસ્ટિકેશન પૂરાં પાડે છે. અમે સમજીએ છીએ કે, તેઓ એક એવી કારને શોધી રહ્યાં છે, જે તેમના ઉદયને પ્રતિબિંબિત કરે, તેમની આકાંક્ષાઓને વ્યવહારિકતાની સાથે સંતુલિત કરે અને તેમની દરેક સફરને યાદગાર યાત્રામાં ફેરવી દે. MG એસ્ટર આ તમામ બાબતો પર ખરી ઉતરે છે - એક ગતિશીલ બ્લોકબસ્ટર’. ‘ધી બ્લોકબસ્ટર એસયુવી’ 50થી વધારે સલામતી વિશેષતાઓ, પ્રીમિયમ ઈન્ટીરિયર્સ અને પેનોરેમિક સનરૂફની સાથે આવે છે, જે ડ્રાઈવિંગના યાદગાર અનુભવને આરામના નવા સ્તર સુધી લઈ જાય છે. ડ્રાઈવિંગના આહ્લાદક અનુભવની સાથે અનેકવિધ વિશેષતાઓ ધરાવતી MG એસ્ટર પર્સનલ એઆઈ આસિસ્ટન્ટ તથા 14 એડવાન્સ્ડ ડ્રાઈવર આસિસ્ટન્સ સિસ્ટમ્સ (એડીએએસ) જેવી વિશેષતા પ્રાપ્ત કરનારી ભારતની પ્રથમ એસયુવી પણ છે.

## સેન્સેક્સ 729 પોઈન્ટ ઘટ્યો, નિફ્ટી 23,500ની નીચે બંધ

(એજન્સી) મુંબઇ | તા 28

માર્ચ એક્સપાયરી પહેલા બજારમાં દબાણ જોવા મળ્યું. સેન્સેક્સ, નિફ્ટી 7 દિવસના વધારા પછી ઘટીને બંધ થયા. બીએસઈના તમામ ક્ષેત્રીય સૂચકાંકો ઘટાડા સાથે બંધ થયા. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં વેચવાલી જોવા મળી. જ્યારે ફાર્મા, આઈટી, એનર્જી ઈન્ડેક્સ ઘટાડા સાથે બંધ થયા હતા. ટ્રેડિંગના અંતે, સેન્સેક્સ 728.69 પોઈન્ટ ઘટીને 77,288.50 પર બંધ થયો.

### પરિવર્તન માટે કરાર પર હસ્તાક્ષર

LTIMindtree સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. એઆઈ દ્વારા નાણાકીય સેવાઓના પરિવર્તન માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. સેન્સેક્સ અને નિફ્ટી 7 દિવસના વધારા પછી ઘટાડા સાથે બંધ થયા.

ટ્રેડિંગના અંતે, સેન્સેક્સ 728.69 પોઈન્ટ અથવા 0.93 ટકા ઘટીને 77,288.50 પર બંધ થયો. બીજી તરફ, નિફ્ટી 181.80 પોઈન્ટ અથવા 0.77 ટકા ઘટીને 23,486.85 પર બંધ થયો. ઝોમેટો અને સ્વિગી અંગે 2 દિવસમાં 2 નેગેટિવ રિપોર્ટ આવ્યા. મેક્વેરી પછી, BoFA પણ સાવધ બન્યું. મેક્વેરીએ જણાવ્યું હતું કે ફૂડ ડિલિવરી સેગમેન્ટમાં ધીમી વૃદ્ધિ ચિંતા વધારી રહી છે. બંનેમાં 3 ટકાનો ઘટાડો થયો છે.

### ટ્રેડિંગ બિઝનેસમાં પ્રવેશ

મોબીક્વિક હવે સ્ટોક બ્રોકિંગ અને ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ બિઝનેસમાં પ્રવેશ કરવા જઈ રહી છે. કંપની આ કામ તેની નવી સ્થાપિત પેટાકંપની મોબીક્વિક સિક્યોરિટીઝ બ્રોકિંગ પ્રાઈવેટ લિમિટેડ (MSBPL) દ્વારા કરશે.

## L&T ફાઈનાન્સ લિમિટેડે તેમના બ્રાન્ડ એમ્બેસડર તરીકે ક્રિકેટર જસપ્રીત બુમરાહની જાહેરાત કરી

(એજન્સી) મુંબઇ | તા 28

અગ્રણી નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ (એનબીએફસી) પૈકીની એક એલએન્ડટી ફાઈનાન્સ લિમિટેડે (એલટીએફ) આજે વિખ્યાત ભારતીય ક્રિકેટર જસપ્રીત બુમરાહને તેના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કર્યાની જાહેરાત કરી છે. આ ભાગીદારી એલટીએફ માટે તેની બ્રાન્ડ હાજરીને વિસ્તૃત અને મજબૂત બનાવવા તથા દેશના ખૂણે-ખૂણે ફેલાયેલા તેના વૈવિધ્યસભર ગ્રાહક આધારને જોડવાના તેના વર્તમાન પ્રયાસોમાં એક રોમાંચક પ્રકરણ છે. જસપ્રીત બુમરાહ એલટીએફના વિવિધ ચેનલ્સ પર ફેલાયેલા વ્યાપક Above The Line (ATL) અને Below The Line (BTL) માર્કેટિંગ કેમ્પેઇનમાં મુખ્ય ભૂમિકા ભજવશે. આ કેમ્પેઈન્સ વ્યૂહાત્મક રીતે બ્રાન્ડ જાગૃતિ વધારવા અને ગ્રાહક જોડાણને વેગ આપવા માટે બનાવવામાં આવ્યા છે, જે એલટીએફ દ્વારા હાલમાં ઓફર કરવામાં આવતી ફાઈનાન્શિયલ પ્રોડક્ટ્સ તથા સર્વિસીઝના વૈવિધ્યસભર પોર્ટફોલિયોને દર્શાવે છે. આ પ્રસંગે એલએન્ડટી ફાઈનાન્સના ચીફ માર્કેટિંગ ઓફિસર શ્રીમતી કવિતા જગતિયાણીએ જણાવ્યું હતું કે, “અમને ભારતના રમતજગતના સૌથી પ્રતિષ્ઠિત ખેલાડીઓ પૈકીના એક જસપ્રીત બુમરાહનું એલટીએફ પરિવારમાં અમારા બ્રાન્ડ એમ્બેસેડર તરીકે સ્વાગત કરતાં આનંદ થાય છે.




### હું એલએન્ડટી ફાઈનાન્સ સાથે જોડાવા માટે ઉત્સાહિત છું : બુમરાહ

RISE Worldwide જેમને એક્સક્લુઝિવલી મેનેજ કરે છે તેવા શ્રી જસપ્રીત બુમરાહે જણાવ્યું હતું કે, “હું એલએન્ડટી ફાઈનાન્સ સાથે જોડાવા માટે ઉત્સાહિત છું, જે તેના મજબૂત વારસા, શ્રેષ્ઠતા અને પ્રતિબદ્ધતા માટે પ્રખ્યાત બ્રાન્ડ છે. હું આ અદ્ભુત સફરનો ભાગ બનવા માટે આતુર છું.” એલટીએફ એ રૂરલ બિઝનેસ ફાઈનાન્સ, ફાર્મ ઈક્વિપમેન્ટ ફાઈનાન્સ અને ટુ-વ્હીલર ફાઈનાન્સમાં અગ્રણી ફાઈનાન્સર્સ પૈકીની એક છે. અર્બન ફાઈનાન્સમાં એલટીએફની નોંધપાત્ર હાજરી ખાસ કરીને નોંધપાત્ર છે. શહેરી અને ગ્રામીણ સમુદાયોને સુલભ અને અનુરૂપ ફાઈનાન્શિયલ સોલ્યુશન્સ પૂરા પાડીને, એલટીએફ વ્યક્તિઓ અને પરિવારોને તેમના નાણાંકીય લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે સશક્ત બનાવે છે.

**બુમરાહના શાનદાર પ્રદર્શને તેમને ઘર-ઘરમાં નામના અપાવી છે : શ્રીમતી જગતિયાણી :** શ્રીમતી જગતિયાણીએ વધુમાં ઉમેર્યું હતું કે, આ ભાગીદારી અમારા મુખ્ય સ્તંભો પૈકીની એક એવા ઊંચી બ્રાન્ડ વિઝિબિલિટી સાથે સીધી રીતે સુસંગત છે. બુમરાહના શાનદાર પ્રદર્શને તેમને ઘર-ઘરમાં નામના અપાવી છે, જેનાથી તેઓ તરત જ ઓળખી શકાય તેવા અને આદરણીય વ્યક્તિ બન્યા છે. તેમની અતૂટ શિસ્ત અને ક્રિકેટ પ્રત્યેની પ્રતિબદ્ધતા, ઊંડો વિશ્વાસ, તેમને એલટીએફ બ્રાન્ડ માટે એક આદર્શ વ્યક્તિ બનાવે છે.” “તેમની નમ્રતા અને સુસંગત સ્વભાવ મેદાન પર અને બહાર બંને જગ્યાએ જોવા મળે છે. આ સાર્વત્રિક અપીલ તેમની વર્સેટાલિટીને વિસ્તારે છે.

# ATMથી લઈને INCOME TAX સુધી 1 એપ્રિલથી બદલાશે નિયમો

(એજન્સી) મુંબઇ | તા 28

નવું નાણાકીય વર્ષ 2025-26 શરૂ થવામાં હવે માત્ર થોડા જ દિવસો બાકી છે. નવું નાણાકીય વર્ષ 1 એપ્રિલથી શરૂ થશે. નવું નાણાકીય વર્ષ શરૂ થતાંની સાથે જ કરોડો લોકો માટે ઘણા નાણાકીય નિયમો પણ બદલાશે. આજે અમે તમને આ સમાચાર દ્વારા જણાવવા જઈ રહ્યા છીએ કે 1 એપ્રિલથી શું ફેરફાર થવા જઈ રહ્યા છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ બેંકો અને પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર્સને 31 માર્ચ પહેલા તેમના ડેટાબેસેસ અપડેટ કરવા અથવા બંધ અથવા રિસાયકલ કરેલા મોબાઈલ નંબરને દૂર કરવાનો નિર્દેશ આપ્યો છે. NPCIના જણાવ્યા અનુસાર, આમ કરવાથી ભૂલો અને છેતરપિંડીનું જોખમ અટકાવી શકાય છે. 1 મેથી એટીએમમાંથી પૈસા ઉપાડવા માટે તમારે ચાર્જ ચૂકવવો પડશે. પહેલા 17 રૂપિયા ચૂકવવા પડતા હતા પરંતુ હવે તેને વધારીને 19 રૂપિયા કરી દેવામાં આવ્યા છે.આ સિવાય મિની સ્ટેટમેન્ટ, બેલેન્સ ચેક જેવા નોન-ફાઈનાન્શિયલ ટ્રાન્ઝેક્શન માટે હાલમાં 6 રૂપિયાનો ચાર્જ છે, જે વધારીને 7 રૂપિયા કરવામાં આવ્યો છે.




**કાર 4 ટકા મોંઘી થશે |** 1 એપ્રિલથી ઘણી મોટી વાહન ઉત્પાદક કંપનીઓ તેમની કારની કિંમતોમાં વધારો કરી રહી છે. મારુતિ કિંમતમાં 4 ટકા સુધીનો વધારો કરી રહી છે. જ્યારે હ્યુન્ડાઈ, મહિન્દ્રા, ટાટા મોટર્સ, રેનો અને કિયા જેવી કંપનીઓએ ભાવમાં 2 થી 4 ટકાનો વધારો કર્યો છે.

**સેવીંગ અકાઉન્ટમાં બેલેન્સ જાળવવું જરૂરી |** 1 એપ્રિલથી તમારા સેવિંગ્સ એકાઉન્ટમાં મિનિમમ બેલેન્સ જાળવવું જરૂરી છે. જો તમે ખાતામાં મિનિમમ બેલેન્સ નહીં રાખો તો તમારે દંડ ભરવો પડશે. ઘણી બેંકો તેમના મિનિમમ બેલેન્સના નિયમોમાં ફેરફાર કરી રહી છે.

**RBIની પોઝિટિવ પે સિસ્ટમ લાગુ કરવામાં આવશે**
છેતરપિંડીથી બચવા માટે, RBIએ પોઝિટિવ પે સિસ્ટમ લાગુ કરી છે. ઘણી બેંકો આ સિસ્ટમ લાગુ કરી રહી છે. PPS હેઠળ, જો તમે 50,000 રૂપિયાથી વધુનો ચેક જારી કરો છો, તો તમારે ચેક વિશેની ચોક્કસ માહિતી બેંકને ઈલેક્ટ્રોનિક રીતે આપવી પડશે.

**આવકવેરાના નિયમો બદલાશે |** ઈન્કમ ટેક્સની કલમ 87A હેઠળ ટેક્સ રિબેટ 25 હજારથી વધીને 60 હજાર રૂપિયા થઈ જશે. આ વધેલી રિબેટ રૂ. 12 લાખ સુધીની કરપાત્ર આવક પર લાગુ થશે, જેમાં કેપિટલ ગેઈનમાંથી આવકનો સમાવેશ થશે નહીં.

**GSTમાં IDS સિસ્ટમ લાગુ કરવામાં આવશે |** ભારત સરકારે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સના નિયમોમાં ઘણા ફેરફારો કર્યા છે. આ અંતર્ગત 1 એપ્રિલ, 2025થી ઈનપુટ સર્વિસ ડિસ્ટ્રિબ્યુટર સિસ્ટમ લાગુ થવા જઈ રહી છે. આ સિસ્ટમનો ઉદ્દેશ્ય રાજ્યો વચ્ચે કરની આવકનું યોગ્ય વિતરણ સુનિશ્ચિત કરવાનો છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, ફાગણ વદ-અમાસ

# યુરોપના દેશો પોતાની લશ્કરી તાકાત વધારી રહ્યા છે



અમેરિકા-બ્રિટન-ફ્રાન્સ-જર્મની-ગ્રીસ-ઈટાલી સહિત ૩૨ દેશો નાટોના સભ્યો છે. જ્યારે વાત નાટોની થતી હોય ત્યારે એમાં યુરોપિયન સંઘનાં હિતોનો સમાવેશ થઈ જતો હોય છે. નાટોમાં જો આ દેશોનું હિત જોખમાતું હોય તો યુરોપિયન સંઘનું પણ હિત જોખમમાં મૂકાય છે. યુરોપના ન હોય કે યુરોપિયન સંઘમાં ન હોય એવા દેશો - અમેરિકા-બ્રિટન-તુર્કી-કેનેડા કોઈ એવો નિર્ણય કરે કે જેનાથી નાટો પર લાંબા ગાળાની અસર થતી હોય તો એનો અર્થ એ કે યુરોપિયન સંઘ પર પણ તેની લાંબાં ગાળની સીધી અસરો થશે એ નક્કી છે. અત્યારે યુરોપિયન સંઘ પર એવી જ લાંબા ગાળાની અસર થવાની શક્યતા અમેરિકાના કારણે સર્જાઈ છે. અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ સત્તામાં આવ્યા ત્યારથી વારંવાર કહી રહ્યા છે કે યુરોપના દેશો ડિફેન્સમાં આત્મનિર્ભર બને, ડિફેન્સ બજેટ વધારે, સૈન્યશક્તિ મજબૂત બનાવે, અમેરિકા પરની નિર્ભરતા ઘટાડે. બીજા વિશ્વયુદ્ધ પછી ૧૯૪૯માં નાટોની રચના થઈ ત્યારથી યુરોપના મોટાભાગના દેશો અમેરિકા આધારિત થઈ ગયા. ફ્રાન્સ-જર્મની કે બ્રિટન જેવા મોટા દેશોને બાદ કરીએ તો યુરોપના નાના દેશોને સૈન્ય પાછળ કે શસ્ત્રો વસાવવા પાછળ માતબર બજેટ ખર્ચ કરવાની જરૂર જણાતી ન હતી. યુરોપને સૌથી વધુ ખતરો રશિયાથી હોય, પરંતુ યુરોપ પર અમેરિકાના ચાર હાથ હતા એટલે ડરવાનો સવાલ ન હતો. હવે અમેરિકા જ નાટોમાંથી બહાર નીકળવાની વિચારણા કરે છે. નાટો જેવા સંગઠનમાં સક્રિય રહીને માતબર ફંડ ખર્ચવું એ ટ્રમ્પને મુર્ખામી લાગે છે. ટ્રમ્પ અને તેમના ડિફેન્સ સલાહકારોની દલીલ છે કે નાટોની સ્થાપના થઈ હતી રશિયાનો પ્રભાવ ઘટાડવા માટે. બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકા-રશિયા વચ્ચે કોલ્ડ વૉર શરૂ થયું ત્યારે બે કારણથી નાટોની જરૂરિયાત ઉભી થઈ હતી. એક, રશિયા યુરોપના દેશોને પોતાની તરફ વાળીને પ્રભુત્વ જમાવી ન લે. બીજું, રશિયા યુરોપ પર હુમલો કરે તો અમેરિકા રક્ષણ કરી શકે. હવે રશિયાનો પહેલાં જેવો દબદબો જ રહ્યો નથી એટલે નાટોને મજબૂત કરવાની જરૂરિયાત નથી. ટ્રમ્પના સલાહકારોના કહેવા પ્રમાણે યુરોપમાં અમેરિકાના એક લાખ સૈનિકો તૈનાત છે. નાટોની જવાબદારી હોવાથી અમેરિકાએ આટલું સૈન્ય તૈનાત રાખવું પડે છે. વળી, નાટોનું વાર્ષિક બજેટ સાડા ત્રણ અબજ ડોલર જેટલું છે. એમાંથી અમેરિકા ૧૮થી ૨૦ ટકા ખર્ચ ભોગવે છે. જો નાટોમાંથી અમેરિકા બહાર નીકળી જાય તો તોતિંગ ખર્ચમાંથી બચી શકાય અને એ રકમ અમેરિકાના અન્ય પ્રોજેક્ટ પાછળ ફાળવી શકાય. આ થયો અમેરિકાનો દૃષ્ટિકોણ. અમેરિકા નાટોમાંથી બહાર નીકળે તો યુરોપનું શું થાય? યુરોપના દેશો માને છે કે રશિયા ભલે ૧૯૫૦-૬૦ના દશકા જેટલું શક્તિશાળી રહ્યું નથી, પરંતુ હજુય એટલું નબળું આંકવાની ભૂલ ન કરી શકાય. હવે રશિયા ઉપરાંત ચીનનોય ભય છે. છેક યુરોપના ટાપુઓ સુધી ચીનનો પગપેસારો થઈ ગયો છે. અમુક ટાપુઓ પર તો વેપારી જહાજોના રક્ષણના નામે ચીને લશ્કરી મથકો ઉભા કરી દીધાં છે. ચીનની દરિયાઈ એક્ટિવિટી ખાસ્સી વધી ગઈ છે. તેથી યુરોપે સાવચેત રહેવું જરૂરી છે. યુરોપના માથે અમેરિકાનો હાથ ન હોય તો લાંબા ગાળે મુશ્કેલી સર્જાઈ શકે. અમેરિકા નાટોમાંથી નીકળી જાય એનો અર્થ એ કે યુરોપમાં તૈનાત અમેરિકાના એક લાખ સૈનિકો હટી જાય. આટલું સૈન્યબળ હટે તો રશિયન આર્મીનો દબદબો વધી જાય. બળવાખોર જૂથોનો ત્રાસ વધવાની ભીતિ નકારી શકાય નહીં. આવી પરિસ્થિતિમાં યુરોપે ફરજિયાત ડિફેન્સના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવું પડે. આધુનિક શસ્ત્રો વસાવવા પડે, સૈન્ય બનાવવું પડે. ...ને એની તૈયારી યુરોપે સત્વરે આદરી દીધી છે. યુરોપના દેશો કુલ જીડીપીમાંથી માત્ર બે ટકા જ ડિફેન્સ પાછળ ફાળવે છે. તેમને અત્યાર સુધી એ બજેટ વધારવાની જરૂરિયાત લાગતી ન હતી, પરંતુ હવે આ વર્ષથી યુરોપિયન સંઘે જ ડિફેન્સ પાછળ ત્રણ ટકા રકમ ખર્ચવી પડશે. એટલું જ નહીં, યુરોપના બધા દેશોએ ઓછામાં ઓછા ત્રણ ટકા રકમ ફાળવવી પડશે, તો જ આગામી ૧૦ વર્ષમાં અમેરિકાનો વિકલ્પ ઊભો કરી શકાશે અને અમેરિકન સૈન્યબળ જેવડી સેના બનાવી શકાય. યુરોપિયન સંઘ આ વર્ષે જ ૧૬૨ અબજ ડોલરનું સંરક્ષણ ફંડ એકઠું કરશે.

### લણવા ધિણોજ નજીક વળાંકમાં બનાવાયેલ રોડની સંરક્ષણ દિવાલ ધરાસાયી થઈ

# ગોઝારીયા-મહેસાણા - ચાણસ્મા - પાટણના નવા બનતા હાઈવે રોડના કામોની ગુણવત્તાની પોલ બહાર આવી





નિતીન ઠાકર । ચાણસ્મા

ભારત સરકાર અને રાજ્ય સરકાર દ્વારા કરોડો રૂપિયા ના વિનીયોગ થકી વિકાશના કામો ધમધમતા કરી દેવાયા છે પરંતુ ઠેકેદારો દ્વારા વિકાશ ના કામો જેવાકે ઓવરબ્રીજ રોડ પાણીના ઓવરહેડ ટાંકીઓ સહિત ના અનેક બાંધકામના કામો ગુણવત્તા વિનાના બનાવી રૂપીયો રળી લેવાની તરકીબ કરતા હોય છે ત્યારે હાલ માં ભારત સરકાર દ્વારા ગોઝારીયાથી મહેસાણા-ચાણસ્મા- થઈ પાટણ સુધી ના હાઈવે રોડ નું કામ પુર જોશ માં ચાલી રહ્યું છે આ રોડ ના નવીન કારણ માં જ્યાં જરૂરીયાત હોય ત્યાં ઓવરબ્રીજ નાળા રોડ ની સંરક્ષણ દિવાલ સહિત ગોઝારીયા થી મહેસાણા - ચાણસ્મા ના હાઈવે રોડનું કામ મજબૂત ટકાઉ બને સારી ગુણવતા સાથે નો મજબૂત હાઈવે બને તેની ઠેકેદાર દ્વારા ખાસ કાળજી રાખવાની હોય છે પરંતુ હજી તો રોડ નું કામ પુરુ થયું નથી ત્યાં તો ચાણસ્મા તાલુકા ના લણવા- ધિણોજ નજીક વળાંકમાં હાઈવે રોડ ની બાજુમાં રોડની બાજુમાં અંદાજે ૫થી ૬ ફુટ ઊંચી સંરક્ષણ દિવાલ બનાવવા માં આવી હતી પરંતુ અંદાજે ૮ થી ૧૦ લાંબી સંરક્ષણ દિવાલ નો ઉપરનો ફર્મો ધરા સઈ થઈ જતાં ઠેકેદાર દ્વારા બનાવવામાં આવી રહેલ ગોઝારીયા - મહેસાણા-ચાણસ્મા હાઈવે રોડ ના કામની ગુણવતા સામે અનેક સવાલો ઊઠી રહ્યા સરકાર ના સંલગ્ન વિભાગ દ્વારા હાલમાં ચાલી રહેલા ગોઝારીયા-મહેસાણા ચાણસ્મા હાઈવે રોડ મજબુત બને સારી ગુણવતા સાથે ના મટીરીયલ્સ નો ઠેકેદાર દ્વારા ઉપયોગ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે

# શ્રી કલ્કી તીર્થધામ - પ્રેરણાપીઠ ખાતે 551મો પરંપરાગત સંઘમેળો યોજાશે

(એજન્સી) અમદાવાદ । તા. 28

આગામી તારીખ 30 અને 31મી માર્ચ 2025ના રોજ શ્રી કલ્કી તીર્થધામ - પ્રેરણાપીઠ ખાતે 551મો પરંપરાગત સંઘમેળો અમૃત મહોત્સવ ઉજવાશે. જેની ભવ્યાતિભવ્ય ઉજવણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

આ મહોત્સવમાં ભારતભરમાંથી હિન્દુ સમાજના લોકો સદ્ગુરૂ શ્રી હંસતેજજી મહારાજ અને તેમણે પોતાના નેત્ર વડે પ્રગટાવેલી અખંડ જ્યોતના દર્શન કરવા માટે પગપાળા યાત્રા કરીને કલ્કી તીર્થધામ ખાતે પહોંચવાના છે. જેમાં વર્તમાન ગાદિપતિ જગતગુરૂ સતપંથાચાર્ય શ્રી જ્ઞાનેશ્વર દેવાચાર્યજી મહારાજ ભારતભરમાંથી પગપાળા આવેલ ભાવિકોને સામેયા કરશે.

આ કાર્યક્રમમાં અખિલ ભારતીય હિન્દુ આચાર્ય મહાસભાના અધ્યક્ષ પ.પૂ. સ્વામી શ્રી પરમાત્માનંદ સરસ્વતીજી મહારાજ (શિવાનંદ આશ્રમ), પ.પૂ. મહામંડલેશ્વર શ્રી દિલીપદાસજી મહારાજ (જગન્નાથ મંદિર), પ.પૂ. મહામંડલેશ્વર શ્રી લલિત કિશોરદાસજી મહારાજ ( નિમ્બાર્ક પીઠ લીમડી), પ.પૂ. મહંત શ્રી મોહનદાસજી મહારાજ (સાંઈ મંદિર થલતેજ), પ.પૂ. સંતશ્રી રાજેન્દ્રદાસજી મહારાજ (નકલંક ધામ જુનાગઢ), પ.પૂ. ગૌભક્ત ચૈતન્ય શંભુ મહારાજ, પ.પૂ. મહંત શ્રી યોગેશદાસજી મહારાજ (કઠવાડા ગૌશાળા) જેવા સંતો મહંતો ઉપસ્થિત રહી સંઘ મેળાને આર્શીવાદ આપશે.

આ અલૌકીક સંગમનો લાભ લેવા વિશ્વભરમાંથી આવેલ શ્રદ્ધાળુઓની સાથે આજુબાજુના ગામોમાંથી પણ હજારોની સંખ્યામાં ભાવિકો ભજન મંડળી અને કળશયાત્રાના સ્વરૂપમાં ઉમટી પડશે. આ પ્રસંગની ભવ્યતા વધારવા માટે 30 માર્ચ 2025 રવિવારના રોજ સાંજે 8 વાગ્યાથી ભવ્ય ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતના પ્રખ્યાત લોક સાહિત્યકાર શ્રી માયાભાઈ આહીર અને યુવા કલાકાર શ્રી રજદાન ગઢવીના પોતના આગવા અંદાજમાં પધારેલ ભક્તોને ભક્તિમય રસાનુભૂતિ કરાવશે.

## ભાટપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ટીબીના દર્દીઓને ન્યુટિશિયન પ્રોટીન કીટનું વિતરણ કરાયું



કમલેશ પટેલ । સંખેડા

આજરોજ બહાદરપુર તેમજ ભાટપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે અનુપમ મિશન સેવા ટ્રસ્ટ QIPC EAC INDIA PVT.LTD ટ્રસ્ટ ની ટીમ દ્વારા ટીબીના દર્દીઓને ન્યુટિશિયન પ્રોટીન કીટનું વિતરણ કરવામાં આવ્યું. આજરોજ સંખેડા તાલુકાના બહાદરપુર તેમજ નસવાડી અને ભાટપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે અનુપમ સેવા ટ્રસ્ટ તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડોક્ટર ભરત ચૌહાણ ના માર્ગદર્શન હેઠળ ટીબીના દર્દીઓને પોષણ યુક્ત પ્રોટીન યુક્ત ન્યુટ્રેશન કીટનું વિતરણ કરવા આવેલ ટ્રસ્ટમાં કર્મચારીઓ તેમજ તાલુકા હેલ્થ ઓફિસર વિકાસ રંજનના માર્ગદર્શન હેઠળ બહાદરપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં 25 જેટલા ટીબી દર્દીઓ ને બહાદરપુર મેડિકલ ઓફિસર રાહુલ પરમાર તેમજ ડો. પૂર્વી બોપલિયા તેમજ સ્ટાફ નર્સ ના હસ્તે કીટ નું વિતરણ કર્યું હતું અને ભાટપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે 28 જેટલા એમ કુલ ટીબીના 53 જેટલા દર્દીઓને ટ્રસ્ટ દ્વારા કેટલું વિતરણ કર્યું હતું.

### નર્મદા જિલ્લામાં યુસીસીસમિતિની બેઠક યોજાયા બાદ ચૈતર વસાવાની પ્રતિક્રિયા

# જો UCC લાગુ થશે તો આદિવાસીઓનું રાજકીય અને શૈક્ષણિક આરક્ષણ ખતમ થઈ જશે: ચૈતર વસાવા

ભરત શાહ । નર્મદા




આજે નર્મદા જિલ્લા ખાતે સમાન સિવિલ કોડ (યુસીસી) સમિતિની બેઠક યોજાઈ હતી. એ બેઠકમાં આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા હાજર રહ્યા હતા. ધારાસભ્ય ચૈતર વસાવા દ્વારા યુસીસી આદિવાસી સમાજ પર લાગુ કરવામાં ન આવે તે મુદ્દે રજૂઆત કરવામાં આવી હતી. આ મુદ્દા પર ધારાસભ્ય ચૈતર વસાવાએ મીડિયા સમક્ષ પોતાનો પક્ષ રજૂ કરતા જણાવ્યું હતું કે વિવિધતામાં એકતા એ ભારત દેશની ઓળખ છે. આપણો દેશ અને રાજ્ય વિભિન્ન ધર્મ સંપ્રદાયો અને જાતિઓમાં વહેંચાયેલો છે અને તમામના પોતાના અલગ અલગ સામાજિક અને ધાર્મિક નિયમો છે. અમારું માનવું છે કે યુસીસી લાગુ થવાથી સૌથી વધારે અસર આદિવાસી અને અલ્પસંખ્યકો પર થશે. જો આદિવાસી સમાજ પર યુસીસી લાગુ કરવામાં આવશે તો બંધારણમાં અનુસૂચિ પાંચ, પેસા એક્ટ, આદિવાસીઓને મળતું શૈક્ષણિક અને રાજકીય આરક્ષણ ખતમ થઈ જશે માટે અમે આના સખત વિરોધમાં છીએ. અગાઉ મુસ્લિમોના 500 વર્ષના શાસન દરમિયાન અને અંગ્રેજોના 175 વર્ષના શાસન દરમિયાન પણ આદિવાસી સમુદાયના રીત રિવાજમાં કોઈ પણ પ્રકારની દખલગીરી કરવામાં આવી ન હતી. પરંતુ હાલ ભાજપ સરકાર યુસીસી લાવીને આદિવાસીઓ વિરોધી પગલું ભરી રહી છે. વર્તમાનમાં 705 જેટલી અનુસૂચિત જનજાતિના સમુદાયો આપણા દેશમાં છે અને કુલ 13 કરોડ જેટલી વસ્તી છે. આ તમામ લોકોના સામાજિક, ધાર્મિક, રીતરિવાજો, પ્રથાઓ, પરંપરાઓ, લગ્ન પ્રથા, વારસાઈ, છૂટાછેડા જેવી અનેક બાબતો માટે અલગ અલગ નિયમો છે. પરંતુ અમારું માનવું છે કે સમાન નાગરિક સંહિતા એટલે કે યુસીસી લાગુ થશે તો આદિવાસી સમાજની અલગ અલગ રૂઢિપ્રથાઓ અને રીતરિવાજો આપોઆપ નષ્ટ થઈ જશે. માટે આદિવાસી સમાજની સંસ્કૃતિ અને અસ્તિત્વ બચાવવા માટે અમારી માંગણી છે કે સમાન નાગરિક સંહિતા (UCC)માંથી રાજ્યના આદિવાસી સમાજને બાકાત રાખવામાં આવે. અમુક આદિવાસી સમાજના લોકો જ હાલ યુસીસી લાગુ કરવાની વાત કરી રહ્યા છે. જે ખૂબ જ નિંદનીય છે. હાલ અમે કોઈ નેતાનું નામ નથી લેતા, પરંતુ એટલું સ્પષ્ટ કહી શકે આદિવાસીઓનું ભલું ઈચ્છનાર કોઈપણ આદિવાસી માણસ કે આદિવાસી નેતા યુસીસીના સમર્થનમાં નથી. માટે આદિવાસી સમાજ પર યુસીસી લાગુ કરવામાં આવી નહીં એવી અમારી માંગ છે.

## રાજપીપળા હરસિધ્ધિ મંદિરે બારેમાસ ભોજન વ્યવસ્થા ચાલુ રાખવા વીએચપી અને બજરંગ દળની રજૂઆત




ભરત શાહ । નર્મદા

નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા માં આવેલા હરસિદ્ધિ માતાજી ના મંદિરે કાયમી ધોરણે ભોજન વ્યવસ્થા ચાલુ રાખવા આજરોજ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા મામલતદાર ને લેખિત રજૂઆત કરવામાં આવી છે રજૂઆત માં જણાવ્યા મુજબ હાલમાં શ્રી હરસિધ્ધિ માતાજી મંદિરમાં રવિવાર, મંગળવાર અને પુનમ તથા અમાસના દિવસોમાં એટલેકે, કુલ ૧૦ (દશ) દિવસ માતાજીની મહાપ્રસાદી (ભોજન) રૂા.૨૦ ના ટોકનથી આપવામાં આવે છે જે ખુબજ સુદર પ્રવૃત્તિ ચાલે છે. જે બદલ ટ્રસ્ટનો આભાર વ્યકત કરવામાં આવે છે. ઉપરોકત બાબતે અંબાજી તથા અન્ય મંદિરોમાં ભોજન વ્યવસ્થા બારેમાસ ચાલે છે. તેમ આ મંદિરમાં પણ હાલમાં માંના મંદિરે હજારોમાં ભકતો દર્શાનાર્થે આવતાં હોય અને આમ બાકીના દિવસોમાં દર્શનાર્થિઓ ભોજન માટે તકલીફ ભોગવતાં હોય છે જે બાબતે ટ્રસ્ટના ચાલતાં ભોજનમાં દિવસો વધારી કાયમી ધોરણે ભોજનાલય દર્શનાર્થિઓ માટે શરૂ કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

# વેસ્ટેજ કચરાના ડમ્પીંગ સ્ટેશનમાં રીસાઇકલીગના પ્લોટમાં ભીષણ આગ લાગતા અફરાતફરી મચી

કિશન રોહિડા । જરોદ



વાઘોડિયા જી આઇ ડી સી માં આવેલ વેસ્ટેજ કચરા ના ડમ્પીંગ સ્ટેશન માં રીસાઈકલીગ ના પ્લોટ માં ભીષણ આગ લાગતા અફરાતફરી મચી જવા પામી હતી વિકરાળ બનેલ આગ ને કાબુ મેળવવા માટે વાઘોડિયા તાલુકા મા આવેલ પારુલ, એપોલો,ગેલ ઈન્ડિયા, અને વડોદરા શહેર મહાનગર પાલિકા ના મળીને આશરે 10 જેટલા અગ્નિ શામક દળો એ મળીને વિકરાળ આગ ને કાબુ મેળવવા માટે કામે લાગ્યા હતા વાઘોડિયા જી આઇ ડી સી ખાતે આવેલ પ્લોટ નંબર 1432 માં જી આઇ ડી સી એસોસિયેશન દ્વારા કંપનીઓ નો વેસ્ટેજ મટેરીયલ નો ઘન કચરો રોજે રોજ એકઠો કરીને આ પ્લાન્ટ માં ઠાલવવામાં આવે છે જેનો કોન્ટ્રાક્ટ રીસાઈડીગીન નો વૈભવી કન્સ્ટ્રકટર્સ અપાયો છે કચરો ભરેલી ગાડી ખાલી કરતાં સમયે અચાનક કચરા ના ઢગલા માં થી ધુમાડા ના ગોટેગોટા ઉડતા દેખાતા થોડીક વારમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું ઘટના ના પગલે જી આઇ ડી સી માં નાશભાગ ના દ્રશ્યો સર્જાયા હતા જોકે ઘટના અંગે ની પ્રથમ જાણ ગેલ ઈન્ડિયા ને થતાં જ તેના ફાયર ફાઈટરો દ્વારા આગ ને કાબુ માં લેવાનો પ્રયાસ હાથ ધરાયો હતો.

## નર્મદા જિલ્લામાં પીએસઆઇ તરીકે ફરજ બજાવી ચૂકેલા પીએસઆઈની પીઆઈ તરીકે બઢતી

ભરત શાહ, નર્મદા : તા. ૨૮ ભૂતકાર મા નર્મદા જિલ્લામાં ફરજ બજાવી ચૂકેલ સિંઘમ તરીકે છાપ ધરાવતા જાંબાજ પીએસઆઈ કે.કે .પાઠકની બદલી થોડા સમય પહેલા વડોદરા શહેર ખાતે થઈ હતી, વડોદરા ખાતે ફરજ બજાવતી વખતે સરકારે તેમની સારી કામગીરી જોઈ સરકાર તરફથી પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે પ્રમોશન અપાયું અને પોલીસ ઈન્સ્પેક્ટર ના બેજ વડોદરા શહેરના ડીસીપી તેજસ પટેલ અને એસીપી મિત્તલ સાકરીયા એ પીઆઈ કે. કે. પાઠકના ખભા ઉપર આ બેજ લગાવી પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે બઢતી આપતા નર્મદા અને વડોદરા જિલ્લામાં તેમની સરાહનીય કામગીરી જોનાર તેમના મિત્રો અને સ્ટાફ માં ભારે ખુશી જોવા મળી છે.



### આંગણવાડી બહેનો, ધાત્રી માતાઓ ફ્રોડ કોલ થી બચો...

# મહિલા અને બાળ કલ્યાણ વિભાગ ગાંધીનગર થી બોલું છું કહી ગઠિયાઓ એ નવો ફ્રોડ શરૂ કર્યો

ભરત શાહ । નર્મદા

ભારત દેશ માં સાઈબર ફ્રોડ ના કિસ્સા માં અવનવા પેંતરા અપનાવી ગઠિયાઓ લોકો પાસે લાખો રૂપિયા ખંખેરી લેવાના અનેક કિસ્સા સામે આવે છે અને પોલીસ વિભાગ સહિત સરકાર પણ આ માટે અનેક જાગૃતિ બાબત ના કાર્યક્રમો કે મેસેજ દ્વારા લોકો ને જાગૃત કરે છે છતાં લાલચ માં આવી લોકો પોતાના લખો રૂપિયા ગુમાવે છે અને હાલમાં આ ફ્રોડ લોકો દ્વારા એક નવો કીમિયો શરૂ કરવામાં આવ્યો છે જેમાં આંગણવાડી ના નામે લોકો ને બકરા બનાવે છે. નવા ફ્રોડ માં ગઠિયાઓ લોકો ને કોલ કરી મહિલા અને બાળ કલ્યાણ વિભાગ ગાંધીનગર થી બોલું છું તેવી ઓળખ આપી આંગણવાડી બહેનો, ધાત્રી માતાઓ પાસેથી રૂપિયા પડાવે છે આમ.અવનવા પેંતરા અપનાવી આ લોકો સાયબર ફ્રોડ કરતા હોવાનું જાણવા મળ્યું છે માટે આંગણવાડી બહેનો, ધાત્રી માતાઓ એ આવા કોઈ ફ્રોડ કોલ આવે તો તેનાથી બચી પોતાની મહામૂલી રકમ ફ્રોડ માં ના ખાલી થાય તેનું ધ્યાન રાખવું જોઈએ. વાત કરીએ નર્મદા જિલ્લાની તો અહીંયા જિલ્લા પોલીસ વડા પ્રશાંત સુંબે સહિતના પોલીસ અધિકારીઓ ખૂબ સતર્ક છે અને અવાર નવાર સાયબર ફ્રોડ થી લોકો બચે અને જાગૃત થાય એ માટે અનેક જાગૃતિ કાર્યક્રમો કરે છે જેમાં સ્કૂલો, કોલેજો સહિત અનેક જગ્યાઓ પર આ કાર્યક્રમ કરી લોક જાગૃતિ લાવવા પ્રયાસ કરાઈ છે પરંતુ લોકો એ પણ જાગૃત થઈ સાવચેત રહેવું.

### સંખેડા તાલુકાના ગોલાગામડી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મંગલભારતી ખાતે

# દેશી ગાયના છાણ અને ગૌમૂત્રમાંથી વિવિધ વસ્તુઓની બનાવટ વિશે ચાર દિવસીય તાલીમ આપવામાં આવી

કમલેશ પટેલ । સંખેડા





છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકા ગોલાગામડી ખાતે ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત અને મંગલભારતી દ્વારા સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે દેશી ગાયના છાણ અને ગૌમૂત્રમાંથી વિવિધ વસ્તુઓની બનાવટ વિશે ચાર દિવસીય તાલીમ તા.૨૪-૦૩-૨૦૨૫ થી ૨૭-૦૩-૨૫ દરમ્યાન યોજાઈ ગઈ. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ મહિલા ખેડૂતો દ્વારા પશુપાલનની સાથે સાથે ગૌમાતાના છાણ અને ગૌમૂત્રનુ મુલ્યવર્ધન કરી નાના-પાયા પર સ્વરોજગારી મેળવી શકે. આ તાલીમમાં તાલીમાર્થી બહેનોને દેશી ગાયના છાણમાંથી બનતી વિવિધ વસ્તુઓ જેવી કે, ગાયના છાણના દીવા, ગણપતિ, માળા, શુભ-લાભ, સાથીયો, ઓમ, ધૂપસળી, મચ્છર અગરબતી, ધુપ કપ બનાવવા તેમજ ગૌમૂત્રના અર્કમાંથી ગોનાઈલ, ફીનાઈલ, કેમીકલ વગરના કુદરતી વસ્તુઓના ઉપયોગથી બનતા લીમડા તેમજ કેસુડાના સાબુ બનાવવાની પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમના માસ્ટર ટ્રેનર તરીકે શ્રીરામ ગૌશાળા, બાકરોલ, જાંબુઘોડાના શ્રી રમેશભાઈ રાઠવા તેમજ કે.વી.કે.ના ગૃહવિજ્ઞાનના વિષય નિષ્ણાંત શ્રીમતી લીનાબેન જોષી સેવા આપી હતી. આ તાલીમમાં બોડેલી તાલુકામાંથી કુલ ૭૫ મહિલાઓએ રસપૂર્વક ભાગ લઈ તાલીમ પૂર્ણ કરેલ હતી.

# મંજુસર જીઆઇડીસી ખાતેથી બે માસુમ બાળકીના અપહરણ કેસમાં ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલતી પોલીસ

કિશન રોહિડા । જરોદ



સાવલી તાલુકામાં આવેલાં મંજુસર જી આઇ ડી સી ખાતે થી બે માસુમ બાળકી અપહરણ ના મામલા માં મંજુસર પોલીસે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી ને બે મહિલા સહિત ત્રણ ને દબોચી ને એક ને ફરાર જાહેર કર્યો હતો મંજુસર જી આઇ ડી સી માં પરપ્રાંતીય શ્રમજીવી ખુલ્લી જગ્યામાં ઝુંપડા બાંધી ને પોતાનું પેટીયું રડી ખાવા પરીવાર સાથે રહેતા હતા ગત તા,24/3/ના રોજ શ્રમજીવી દંપતી પોતાની બે દિકરીઓ એક બે વર્ષ ની અને બીજી ચાર વર્ષ ની ઘરે મુકીને મંજુરી એ ગયા હતા તે દરમિયાન સાંજે મજુરીએ થી પરત ઘરે ફરતા બન્ને દિકરીઓ લાપતા જણાતા બંને દિકરીઓ ની શોધખોળ આદરી હતી પરંતુ આખરે નાસીપાસ મા બાપે શોધખોળ કરતા એ વ્હાલી સોય દિકરી ઓ ન મળતાં મંજુસર પોલીસ ના દરવાજા ખટખટાવતા પોલીસ સ્ટેશન મામલો પહોંચતા પોલીસે જીલ્લા પોલીસ વડા ના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન ના પી આઈ કૌશીકભાઈ સિસોદિયા એ બનાવ ની તપાસ ઝીણવટભરી રીતે હાથ ધરતા જી આઈ ડી સી ના તમામ એન્ટ્રી એકઝિટ પ્રવેશદ્વારો ના સી સી ટી વી કેમેરા તપાસ કરીને વિવિધ ટીમો બનાવીને કામગીરી આરંભી હતી સાથે સાથે જીલ્લા ની એસ ઓ જી,એલ સી બી, સહિત ની ટીમો કામે લાગી હતી જેમાં ભોગ બનનાર સાથે કામ કરતી છાયા અને તેના પતિ ની ભુમિકા શંકાસ્પદ પોલીસ ને જણાઈ આવી હતી તે તપાસ દરમિયાન છાયા કામ કરતી કંપની માં થી બપોરે બહાર નીકળી હોવાનું પોલીસ ને ધ્યાને આવ્યું હતું પોલીસ કડક છાપ કામગીરી થી પુછપરછ માં આરોપી છાયા ભાંગી પડી ને વટાણા વેર્યા હતા પોલીસ ની પ્રાથમિક તપાસ દરમિયાન આરોપી છાયા ના મામા ના દિકરા અંદર સિંહ ઉર્ફે અનદુ સાથે વિડિયો કોલીગ વાત કરતી હતી ત્યારે આ બે બાળકીઓ ને રમતા જોઈ હતી અને આરોપી ના કુટુંબમાં કોઈ દિકરીઓ ન હોવાથી ફકત દિકરાઓ હતા જેથી દિકરી ને પાલવવા ની લાલસા માં ઘટના ને અંજામ આપ્યો હોવાનું પોલીસ ની પ્રાથમિક તપાસ ખુલ્યું હતું બનાવ ના દિવસે રિક્ષામાં અંદર સિંહ ઉર્ફે અનદુ અને તેની માતા મથથુ બેન આવીને છાયા નો સંપર્ક કર્યો હતો.

# આઈપીએલ ઓક્શનમાં નહીં વેચાયેલા શાર્દુલે દેખાડ્યું કૌવત

## લખનઉએ હૈદરાબાદને હરાવ્યું, રિપ્લેસમેન્ટ ખેલાડી શાર્દુલ બન્યો પ્લેયર ઓફ ધ મેચ



(એજન્સી) હૈદરાબાદ તા 28

લખનૌ સુપરજાયન્ટ્સે IPL-2025માં પોતાની પહેલી જીત નોંધાવી. ટીમે સનરાઈઝર્સ હૈદરાબાદને 5 વિકેટે હરાવ્યું. રાજીવ ગાંધી સ્ટેડિયમની બેટિંગ પીચ પર LSG તરફથી શાર્દુલ ઠાકુરે 4 વિકેટ લીધી. જ્યારે નિકોલસ પૂરને 26 બોલમાં 70 રન બનાવ્યા. ગુરુવારે હૈદરાબાદમાં LSG એ બોલિંગ કરવાનું પસંદ કર્યું. SRH એ 9 વિકેટ ગુમાવ્યા બાદ 190 રન બનાવ્યા. ટ્રેવિસ હેડે 47 અને અનિકેત વર્માએ 36 રન બનાવ્યા. લખનૌએ 16.1 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કર્યું. મિશેલ માર્શે 52 રન બનાવ્યા. હૈદરાબાદ તરફથી પેટ કમિન્સે 2 વિકેટ લીધી. બેટિંગ પીચ પર નવા બોલ સાથે બોલિંગ કરવા આવેલા શાર્દુલ ઠાકુરે પાવરપ્લેમાં 2 વિકેટ લીધી. તેણે ડેથ ઓવરોમાં રન આપ્યા નહીં અને હૈદરાબાદના બેટ્સમેન પર દબાણ બનાવ્યું. તેણે ફક્ત 34 રન આપ્યા અને 4 વિકેટ લીધી. અભિષેક શર્મા, ઈશાન કિશન, અભિનવ મનોહર અને મોહમ્મદ શમી તેના બોલ પર આઉટ થયા.હું મારી યોજના સાથે બોલિંગ કરી રહ્યો હતો.

જો હું IPLમાં રિપ્લેસમેન્ટ ન બન્યો હોત, તો હું ઈંગ્લેન્ડ ગયો હોત અને કાઉન્ટી ક્રિકેટ રમ્યો હોત. રણજી રમતી વખતે ઝહીર ખાને મને ફોન કર્યો અને કહ્યું કે અમે તમને રિપ્લેસમેન્ટ તરીકે લઈ શકીએ છીએ. તે જ દિવસથી મેં IPLની તૈયારી શરૂ કરી દીધી. જ્યારે મને હરાજીમાં પસંદ કરવામાં ન આવ્યો ત્યારે મને દુઃખ થયું, પણ ક્રિકેટમાં આ બધું બનતું રહે છે. પ્રિન્સ યાદવ: બેટિંગ પીચ પર, લખનૌના ઝડપી બોલર પ્રિન્સે 4 ઓવરમાં ફક્ત 29 રન આપ્યા. બંને ટીમોના બોલરોમાં તેની ઈકોનોમી શ્રેષ્ઠ હતી. પ્રિન્સે ટ્રેવિસ હેડની મોટી વિકેટ પણ લીધી. મિશેલ માર્શ: ઓપનિંગ કરવા આવેલા માર્શે ઝડપી બેટિંગ કરી. તે 31 બોલમાં 52 રન બનાવીને આઉટ થયો હતો. તેણે પૂરણ સાથે સદીની ભાગીદારી પણ કરી. નિકોલસ પૂરન: નંબર-3 પર બેટિંગ કરતા પૂરને 26 બોલમાં 70 રન બનાવ્યા અને મેચ સંપૂર્ણપણે લખનૌના ખભા પર મૂકી દીધી. તેણે માર્શ સાથે ૧૧૬ રનની મહત્વપૂર્ણ ભાગીદારી પણ કરી.હૈદરાબાદની બેટિંગ પીચ પર લખનૌના બોલરોએ કડક બોલિંગ કરી. પાવરપ્લેના ત્રીજા ઓવરમાં શાર્દુલે બે મોટી વિકેટ લીધી. તેણે અભિષેક શર્મા અને ઈશાન કિશનને પેવેલિયન મોકલ્યા. પ્રિન્સ યાદવે પણ ડેથ ઓવરોમાં તેનો સારો સાથ આપ્યો. આ બંનેની બોલિંગે હૈદરાબાદને મોટો સ્કોર બનાવવા દીધો નહીં. પહેલી ઈનિંગમાં પિચ સરળ નહોતી, અમે 200 થી વધુ સ્કોર કરવા માંગતા હતા. સ્કોર ઓછો હતો, પરંતુ લખનૌએ શાનદાર બેટિંગ કરી. તેણે સારી બોલિંગ કરી. અમે ઈચ્છતા હતા કે એક બેટ્સમેન અંત સુધી ટકી રહે, પરંતુ એવું થયું નહીં. આપણે જોઈશું કે ભૂલો ક્યાં થઈ, તેના પર કામ કરીશું અને આગામી મેચોમાં પાછા આવીશું.સનરાઈઝર્સ હૈદરાબાદના કેપ્ટન પેટ કમિન્સે બેટિંગ પીચ પર 2 વિકેટ લીધી. તેમણે જ ખતરનાક નિકોલસ પૂરનને LBW આઉટ કર્યો હતો. પછી તેણે મિશેલ માર્શ, જેણે ફિફ્ટી ફટકારી હતી, તેને પણ કેચ અપાવ્યો. જોકે, તેને બીજા છેડેથી કોઈ ટેકો મળ્યો નહીં અને ટીમ 17મી ઓવરમાં હારી ગઈ. હું છગ્ગા મારવાની યોજના નથી બનાવતો. હું પરિસ્થિતિ પ્રમાણે મારું શ્રેષ્ઠ આપું છું. પિચ બેટિંગ માટે સારી હતી, હું મારી પ્રતિભાથી ખુશ છું. મને ખુશી છે કે મને મારી મહેનતનું ફળ મળી રહ્યું છે. આ ટુર્નામેન્ટ લાંબી છે અને હું માર્શના પ્રદર્શનથી ખુશ છું.

# પૂરન-માર્થની તોફાની બેટિંગ

## LSGનો બીજો હાઈએસ્ટ પાવરપ્લે સ્કોર; મેચ મોમેન્ટ્સ-રેકોર્ડ્સ

(એજન્સી) હૈદરાબાદ તા 28

IPL-18 ની 7મી મેચમાં લખનઉ સુપરજાયન્ટ્સ (LSG) એ સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) ને 5 વિકેટે હરાવ્યું. રાજીવ ગાંધી સ્ટેડિયમમાં પ્રથમ બેટિંગ કરતા, SRH એ LSG માટે 191 રનનો લક્ષ્યાંક આપ્યો. શાર્દુલ ઠાકુરે 4 વિકેટ લીધી. જવાબમાં, નિકોલસ પૂરન અને મિશેલ માર્શની અડધી સદીની મદદથી લખનૌએ 5 વિકેટે 193 રન બનાવ્યા અને 23 બોલ બાકી રહેતા જીત મેળવી લીધી. બુધવારે ઘણી ક્ષણો અને રેકોર્ડ બન્યા. રવિ બિશ્નોઈની ઓવરમાં ટ્રેવિસ હેડ 2 કેચ ચૂકી ગયા. હેનરિક ક્લાસેન નોન-સ્ટ્રાઈકર એન્ડ પર રન આઉટ થયો. હર્ષલે આગળ ડાઈવ કરીને કેચ પકડ્યો. લખનૌએ પાવરપ્લેમાં પોતાનો બીજો સૌથી મોટો સ્કોર બનાવ્યો. નિકોલસ પૂરને 35 રનના સ્કોર પર ટ્રેવિસ હેડનો કેચ છોડી દીધો. હૈદરાબાદની ઈનિંગની છઠ્ઠી ઓવરમાં ટ્રેવિસ હેડને જીવનદાન મળ્યું. રવિ બિશ્નોઈના ઓવરના પહેલા બોલ પર હેડે મોટો શોટ માર્યો પણ બોલ લોંગ ઓન પર પડ્યો. અહીં નિકોલસ પૂરને તેનો સરળ કેચ છોડી દીધો.12મી ઓવરના છેલ્લા બોલ પર હેનરિક ક્લાસેન રન આઉટ થયો. પ્રિન્સ યાદવે નીતિશ કુમાર રેડ્ડીને ફુલ ટોસ ફેંક્યો, તેણે બોલરના શોટ પર બેક ટોસ રમ્યો. અહીં બોલિંગ કરી રહેલા પ્રિન્સ યાદવ રેડ્ડીનો કેચ ચૂકી ગયા પરંતુ બોલ તેમના હાથને સ્પર્શીને નોન-સ્ટ્રાઈક એન્ડ પર ઉભેલા હેનરિક ક્લાસેનના સ્ટમ્પ પર ગયો. આ સમયે ક્લાસેન ક્રીઝની બહાર હતો. તે 25 રન બનાવીને રન આઉટ થયો.13મી ઓવરના છેલ્લા બોલ પર આયુષ બદોની કેચ આઉટ થયો. એડમ ઝામ્પાએ ઓવરપિચ્ડ બોલ ફેંક્યો. આયુષ બદોનીએ સ્લોગ સ્વીપ શોટ રમ્યો. અહીં મિડ-વિકેટ પોઝિશન પર ઊભેલા હર્ષલ પટેલે આગળ દીધો. હેડે સામે શોર્ટ ઓફ લેન્થ બોલ રમ્યો. આ ઓવરમાં હેડે પણ એક સિક્સર ફટકારી.



### નિકોલસ પૂરને મળીને બીજી વિકેટ માટે 43 બોલમાં 116 રન જોડ્યા

મિશેલ માર્શ અને નિકોલસ પૂરને મળીને બીજી વિકેટ માટે 43 બોલમાં 116 રન જોડ્યા. લખનઉ સુપર જાયન્ટ્સ માટે બીજી વિકેટ કે તેનાથી નીચેની વિકેટ માટે આ સૌથી મોટી ભાગીદારી છે. આ પહેલા કેએલ રાહુલ અને દીપક હુડ્ડાએ ગયા વર્ષે લખનૌમાં રાજસ્થાન સામે 111 રનની ભાગીદારી કરી હતી.

# આ તો હૂબહુ વિરાટ કોહલી છે ! સેમ આંખો, સેમ દાઢી, જાણો કોણ છે આ વ્યક્તિ



(એજન્સી) નવી દિલ્હી તા 28

કોહલી માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં ખૂબ જ લોકપ્રિય છે. તેની અદ્ભુત રમતને કારણે, તેણે આખી દુનિયામાં લોકપ્રિયતા મેળવી છે અને તેના ચાહકોની કોઈ કમી નથી. આ જ કારણ છે કે તેના ચાહકો તેની સાથે જોડાયેલ દરેક અપડેટ જાણવા માટે ઉત્સુક હોય છે અને જેવું તેઓને કંઈક નવું ખબર પડે તો તેઓ આનંદથી ઉછળી પડે છે. હાલમાં જ સોશિયલ મીડિયા પર એક વ્યક્તિની તસવીર સામે આવી છે, જેની આંખો, નાક, હોઠ બધું જ વિરાટ કોહલીને મળતું આવે છે. હકીકતમાં આ વ્યક્તિને જોઈને તમે કહેશો કે તે બીજું કોઈ નહીં પણ ક્રિકેટર વિરાટ કોહલી જાતે છે. શક્ય છે કે તમે આ વ્યક્તિને તેનો જોડિયા ભાઈ માનો. એ પણ શક્ય છે કે તમે આને AI ના યુગની કોઈ ખોટી માન્યતા માનતા હશો, પરંતુ અમે તમને જણાવી દઈએ કે એવું ચોક્કસપણે નથી. બિલકુલ વિરાટ જેવો દેખાતો આ વ્યક્તિ એક ફેમસ એક્ટર છે, જેની લોકપ્રિયતા પણ ઓછી નથી. લોકપ્રિય તુર્કી ટેલિવિઝન સિરીઝ 'ડિરિલિસ: એર્ટુગરુલ' આ દિવસોમાં ભારતમાં ચર્ચામાં છે. આ સીરીઝમાં જોવા મળેલ તુર્કી એક્ટર કેવિટ સેટિન ગુનર ટીમ ઈન્ડિયાના ક્રિકેટર વિરાટ કોહલી જેવો જ દેખાય છે. બંને વચ્ચે એટલી બધી સામ્યતાઓ છે કે તમે તેમને જોતા જ રહેશો અને ભાગ્યે જ કોઈ તફાવત જોવા મળશે.હવે શોમાંથી અભિનેતાની ઝલક વાયરલ થઈ રહી છે અને લોકો X પર તેમની ચર્ચા કરી રહ્યા છે. ઘણા X યુઝર્સ એ 39-વર્ષીય અભિનેતા અને 36 વર્ષીય ક્રિકેટર વિરાટ કોહલી વચ્ચેની વિચિત્ર સામ્યતા દર્શાવી છે. બંનેના હાવભાવ એક સરખા લાગે છે, જેના કારણે લોકો આ તસવીરને વાયરલ કરી રહ્યા છે.આ શો જોયા પછી ઘણા લોકોએ માની લીધું કે કોહલી આ શોમાં એક્ટિંગ કરી રહ્યો છે.

# ફિલિપાઈન્સની એલેકઝાન્ડ્રાએ સ્વિયાતેકને હરાવીને મેજર અપસેટ સર્જ્યો



(એજન્સી) અમેરિકા તા 28

વાઈલ્ડ કાર્ડથી ટૂર્નામેન્ટમાં પ્રવેશ કરનાર ફિલિપાઈન્સની 19 વર્ષીય એલેકઝાન્ડ્રા ઈયાલાએ માયામી ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં મેજર અપસેટ સર્જીને વિશ્વની બીજી ક્રમાંકિત પોલેન્ડની ઈગા સ્વિયાતેકને 6-2, 7-5થી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. વર્લ્ડ રેન્કિંગમાં 140મા ક્રમાંકે રહેલી ઈયાલા ડબ્લ્યૂટીએ 1000 ટૂર ટૂર્નામેન્ટની અંતિમ-8માં પહોંચનાર પોતાના દેશની પ્રથમ ખેલાડી બની છે. તેણે સ્વિયાતેકના ખરાબ પ્રદર્શનનો ફાયદો ઉઠાવીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું. ઈયાલા 13 વર્ષની વયે માલોર્કામાં રફેલ નાદાલની ટેનિસ એકેડેમીમાં સામેલ થવા માટે સ્પેન જતી રહી હતી. ફિલિપાઈન્સની ખેલાડીનો આગામી મુકાબલો અમેરિકાની જેસિકા પેગુલા સામે થશે જેણે બ્રિટનની એમ્મા રાડૂકાનુને ભારે સંઘર્ષ બાદ હરાવી હતી. વિશ્વની ચોથી ક્રમાંકિત પેગુલાએ મેચમાં 6-4, 6-7 (3-7), 6-2ના સ્કોરથી પરાજય આપ્યો હતો. વિમેન્સ સિંગલ્સની પ્રથમ સેમિફાઈનલ આર્યના સબાલેન્કો અને જાસ્મિન પાઓલિની વચ્ચે રમાશે.

# રોહિત શર્માએ ટીમ ઈન્ડિયામાં રમવાનો કર્યો ઈનકાર




(એજન્સી) નવી દિલ્હી તા 28

ભારતીય ક્રિકેટ ટીમે IPL 2025 પછી ઈંગ્લેન્ડનો પ્રવાસ કરવાનો છે અને ત્યાં પાંચ મેચની ટેસ્ટ શ્રેણી રમશે. હવે સમાચાર આવી રહ્યા છે કે રોહિત શર્માએ ટીમ ઈન્ડિયામાં રમવાનો ઈનકાર કરી દીધો છે.રોહિત શર્માએ છેલ્લા 6 મહિનામાં ભારતીય ક્રિકેટ ટીમને બે ICC ટુર્નામેન્ટ જીતી છે, પરંતુ હવે સમાચાર આવી રહ્યા છે કે તે આ ટીમમાં જોડાવા માંગતો નથી. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે રોહિત શર્મા ટીમ ઈન્ડિયાની આગામી ટેસ્ટ શ્રેણીમાં રમશે નહીં. તેમણે પોતે પોતાનું નામ આપવાનો ઈનકાર કર્યો છે. ઈન્ડિયા ટુડેમાં પ્રકાશિત અહેવાલ મુજબ, રોહિત શર્માએ આ નિર્ણય લીધો છે. IPL 2025 પછી ભારતીય ટીમે ઈંગ્લેન્ડનો પ્રવાસ કરવાનો છે, જ્યાં તે પાંચ મેચની ટેસ્ટ શ્રેણી રમશે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે રોહિત શર્મા બોર્ડર-ગાવસ્કર ટ્રોફી 2024-25માં ખરાબ પ્રદર્શનને કારણે ઈંગ્લેન્ડ જવા માંગતો નથી. ભલે અહેવાલો દાવો કરી રહ્યા છે કે રોહિત ઈંગ્લેન્ડ નહીં જાય, તેની પુષ્ટિ કરતું નથી. રોહિતના કિસ્સામાં ઘણા દાવાઓ અગાઉ પણ ખોટા સાબિત થયા છે. તાજેતરમાં એવો દાવો કરવામાં આવી રહ્યો હતો કે રોહિત શર્મા ચેમ્પિયન્સ ટ્રોફી પછી ODI ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ શકે છે પરંતુ આવું થયું નહીં.

# દર 4 બોલ પર બાઉન્ડ્રી, ઓવરમાં 20 થી વધુ રન, સૌથી ઝડપી રન રેટ

(એજન્સી) નવી દિલ્હી તા 28



જ્યારે IPL 2024 સિઝનમાં સતત મોટા સ્કોર બની રહ્યા હતા, ત્યારે એવું લાગતું હતું કે આ ટ્રેન્ડ આગામી સિઝનમાં પણ ચાલુ રહેશે. પરંતુ પહેલી 5 મેચમાં આ ટ્રેન્ડ ચાલુ રહ્યો છે. એટલું જ નહીં, આ વખતે બેટિંગમાં આક્રમકતા ગત સિઝન કરતા ઘણી વધારે દેખાઈ રહી છે. IPLની છેલ્લી સિઝનમાં જોવા મળેલા દ્રશ્યો પછી એવું માનવામાં આવતું હતું કે નવી સિઝનમાં પણ આ ચાલુ રહેશે અને કદાચ તે વધુ વિસ્ફોટક હશે. IPL 2025 સિઝનની પહેલી 5-6 મેચોમાં આ વાત સાચી સાબિત થઈ છે. IPL 2024માં બેટ્સમેનોએ ખૂબ જ ધમાલ મચાવી અને સતત મોટા સ્કોર બનાવ્યા હતા. પરંતુ 2025માં બધી અટકળો અને અપેક્ષાઓને પાછળ છોડીને IPL સિઝન ધમાકેદાર રીતે શરૂ થઈ ગઈ છે. આંકડા દર્શાવે છે કે IPL 2025માં પાછલી સિઝન કરતા ઓછા બોલમાં છગ્ગા અને ચોગ્ગા ફટકારવામાં આવી રહ્યા છે, જ્યારે પાવરપ્લેમાં રન રેટ પણ ટુર્નામેન્ટના ઈતિહાસમાં સૌથી વધુ બની ગયો છે.IPLની શરૂઆત કોલકાતા નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચેની મેચથી થઈ હતી. આ મેચમાં બેંગલુરુએ 175 રનનો લક્ષ્યાંક માત્ર 98 બોલમાં હાંસલ કર્યો હતો.

આ મેચમાં 15 છગ્ગા ફટકારવામાં આવ્યા હતા, જ્યારે 39 ચોગ્ગા એટલે કે ચોગ્ગા ફટકારવામાં આવ્યા હતા.દેખીતી રીતે આ આંકડા એ સાબિત કરવા પૂરતા છે કે ટુર્નામેન્ટની શરૂઆત સારી થઈ છે. પરંતુ જો આપણે ઊંડાણપૂર્વક જોઈએ તો, આપણને વધુ આંકડા મળી શકે છે જે પુષ્ટિ કરે છે કે આ સિઝન ગયા વર્ષ કરતા બેટ્સમેન માટે વધુ સારી સાબિત થઈ રહી છે. ESPN-Cricinfo અનુસાર, જો આપણે IPL 2024 અને IPL 2025 ની પ્રથમ 5 મેચોની તુલના કરીએ, તો આ વર્ષે લગભગ દરેક ચોથી બોલ પર બાઉન્ડ્રી લાગી રહી છે. આંકડા દર્શાવે છે કે 2024માં દર 5.3 બોલ પર એક બાઉન્ડ્રી ફટકારવામાં આવતી હતી, પરંતુ આ વર્ષે તે દર 3.9 બોલ પર એક બાઉન્ડ્રી બની ગઈ છે. એટલું જ નહીં, આ વખતે દર 9.7 બોલે એક છગ્ગો ફટકારવામાં આવી રહ્યો છે, જ્યારે 2024માં દર 13.9 બોલે એક છગ્ગો મારવામાં આવતો હતો.

# વૈભવી "મુમતાઝ વિલા" ની રોનક એકાએક અદૃશ્ય કેમ થઈ ગઈ?

ફ્રાન્સ ના નોર્મેન્ડી ના બીચ થી તદન નજીક લાખો એકરો માં ફેલાયેલ વૈભવી 'મુમતાઝ વિલા' ની રોનક એકાએક અદૃશ્ય કેમ થઈ ગઈ? દૂર થી સ્મશાન જેવી ભાસતી નિર્જીવ સુંદર દીવાલો વાળી અદ્યતન બિલ્ડિંગો પર બાજ પક્ષીઓના ટોળેટોળાં ઊડતા દેખાતા હતા. શું થયું છે? નિર્જીવ દીવાલો ને કોના ગમ મા માતમ મનાવી રહી છે અથવા મુમતાઝ વિલા માતમ ના દુખડા કેમ ગાઈ રહી છે? દર્દ ભરી દાસ્તાન માં નિર્જીવ દીવાલો રડી રહી હોય એવું લાગતું હતું.જે જગ્યા પર લાખો માણસો ની ચહલ પહલ રાત દિવસ રહેતી હતી.દિવસ ઊગતા જ અનેક મુમતાઝ વિલા ના ગદ્દાર ને ક્રૂર માંથી ક્રૂર સજા થતી ત્યારે મરનાર ની ચીસ સંભળાતી નહતી, કેમ? કેમકે મોટા ભાગની સજાઓ વિલા ના બેઝમેન્ટ એરિયા માં બનેલ ગેસ ચેમ્બર માં થતી હતી. સજા પામેલા ના શરીર ગેસ ચેમ્બર માં નામશેષ થઈ જતા હતા,શરીર નું હાડકું પણ મળવું મુશ્કેલ સમજો. મુમતાઝ વિલા ની અંદર થતી ક્રૂર પ્રવૃતિઓની નિર્જીવ દીવાલો સાક્ષી હતી પરંતુ નિર્જીવ દીવાલો ને પણ ક્રૂર સજાનો ખોફ સતાવતો હતો. અંદર નું રહસ્ય એવું તે શું છે? લાખો એકરો માં ફેલાયેલ મુમતાઝ વિલા એ ધીમેથી કહ્યું કે રહસ્ય ને રહસ્ય રહેવા દો, હાલ નિર્જીવ મુમતાઝ વિલા પર અસંખ્ય ભૂતાવળ એ સામ્રાજ્ય સ્થાપી દીધું છે.

**જાલીમ બેજાન દીવાલો કા ભી ખાસ અફસાના હોતા હૈ,**

**અફસોસ! !લીખ નહી શકતી ઔર બયા હો નહી શકતા...**

ફ્રાન્સ સરકાર પાસેથી નોર્મેન્ડી ના મુમતાઝ વિલા ની તલાસી નો સર્ચ વોરંટ લઈને સીબીઆઇ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ અન્ય ઓફિસરો સાથે સાથે નોર્મેન્ડી જવા નીકળ્યા. નોર્મેન્ડી પોહચી ને લોકલ પોલીસ ની મદદ સાથે મુમતાઝ વિલા જવા નીકળ્યા. એકીસાથે પાંચ સાત પોલીસ ની ગાડીઓ મુમતાઝ વિલા તરફ જતી જોઈને ત્યાંના લોકોને આશ્ચર્ય થયુ કે અચાનક પોલીસ કેમ? નોર્મેન્ડી ના લોકો માટે મુનમુન બેગમ એના ખુદા હતા.ત્યાંના મોટાભાગ ના લોકલ બિઝનેસ મુનમુન બેગમ ના સપોર્ટ થી સફળતા થી ચાલતા હતા.બીચ પરની હોટેલ્સ,બાર, ક્લબ,થિયેટર વગેરે પર મુનમુન બેગમ નો પુરેપુરો કબજો હતો. ભલે આ બધી પ્રોપર્ટીઓ ત્યાંના લોકલ લોકોના નામે બોલતી હોય પરંતુ એ બધી પ્રોપર્ટી ઓ માં મુનમુન બેગમ ના કરોડો રૂપિયા રોકાયેલા હતા. મોટાભાગની મુનમુન બેગમ ના કબજા વાળા બિઝનેસ નો મૂળ ધંધો ડ્રગ્સ સાથે સંકળાયેલો હતો. એકાએક સાત આઠ પોલીસની હોર્ન વગાડતી જીપ મુમતાઝ વિલા તરફ આગળ વધતા નિહાળીને લોકોમાં અંદરો અંદર ભય નો પણ માહોલ હતો પરંતુ મેડમ બધું સાંભળી લેશે એવું વિચારીને લોકો નિશ્ચિંત હતા. સાત આઠ પોલીસ જીપ મુમતાઝ વિલા ના ખુલ્લા મુખ્ય દરવાજો ની અંદર દાખલ થઈ ગઈ. પાર્કિંગ મા બધી જીપ પાર્ક થતાં સીબીઆઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ ને કાતિલ મુનમુન બેગમ નો કારસો સમજતા વાર ન લાગી. વિશાળ પાર્કિંગ લોટ માં એકપણ કાર કે ટ્રક નહતા ને વિલા ના મુખ્ય દરવાજા પર સિક્યુરિટી નહતી. ત્યાં દૂર દૂર નજર કરતા એક પણ માણસ નજરે નહતો પડતો. જ્યાં નિયમિત નાના થી લઈને મોટામાં મોટી સર્જરી અને ઈલાજ માટે આસપાસ ના ગામ માંથી લોકો આવતા હતા. મલ્ટી સ્પેશિયલિસ્ટ હોસ્પિટલ માં કમ સે કમ ચાર પાંચ હજાર નો સ્ટાફ હતો.રાતો રાત વિશાલ મલ્ટી સ્પેશિયલિસ્ટ હોસ્પિટલ નું બિલ્ડિંગ ખાલી ખમ ભાસતું હતું. બે ત્રણ રાતમાં એવું તે શું જાદુ થયું કે ડોક્ટર,દર્દીઓ સાથે નર્સ બધા ગુમ હતા. હોસ્પિટલ ના કેફેટરિયા માં નિયમિત દર્દીઓ માટે અને એની સાથે આવેલા લોકો નું ફૂડ બનતું હતું,આ બધા માટે પણ ખાસ સ્ટાફ હતો એ પણ સુમસામ હતો. સીબીઆઇ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ એ કેફેટેરિયા ના કોઠાર ના ફ્રીઝ માં તપાસ કરતા ખાલીખમ મુમતાઝ વિલા ની હોસ્પિટલ માં એનું ફ્રીઝ એ પનીર,ચીઝ, ફ્રૂટ,શાકભાજી,દૂધ,દહીં અને અન્ય બેત્રણ દિવસ ની વધેલી ફૂડ આઈટમ વગેરે થી ભરચક જોતા આશ્ચર્ય થયું. સાત આઠ લોકલ પોલીસની સાથે ભારતીય જાસૂસી સંસ્થા ના અધિકારીઓ એ ટુકડીઓ બનાવીને આખા મુમતાઝ વિલા ની તપાસ કરવાનું શરૂ કર્યું. આખો દિવસ અને રાત સુધી માં પોલીસે અને જાસૂસી સંસ્થા ના અધિકારીઓ એ મુમતાઝ મહેલ ફેંદી વળ્યા પરંતુ ક્યાંય મુનમુન બેગમ અને એના સાગરિતો નો અતોપતો ન મળિયો. સીબીઆઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ એ ટેલિફોનીક વાતચીત દરમિયાન ઘણીવાર સીબીઆઈ એજન્ટ મનું ગુપ્તા પાસેથી મુમતાઝ મહેલ ની સિક્રેટ ચેમ્બર વિશે સાંભળ્યું હતું. જ્યારે લાખો એકર થી વધારે જમીન પર ફેલાયેલ મુમતાઝ વિલા માંથી કઈ ન મળ્યું ત્યારે નોર્મેન્ડી ના લોકલ પોલીસ ઓફિસર સીબીઆઈ ઓફિસર ને સોરી કહેવા જતા હતા. ત્યારે સીબીઆઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ એ કહ્યું કે હજુ મુમતાઝ વિલા ની તપાસ અધૂરી છે ,વિલા ના બેઝમેન્ટ માં અનેક સિક્રેટ ચેમ્બર બનાવેલી છે. જ્યાં સુધી સિક્રેટ ચેમ્બર નો ખૂણેખૂણો ચેક ન થાય ત્યાં સુધી તપાસ પૂરી થઈ ન કહેવાય. નોર્મેન્ડી ની લોકલ પોલીસ એ ભારતીય સીબીઆઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ ને કહ્યું કે સોરી,રાત પડવા આવી છે એટલે અમારી ડ્યુટી બદલાતા આગળ ની તપાસ માં સહકાર આપી શકીશું નહી. જો આપને મુમતાઝ વિલા ની સર્ચ દરમિયાન આગળ ની તપાસ માં સમસ્યા થાય તો પોલીસ સ્ટેશન સંપર્ક કરજો. ત્યાંથી આપની મદદે ચોકી પરનો હાજર પોલીસ ફોર્સ તાત્કાલિક રવાના થઈ જશે. ચાર જીપ ત્યાં જ મૂકીને બાકીની ચાર જીપ માં બેસી લોકલ પોલીસ રવાના થઇ ગઈ. ઓપરેશન 'ડાકણ' ને નિષ્ફળતા મળતા નિરાશ વદને એ મુમતાઝ વિલા ના ગાર્ડન ના બાંકડે બેઠેલ સીબીઆઈ ઓફિસર પ્રદ્યુમ્ન ના ખંભે હાથ મૂકતા એજન્ટ દીપ રાઠોડ એ કહ્યું કે સર,મુનમુન બેગમ ના સિક્રેટ રેસિડેન્ટ ની તલાસી લેતી વખતે મુખ્ય પ્રવેશ ની સાઈડ ની દીવાલ પર મુમતાઝ વિલાનો મેપ દોરેલો છે. એજન્ટ દીપ રાઠોડ ની વાત સાંભળતા જ સીબીઆઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ ના મુખ પર ચમક આવી ગઈ ને એ પોતાના કાફલા ની સાથે મુનમુન બેગમ ના સિક્રેટ રેસિડેન્ટ તરફ જવા નીકળ્યા.



મર્ડર મિસ્ટ્રી કેસ

- રુપાલી દવે

સીબીઆઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ એ મુનમુન બેગમ ના સિક્રેટ રેસિડેન્ટ ની દિવાલ પરના મેપ નું નિરીક્ષણ કરતા એજન્ટ દીપ રાઠોડ ને કહ્યું કે મેપ પરથી સમજાય છે કે રેસિડેન્ટ ના બેઠક ખંડ ના સોફાની પાછળ લાગવેલ હેન્ડલ સિક્રેટ ચેમ્બર ના ગેટ ખોલવાનો હશે. સીબીઆઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ અને એજન્ટ દીપ રાઠોડ એ બેઠક ખંડ ની અંદર પ્રવેશી ને સોફા પાછળ નું હેન્ડલ જેવું ગોળ ફેરવ્યું એ ભેગા બેઠક ખંડ ની જમણી બાજુની દીવાલ ખસતા સિક્રેટ ચેમ્બર ના બેઝમેન્ટ તરફ ના દાદરા દૃશ્યમાન થયા. સિક્રેટ ચેમ્બર નો દરવાજો ખુલતા જ અસહ્ય સડી ગયેલા માસ ની દુર્ગંધ આવવા લાગી. સીબીઆઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ અને એજન્ટ દીપ રાઠોડ સાથે અન્ય સીબીઆઈ ના અધિકારીઓ એ મોં પર રૂમાલ બાંધી ને સિક્રેટ ચેમ્બર ના દાદરા ઉતરી ને એની અંદર પ્રવેશ્યા. પ્રવેશતા જ નજર સામે અત્યંત ભયાનક દૃશ્ય નજરે પડ્યું,છત સુધી ખચાખચ માનવ મૃત દેહ થી ભરેલ વિશાળ બેઝમેન્ટ, દૂર દૂર જ્યાં નજર કરો ત્યાં મૃતદેહ દેખાતા હતા, સીબીઆઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ ના મુખ માંથી દૃશ્ય જોતાજ દર્દ સાથે ઉદગાર નીકળી ગયું ઓહ!!નો..

...ક્રમશ...

હાલ અક્ષય ખન્ના ફિલ્મ 'છાવા'ને કારણે સમાચારમાં છે. આ ફિલ્મમાં તેણે ઔરંગઝેબની ભૂમિકા ભજવી હતી. અક્ષયનું આ પાત્ર આજકાલ સમાચારમાં છે કારણ કે આ ફિલ્મ રિલીઝ થયા પછી નાગપુરમાં એક મોટો વિવાદ થયો હતો. અક્ષયે ઔરંગઝેબના પાત્રમાં પ્રાણ ફૂંક્યો હતો. અક્ષય ખન્નાએ ભલે સુપરસ્ટારનું બિરુદ ન મેળવ્યું હોય, પરંતુ જ્યારે પણ તે પડદા પર આવે છે, ત્યારે તે એક અનોખી છાપ છોડી જાય છે, જેની ખૂબ ચર્ચા થાય છે. ફિલ્મોમાં પોતાની દમદાર એક્ટિંગ ઉપરાંત, અક્ષય ખન્ના પોતાના પર્સનલ જીવનને કારણે પણ ચર્ચામાં રહે છે. અક્ષયનું નામ ઘણી એક્ટ્રેસ સાથે જોડાયું હતું, પરંતુ આજે પણ તે સિંગલ જીવન જીવી રહ્યો છે. એક ઈન્ટરવ્યૂ દરમિયાન, તેણે કહ્યું હતું કે- અત્યાર સુધી તેને એવી છોકરી મળી જ નથી જેની સાથે તે લગ્ન કરી શકે.

# અક્ષય ખન્ના @50: ઐશ્વર્યાને સૌથી સેક્સી એક્ટ્રેસ માને છે, રિલેશનશિપમાં ટકી શકતો નથી



અક્ષય ખન્ના અને કરિશ્માના સંબંધમાં બબીતા વિલન બની અજય દેવગન સાથેના બ્રેકઅપ પછી જ્યારે કરિશ્મા કપૂર મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી હતી, ત્યારે તેની મુલાકાત અક્ષય ખન્ના સાથે થઈ. અહેવાલો અનુસાર, અક્ષય ખન્ના અને કરિશ્મા કપૂર વચ્ચે નિકટતા વધવા લાગી અને વાત લગ્ન સુધી પહોંચી ગઈ. વાસ્તવમાં, વિનોદ ખન્નાએ પુત્ર અક્ષય માટે પોતાના મિત્ર રણધીર કપૂરની પુત્રી કરિશ્માની માગણી કરી હતી. પરંતુ કરિશ્માની માતાએ આ સંબંધને નકારી દીધો હતો. તે સમયે કરિશ્માની કારકિર્દી ટોચ પર હતી. બબીતા (કરિશ્માની માતા) નહોતી ઈચ્છતી કે તેની પુત્રી કરિશ્મા કપૂર તેના કરિયરના આ તબક્કે લગ્ન કરે, તેથી તેણે આ સંબંધનો ઈનકાર કરી દીધો.

ઐશ્વર્યા રાય સાથે પણ નામ જોડાયેલું છે અક્ષય ખન્નાનું નામ ઐશ્વર્યા રાય સાથે પણ જોડાયું હતું. 'આ અબ લૌટ ચલેં' અને 'તાલ' જેવી ફિલ્મોમાં કામ કરતી વખતે અક્ષયને ઐશ્વર્યા સાથે પ્રેમ થઈ ગયો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ ફિલ્મોના શૂટિંગ દરમિયાન બંને ખૂબ નજીક આવી ગયા હતા. અમેરિકામાં ફિલ્મ 'આ અબ લૌટ ચલેં'નું શૂટિંગ કરતી વખતે, બંનેને એવું લાગવા લાગ્યું કે તેઓ એકબીજાના પ્રેમમાં છે. તે સમયે ઐશ્વર્યા રાય ઈન્ડસ્ટ્રીમાં નવી હતી. તેના અફેરના સમાચારે મીડિયામાં ઘણી હેડલાઈન્સ બનાવી.

એવું કહેવાય છે કે અક્ષય ખન્ના અને ઐશ્વર્યા રાય લગભગ એક વર્ષથી રિલેશનશિપમાં હતા. તે જ સમયે, ઐશ્વર્યા રાયે સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'હમ દિલ દે ચૂકે સનમ' સાઈન કરી હતી. આ ફિલ્મના શૂટિંગ દરમિયાન, ઐશ્વર્યાની સલમાન સાથે નિકટતા વધી ગઈ અને ઐશ્વર્યા અક્ષય ખન્નાના જીવનમાંથી દૂર થઈ ગઈ. ઐશ્વર્યા પરથી નહોતી હટતી અક્ષયની નજર અક્ષય ખન્નાએ એક ઈન્ટરવ્યૂમાં એક વાતનો ઉલ્લેખ કર્યો હતો કે તે જ્યારે પણ ઐશ્વર્યાને મળતો ત્યારે તે તેના પરથી નજર હટાવી શકતો ન હતો. એટલું જ નહીં, તેણે એ પણ સ્વીકાર્યું કે જ્યારે પણ ઐશ્વર્યા તેની સામે આવે છે, ત્યારે તે તેની સામે જોવાથી પોતાને રોકી શકતો નહોતો કારણ કે તે ખૂબ જ સુંદર છે.

ઐશ્વર્યા રાયને ઈન્ડસ્ટ્રીની સૌથી સેક્સી એક્ટ્રેસ માને છે વર્ષ 2017 માં, અક્ષય ખન્ના તેની ફિલ્મ 'ઈત્તેફાક' ના પ્રમોશન દરમિયાન કરણ જોહરના ટોક શોમાં આવ્યા હતા. આ શો દરમિયાન, જ્યારે કરણ જોહરે અક્ષય ખન્નાને પૂછ્યું કે- ઈન્ડસ્ટ્રીની સૌથી સેક્સી એક્ટ્રેસ કોણ છે? આ પ્રશ્નના જવાબમાં અક્ષય ખન્નાએ ઐશ્વર્યા રાયનું નામ લીધું.

પહેલી નજરે શ્રિયા સરન ગમી ગઈ હતી અક્ષય ખન્નાનું નામ એક્ટ્રેસ શ્રિયા સરન સાથે પણ જોડાયું છે. શ્રિયા સરન સાથે ત્યારે જોડાયું હતું જ્યારે બંને ફિલ્મ 'ગલી ગલી મેં ચોર હૈ'માં કામ કરી રહ્યા હતા. 2011માં ETimes માં પ્રકાશિત થયેલા એક અહેવાલ મુજબ, અક્ષય અને શ્રિયા સરન પહેલી નજરમાં જ એકબીજાના પ્રેમમાં પડી ગયા હતા. જોકે, પછીથી બંને એકબીજાથી અલગ થઈ ગયા, પરંતુ તેમની વચ્ચે સારો સંબંધ હતો. અક્ષય ખન્ના અને શ્રિયા સરન ફિલ્મ 'દ્રશ્યમ 2' માં જોવા મળ્યાં હતાં. એક્ટ્રેસ તારા શર્મા સાથે પણ રિલેશનશિપમાં હતો અક્ષય ખન્નાનું નામ એક્ટ્રેસ તારા શર્મા સાથે પણ જોડાયું છે. એવું કહેવાય છે કે અક્ષય અને તારા શર્મા બે વર્ષ સુધી એકબીજા સાથે રિલેશનશિપમાં હતા, પરંતુ 2006 માં તેમનું બ્રેકઅપ થઈ ગયું.

ઉર્વશી શર્મા સાથેના સંબંધો પણ આગળ ન વધ્યા તારા શર્મા સાથેના બ્રેકઅપ પછી, એક્ટ્રેસ ઉર્વશી શર્માએ અક્ષય ખન્નાના જીવનમાં પ્રવેશ કર્યો. એવું કહેવાય છે કે અક્ષય અને ઉર્વશી ફિલ્મ 'નકાબ'ના સેટ પર નજીક આવ્યા હતા, પરંતુ આ સંબંધ પણ લાંબો સમય ટકી શક્યા નહીં. રિયા સેન સાથે બે વાર બ્રેકઅપ રિયા સેને અક્ષય ખન્ના સાથે ફિલ્મ 'લવ યુ હમેશા'માં કામ કર્યું હતું. આ ફિલ્મના શૂટિંગ દરમિયાન બંને વચ્ચે નિકટતા વધી અને પછી તેઓએ એકબીજાને ડેટ કરવાનું શરૂ કર્યું.

બંને થોડા દિવસ રિલેશનશિપમાં રહ્યા, પછી રિયાને જોન અબ્રાહમ સાથે પ્રેમ થઈ ગયો અને તેણે અક્ષય સાથે બ્રેકઅપ કરી લીધું. જોકે, જોન સાથે બ્રેકઅપ પછી અક્ષય અને રિયા ફરી એકવાર સાથે આવ્યા અને તેના સંબંધોને બીજી તક આપી, પરંતુ આ વખતે, તે સમયના ઉભરતા ક્રિકેટર શ્રીસંતે રિયાના જીવનમાં પ્રવેશ કર્યો. આ કારણે રિયાએ ફરી એકવાર અક્ષય સાથે બ્રેકઅપ કરી લીધું. બ્રિટિશ મોડેલ સેરા સાથે પણ નિકટતા વધી અક્ષય ખન્નાનું મોડેલ સેરા સાથે પણ અફેર રહ્યું છે. સેરા એક બ્રિટિશ મોડેલ છે. એવું કહેવાય છે કે બંનેની મુલાકાત ઈંગ્લેન્ડના પ્રવાસમાં થઈ હતી. બાદમાં સેરા ભારત શિફ્ટ થઈ ગઈ અને પોતાનો ફેશન બિઝનેસ શરૂ કર્યો. અહેવાલો અનુસાર, સેરા સાથે રહેતા હતા ત્યારે અક્ષય એક જર્મન છોકરીની નજીક આવવા લાગ્યો હતો. આ કારણે સેરાએ અક્ષય સાથે સંબંધ તોડી નાખ્યો.

'મને લગ્ન માટે યોગ્ય છોકરી મળી નહીં' લગ્નના પ્રશ્ન પર એક ઈન્ટરવ્યૂ દરમિયાન, અક્ષય ખન્નાએ કહ્યું હતું કે- તેને હજુ સુધી એવી છોકરી મળી નથી જે લગ્ન માટે જરૂરી જીવનસાથી હોય. તેણે કહ્યું હતું- હું લગ્ન વિશે ત્યારે જ વિચારી શકીશ જ્યારે મને યોગ્ય છોકરી મળશે. ફક્ત લગ્ન કરવા ખાતર જ લગ્ન ન કરવા જોઈએ. આજ સુધી મને એવી કોઈ છોકરી મળી નથી જેની સાથે હું સમય વિતાવી શકું.

'લગ્ન પછી ઘણા સમાધાન કરવા પડે છે' અક્ષય ખન્નાએ ઈન્ટરવ્યૂ દરમિયાન એમ પણ કહ્યું હતું કે- જ્યારે પણ તે લગ્ન કરશે ત્યારે તે ફક્ત લવ મેરેજ જ હશે. તેને અરેન્જ મેરેજ પસંદ નથી. તેણે કહ્યું હતું કે- લગ્ન પછી ઘણા સમાધાન કરવા પડે છે. હું ત્યારે જ સમાધાન કરી શકીશ જ્યારે હું પ્રેમમાં પાગલ થઈશ. ભગવાને મારા લગ્નનું આયોજન કર્યું હશે. ભલે મને ખબર ન હોય.

# 'ગોલમાલ' ફેમ એક્ટર પર 'ગોલમાલ'નો આરોપ...

## શ્રેયસ તલપડે વિરુદ્ધ છેતરપિંડીના 3 કેસ, પૈસા બમણા કરવાના નામે લાખોની ઠગાઈ કરી...

(એજન્સી) મુંબઈ | તા.28

'ગોલમાલ રિટર્ન્સ', 'ગોલમાલ 3' અને 'ઈમરજન્સી' જેવી ફિલ્મમાં જોવા મળેલા એક્ટર શ્રેયસ તલપડે વિરુદ્ધ ઉત્તર પ્રદેશમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશમાં કરોડોના ચિટ ફંડ કૌભાંડમાં એક્ટરનું નામ સામેલ હોવાના આરોપો છે. ઉપરાંત અન્ય 14 લોકો સામે પણ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

IANSના અહેવાલ મુજબ, એક્ટર શ્રેયસ તલપડે લોની અર્બન મલ્ટીસ્ટેટ ક્રેડિટ એન્ડ થ્રિફ્ટ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ કંપની સાથે સંકળાયેલા છે. આ કંપની ગ્રામજનો પાસેથી પૈસા લે છે અને બમણું વળતર આપવાના દાવાઓ કરે છે. આ યોજનામાં રોકાણ કરનારાઓને કહેવામાં આવ્યું હતું કે- શ્રેયસ તલપડે પણ કંપની સાથે સંકળાયેલા છે. એવો પણ આરોપ લાગ્યો છે કે પૈસા ડબલ કરવા લાલચ આપી ઘણા ગ્રામજનો પાસેથી લાખો રૂપિયા લેવામાં આવ્યા હતા.

ગ્રામજનોનો આરોપ છે કે આ કંપનીની ઓફિસ 10 વર્ષ પહેલા મહોબામાં શરૂ કરવામાં આવી હતી. તે શ્રેયસ તલપડેનો ચહેરો બતાવીને યોજનાનો પ્રચાર કરતા હતા, જેના કારણે લોકો આ યોજના પર સરળતાથી વિશ્વાસ કરી લેતા હતા. સમયાંતરે ગામલોકોએ નાની રકમ જમા કરાવી, જે લાખો સુધી પહોંચી ગઈ. પૈસા જમા કરાવનારાઓમાં મિકેનિક અને મંજૂરીનું કામ કરતા લોકોનો સમાવેશ થાય છે. લોકો આ યોજના પાછળ પોતાની વર્ષોની મહેનત લગાડી દીધી હતી.

જ્યારે લોકોએ કંપનીને પૈસા પરત કરવા કહ્યું, ત્યારે કંપનીના એજન્ટોએ અચાનક ઓફિસ બંધ કરી દીધી અને જિલ્લામાંથી ભાગી ગયા. આ કેસમાં, કંપનીના ચેરમેન શ્રેયસ તલપડે સહિત 15 લોકો વિરુદ્ધ મહોબાના શ્રીનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. અધિકારીઓએ આ મામલાની તપાસ શરૂ કરી દીધી છે. તપાસમાં જાણવા મળ્યું છે કે કંપનીના બધા નંબર બંધ છે.

**કેટલા લોકો સામે કેસ નોંધાયો છે આ મામલે મહારાષ્ટ્રના રહેવાસી ચેરમેન** સમીર અગ્રવાલ, પત્ની સાનિયા અગ્રવાલ, સંજય મુદગિલ, શ્રેયસ તલપડે, લલિત વિશ્વકર્મા, ડાલચંદ્ર કુશવાહા, સુનીલ વિશ્વકર્મા, સચિન રૈકવાર, કમલ રૈકવાર, સુનીલ રૈકવાર, મહેશ રૈકવાર, મોહન કુશવાહા, જીતેન્દ્ર નામદેવ તેમજ નારાયણ સિંહ રાજપૂતના વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે. અગાઉ પણ શ્રેયસ તલપડે સામે છેતરપિંડીના આરોપો લાગ્યા છે ચિટ ફંડ કેસ પહેલા પણ શ્રેયસ તલપડે પર છેતરપિંડીના આરોપો લાગી ચૂક્યો છે. આ વર્ષની શરૂઆતમાં, શ્રેયસ તલપડે અને આલોક નાથ પર લખનઉના રોકાણકારો સાથે 9 કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ ફરિયાદ લખનઉના ગોમતી નગર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. આ ઉપરાંત હરિયાણાના સોનીપતમાં મલ્ટી-લેવલ માર્કેટિંગમાં છેતરપિંડીના કેસમાં આલોક નાથ અને શ્રેયસના નામ પણ સામે આવ્યા છે.

શ્રેયસ તલપડેની આગામી ફિલ્મો શ્રેયસ તલપડે જાન્યુઆરીમાં રિલીઝ થયેલી ફિલ્મ 'ઈમરજન્સી'માં જોવા મળ્યો હતો. આગામી દિવસોમાં, તે મલ્ટીસ્ટારર ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ' માં જોવા મળશે. આ ફિલ્મમાં તેમના સિવાય અક્ષય કુમાર, રવિના ટંડન, જેકલીન ફર્નાન્ડીઝ, જોની લીવર, રાજપાલ યાદવ, સુનીલ શેટ્ટી જેવા ઘણા કલાકારો મહત્વપૂર્ણ ભૂમિકામાં છે.



# જયા બચ્ચને સાસુ-વહુના સંબંધ વિશે કરી વાત

## કહ્યું- હું પીઠ પાછળ ક્યારે ખોદણી નથી કરતી, જે હોય તે મોઢે જ કહી દઉં છું

(એજન્સી) મુંબઈ | તા.28



જયા બચ્ચન અને તેમની પુત્રવધૂ ઐશ્વર્યા ભાગ્યે જ સાથે જોવા મળે છે. જેના કારણે એવી અફવાઓ છે કે બંને વચ્ચે બધુ બરાબર નથી ચાલી રહ્યું. જોકે, જયાએ ઐશ્વર્યા સાથેના તેના સંબંધો વિશે ઘણી વાર વાત કરી છે. એકવાર તેમણે કહ્યું હતું કે ઐશ્વર્યા તેની ફ્રેન્ડ છે.

'ઐશ્વર્યા મારી પુત્રવધૂ નહીં, દીકરી છે' જયા બચ્ચને એક જૂના ઈન્ટરવ્યૂમાં તેમની પુત્રવધૂ ઐશ્વર્યા રાય સાથેના તેમના બંધન વિશે વાત કરી હતી. આ દરમિયાન જયા બચ્ચને કહ્યું હતું કે, તે મારી મિત્ર છે. જો મને તેની કોઈ વાત ન ગમે, તો હું તેને સામે જ કહી દઉં છું. હું તેની પીઠ પાછળ રાજકારણ નથી કરતી. તેવી જ રીતે, જો તેને મારી કોઈ વાત ગમતી નથી, તો તે મારી પાસે આવે છે અને તેના વિશે કહે છે. 'હું ઐશ્વર્યાને બિલકુલ ખીજાતી નથી' જયા બચ્ચનને એક જૂના ઈન્ટરવ્યુમાં ફેશન ડિઝાઈનર્સ અબુ જાની અને સંદીપ ખોસલાએ પૂછ્યું હતું કે શું તે ઐશ્વર્યાને ખીજાય છે? આ પ્રશ્નનો જવાબ આપતાં જયાએ કહ્યું હતું કે- તે મારી દીકરી નથી, તે મારી પુત્રવધૂ છે. મારે તેને કેમ ખીજાવું પડે? મને ખાતરી છે કે તેની માતા તેને ખીજાતી હશે. દીકરી અને વહુ વચ્ચે ફરક છે. મને ખબર નથી કેમ, પણ શું તમને નથી લાગતું કે તમારે તમારા માતાપિતાનો આદર કરવાની જરૂર નથી. એક દીકરી તરીકે, તમે તમારા માતાપિતાને હળવાશથી લઈ શકો છો. પણ તમે તમારા સાસરિયાઓ સાથે એવું ન કરી શકો.

અમિતાભ ઐશ્વર્યાને શ્વેતા જેવી જ માને છે જયા બચ્ચને અમિતાભ અને ઐશ્વર્યા વચ્ચેના સંબંધ વિશે પણ વાત કરી. તેમણે કહ્યું હતું કે, અમિતજી ઐશ્વર્યા સાથે શ્વેતાની જેમ જ વર્તે છે. તે શ્વેતાને જે રીતે રાખે છે તે જ રીતે તે ઐશ્વર્યાને રાખે છે. ઐશ્વર્યાને જોતાં જ એવું લાગે છે કે જાણે તે શ્વેતાને ઘરે આવતી જોઈ રહ્યા છે. તેની આંખો ચમકી ઉઠે છે. શ્વેતાની ગેરહાજરીને કારણે અમિતજી જે ખાલીપણું અનુભવે છે તે તે ભરી દે છે.

ઐશ્વર્યા અને અભિષેકે 2007 માં લગ્ન કર્યા હતા અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાયના લગ્ન વર્ષ 2007માં થયા હતા. બંનેના લગ્નને 17 વર્ષ થઈ ગયા છે.

# પ્રભાસના પરણવાની વાતો ખાલી અફવા!

## 'બાહુબલી' હૈદરાબાદનો જમાઈ નહીં બને, તમામ દાવાઓ ટીમે નકારી કાઢ્યા; અનુષ્કા શેટ્ટી સાથે પણ નામ જોડાયું હતું

(એજન્સી) મુંબઈ | તા.28

'બાહુબલી' એક્ટર પ્રભાસ અને તેલુગુ એક્ટ્રેસ અનુષ્કા શેટ્ટીની ડેટિંગની અટકળો વચ્ચે અચાનક ન્યૂઝ-18 તેલુગુના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, એક્ટરના પરિવારે હૈદરાબાદ સ્થિતિ એક ઉદ્યોગપતિની દીકરી સાથે તેના લગ્ન નક્કી કરી નાખ્યા છે. વધુમાં ઉમેર્યું કે, પ્રભાસના સ્વર્ગસ્થ કાકા અને એક્ટર- રાજકારણી કૃષ્ણમ રાજુના પત્ની શ્યામલા દેવીએ તેના લગ્નની તૈયારીઓ હાથ ધરી છે.

45 વર્ષીય પ્રભાસ હજુ સુધી સિંગલ છે. ફિલ્મો ઉપરાંત તે અવારનવાર કો-એક્ટર અનુષ્કા શેટ્ટી સાથે ડેટિંગની અટકળોને લઈને ચર્ચામાં રહે છે. જોકે, બંને કલાકારો સતત આ દાવાઓને નકારી કાઢે છે. તેવામાં અનુષ્કાના બદલે હૈદરાબાદની યુવતી સાથે લગ્નની વાત બહાર આવતા બંનેના ફેન્સમાં નિરાશા જોવા મળી હતી.


સાથે જ હૈદરાબાદના કયા ઉદ્યોગપતિની દીકરી સાથે લગ્ન થવાના છે તે અંગે પણ પ્રશ્નો ઉઠ્યા હતા.

તેવામાં હિન્દુસ્તાન ટાઈમ્સે પ્રભાસની ટીમનો સંપર્ક કર્યો ત્યારે, ટીમે હૈદરાબાદ સ્થિત ઉદ્યોગપતિની દીકરી સાથે એક્ટરના લગ્નના સમાચારને નકારી કાઢ્યા અને તેને અફવા ગણાવી. મુંબઈ સ્થિત એક્ટરના પ્રવક્તાએ પણ આ સમાચારને ખોટા ગણાવ્યા છે.

અગાઉ 'આદિપુરુષ'ના શૂટિંગ દરમિયાન કૃતિ સેનન સાથે તેના સંબંધો હોવાની અફવાઓ પણ ફેલાઈ હતી. જોકે, તે સમયે એક્ટરે જણાવ્યું હતું કે, તે હજુ સુધી સિંગલ જ છે.



દરમિયાન પ્રભાસે તેના ફિલ્મ પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. હાલમાં તે 'ધ રાજા સાબ' અને ડિરેક્ટર હનુ રાઘવપુડીની ફિલ્મ 'ફૌજી' પર કામ કરી રહ્યો છે. ઉપરાંત તે સંદીપ રેડ્ડી વાંગાની 'સ્પિરિટ', નાગ અશ્વિનની 'કલ્કી-2' અને પ્રશાંત નીલની 'સલાર-2: શૌર્યંગા પર્વમ' ફિલ્મ કરી રહ્યો છે.



# સારાને આલિયાની ઈર્ષ્યા થાય છે!: એક્ટ્રેસે કહ્યું- નેશનલ એવોર્ડ મળ્યા પછી એવું લાગતું કે તેનું જીવન સેટ થઈ ગયું, પરંતુ તેણે કરેલી મહેનતને ભૂલી ગઈ હતી

(એજન્સી) મુંબઈ | તા.28

આલિયા ભટ્ટ હાલમાં ઈન્ડસ્ટ્રીની ટોચની હિરોઈન છે. આ એક્ટ્રેસ પોતાની પર્સનલ અને પ્રોફેસનલ લાઈફના કારણે ચર્ચામાં રહે છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં એક્ટ્રેસ સારા અલી ખાને ખુલાસો કર્યો કે તે આલિયા ભટ્ટથી ઈર્ષ્યા કરતી હતી. તેણે કહ્યું- મેં એક્ટ્રેસના જીવનમાં આવતા પડકારો વિશે વિચાર્યું નહતું. મને માત્ર તેની સફળતા દેખાતી હતી.

જ્યારે આલિયાને નેશનલ એવોર્ડ મળ્યો. તે સમયે મને લાગ્યું, ભગવાન તે આ એવોર્ડ જીતી ગઈ! તેને એક બાળક પણ છે. તેનું જીવન સેટ છે. પણ મને ખબર નથી કે આ બધું પ્રાપ્ત કરવા માટે તેને શું સહન કરવું પડ્યું. સારા વધુમાં કહ્યું- દરેક સિક્કાની બે બાજુ હોય છે. કોઈની ઈર્ષ્યા કરતા પહેલા, તમારે તે વ્યક્તિની આખી સ્ટોરી જાણવી જોઈએ. ઘણીવાર આપણે કોઈની મહેનત જાણ્યા વિના તેની ઈર્ષ્યા કરીએ છીએ. આપણે ફક્ત બીજાઓની સફળતા જોઈએ છીએ. તેણે કહ્યું- આની પાછળ શું ચાલી રહ્યું છે તે આપણે જોઈ શકતા નથી. ઈર્ષ્યા એટલે અંધત્વ છે.

આલિયા ભટ્ટને વર્ષ 2022માં તેમની ફિલ્મ 'ગંગુબાઈ કાઠિયાવાડી' માટે બેસ્ટ એક્ટ્રેસનો નેશનલ એવોર્ડ મળ્યો હતો. તે જ વર્ષે એપ્રિલમાં, તેણે એક્ટર રણબીર કપૂર સાથે લગ્ન કર્યા. બંને નવેમ્બર 2022માં રાહાના માતા-પિતા બન્યા. સારા અલી ખાન વિશે વાત કરીએ તો, તેણે 2018માં ફિલ્મ 'કેદારનાથ' થી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. સારાની 'સ્કાય ફોર્સ' આ વર્ષે રિલીઝ થઈ હતી.

# બ્રિટને ઓસ્કરમાં મોકલેલી સંતોષ ભારતમાં સેન્સરમાં અટવાઈ...

મુંબઈ : બ્રિટને પોતાની ઓફિશિયલ એન્ટ્રી તરીકે ઓસ્કર એવોર્ડ માટે મોકલેલી ભારતીય ફિલ્મ સર્જક સંધ્યા સૂરીની ફિલ્મ 'સંતોષ' ભારતમાં સેન્સર બોર્ડમાં અટવાઈ ગઈ છે. આથી આ ફિલ્મ ભારતમાં થિયેટરમાં રીલિઝ થઈ શકશે કે કેમ તે અંગે સવાલ સર્જાયો છે.

એક વિધવા મહિલા પોતાના પતિના સ્થાને પોલીસદળમાં નોકરી મેળવે ચે અને કેવી રીતે એક દલિત યુવતીની હત્યા જેવા સેન્સિટિવ કેસને હેન્ડલ કરે છે તેની વાર્તા કહેતી આ ફિલ્મમાં ભારતીય અભિનેત્રી શહાના ગોસ્વામીએ મુખ્ય ભૂમિકા ભજવી છે.

શહાનાએ જણાવ્યું હતું કે સેન્સર બોર્ડ દ્વારા ફિલ્મમાં કટ્સનું એક લાંબુલચક લિસ્ટ પકડાવી દેવાયું છે. આ તમામ કટ્સ કરવા જઈએ તો ફિલ્મનું હાર્દ જ મરી જાય તેમ છે. ફિલ્મની સર્જક સંધ્યા સૂરીએ પણ સેન્સર બોર્ડના વાંધાઓને ભારે નિરાશાજનક ગણાવ્યા હતા. તેણે કહ્યું હતું કે અમે આ ફિલ્મમાં જે મુદ્દા ઉઠાવ્યા છે તેના વિશે ભારતમાં બધા જાણે જ છે અને બીજી ફિલ્મોમાં પણ તે વિશે દર્શાવાયું જ છે. આમ છતાં આ




ફિલ્મને શા માટે રોકવામાં આવી છે તે સમજાતું નથી. આ ફિલ્મને દેશ વિદેશમાં ભરપૂર પ્રશંસા મળી છે. મુંબઈમાં પણ તે એક ફિલ્મ ફેસ્ટિવલમાં દર્શાવાઈ ચૂકી છે. સેન્સર બોર્ડના એક સભ્યના જણાવ્યા અનુસાર સર્જકો એક પણ કટને સ્વીકારવા તૈયાર નથી અને તેના કારણે મડાગાંઠ સર્જાઈ છે.

# આમિર યુ ટ્યૂબર બન્યો, યુ ટ્યૂબ ચેનલ શરુ કરી : ફિલ્મોની પડદા પાછળની વાતો કહેશે

મુંબઈ : એક્ટર આમિર ખાન હવે યુ ટ્યૂબર બની ગયો છે. તેણે 'આમિર ખાન ટોકીઝ' નામની યુ ટ્યૂબ ચેનલ શરુ કરી છે. તેણે શરુઆતના કેટલાક વીડિયોમાં 'લગાન'નાં નિર્માણ વિશેની વાતો ઉપરાંત 'લાપત્તા લેડીઝ'માં તેના નિષ્ફળ ઓડિશનની વાતો શેર કરી છે.

આ ચેનલના ઈન્ટ્રોડક્શન સ્ટુડિયોમાં આમિરે જણાવ્યુ હતું કે ફિલ્મોની નિર્માણ પ્રક્રિયા પાછળ પણ કેટલીક સ્ટોરીઝ હોય છે. આ સ્ટોરીઝ પોતે કોઈ મધ્યસ્થી વિના સીધા જ દર્શકો સાથે શેર કરવા માગે છે. આથી તેણે આ યુ ટ્યૂબ ચેનલ ચાલુ કરી છે. તે આ ચેનલ દ્વારા પોતાની ફિલ્મ કારકિર્દીની વાતો જુદા જુદા એન્ગલથી રજૂ કરશે.

આ ચેનલ પરથી આમિરની સુપરહિટ ફિલ્મ 'લગાન'નાં ભુજમાં થયેલાં શૂટિંગ વિશેની કેટલીય જાણી અજાણી વાતો શેર કરવામાં આવી છે. આ ફિલ્મમાં સેટ પર જ ડાયલોગ્સનું રેકોર્ડિંગ થયું હતું, આમિરે ક્રાઉડ કન્ટ્રોલ કરવામાં કેવી મહેનત કરી હતી, ચલે ચલો ગીતનાં લિરિક્સમાં જાવેદ અખ્તરે કેવા ફેરફારો સૂચવ્યા હતા, રિના દત્તાએ ફિલ્મના એક્ઝિક્યુટિવ પ્રોડ્યૂસર તરીકે કામ કર્યું હતું વગેરે કેટલીય વાતો આ વીડિયોમાં સમાવી લેવાઈ છે.



એ જ રીતે આ ચેનલ પરથી આમિરે 'લાપત્તા લેડીઝ' માં ઈન્સ્પેક્ટરના રોલ માટે આપેલાં ઓડિશનનો વીડિયો પણ રીલિઝ કરાયો છે. ઉલ્લેખનીય છે કે બાદમાં આ રોલ રવિ કિશનને ફાળે ગયો હતો અને રવિ કિશનને આ રોલ માટે કેટલાય એવોર્ડ પણ મળ્યા છે.

THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT. THIS DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES.
THIS PUBLIC ANNOUNCEMENT IS NOT INTENDED FOR PUBLICATION OR DISTRIBUTION, DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA

DESCO INFRATECH LIMITED

# DESCO INFRATECH LIMITED

Scan this QR code to view the RHP

**CIN: U45201GJ2011PLC063710**

Our Company was originally incorporated under the name *"Desco Infratech Private Limited"* under the provisions of the Companies Act, 1956 vide Certificate of Incorporation dated January 19, 2011, issued by the Registrar of Companies Gujarat. Subsequently, the status of the Company was changed to public limited and the name of our Company was changed to *"Desco Infratech Limited"* vide Special Resolution passed by the Shareholders at the Extra Ordinary General Meeting of our Company held on June 01, 2024. The fresh certificate of incorporation consequent to conversion was issued on July 26, 2024, by Centralised Processing Centre. For further details on incorporation and registered office of our Company, see ***"History and Certain Corporate Matters"*** beginning on page 189 of the Prospectus.

**Registered Office:** A-703, Swastik Universal, Next to Valentine Theatre, Dumas Road, Umra, Surat, Gujarat- 395007 India;
**Tel:** +91 7574 999 097 | **E-mail:** investors@descoinfra.co.in | **Website:** www.descoinfra.co.in
**Contact Person:** Ms. Gandharva Javanika, Company Secretary and Compliance Officer

## THE PROMOTERS OF OUR COMPANY ARE MS. INDIRABEN PRUTHUBHAI DESAI, MR. PANKAJ PRUTHU DESAI, MS. HINA PANKAJ DESAI, MR. MALHAR P DESAI AND MR. SAMARTH PANKAJ DESAI

**"THE ISSUE IS BEING MADE IN ACCORDANCE WITH CHAPTER IX OF THE SEBI ICDR REGULATIONS (IPO OF SMALL AND MEDIUM ENTERPRISES) AND THE EQUITY SHARES ARE PROPOSED TO BE LISTED ON SME PLATFORM OF BSE (BSE SME)."**

## BASIS OF ALLOTMENT

**INITIAL PUBLIC OFFER OF 20,50,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10/- EACH (THE "EQUITY SHARES") OF DESCO INFRATECH LIMITED ("OUR COMPANY" OR "DESCO INFRATECH" OR "THE ISSUER") FOR CASH AT A PRICE OF ₹ 150/- PER EQUITY SHARE INCLUDING A SHARE PREMIUM OF ₹ 140/- PER EQUITY SHARE (THE "ISSUE PRICE") AGGREGATING TO ₹ 3,075.00 LAKHS ("THE ISSUE"), OF WHICH 1,07,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10/- EACH FOR CASH AT A PRICE OF ₹ 150/- PER EQUITY SHARE INCLUDING A SHARE PREMIUM OF ₹ 140/- PER EQUITY SHARE AGGREGATING TO ₹ 160.50 LAKHS WILL BE RESERVED FOR SUBSCRIPTION BY MARKET MAKER TO THE ISSUE (THE "MARKET MAKER RESERVATION PORTION"). THE ISSUE LESS THE MARKET MAKER RESERVATION PORTION i.e., NET ISSUE OF 19,43,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10/- EACH AT A PRICE OF ₹ 150/- PER EQUITY SHARE INCLUDING A SHARE PREMIUM OF ₹ 140/- PER EQUITY SHARE AGGREGATING TO ₹ 2,914.50 LAKHS IS HEREIN AFTER REFERRED TO AS THE "NET ISSUE". THE ISSUE AND THE NET ISSUE WILL CONSTITUTE 26.71 % AND 25.31 % RESPECTIVELY OF THE POST ISSUE PAID UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.**

## ISSUE PRICE: ₹ 150.00 PER EQUITY SHARE OF FACE VALUE OF ₹ 10.00 EACH
## ANCHOR INVESTOR ISSUE PRICE: ₹ 150.00 PER EQUITY SHARE
## THE ISSUE PRICE IS 15.0 TIMES OF THE FACE VALUE

| ISSUE PROGRAM | |
|---|---|
| | ANCHOR INVESTOR BIDDING DATE WAS: FRIDAY, MARCH 21, 2025 |
| | BID/ISSUE OPENED ON: MONDAY, MARCH 24, 2025 |
| | BID/ISSUE CLOSED ON: WEDNESDAY, MARCH 26, 2025 |

### RISKS TO INVESTORS

1. We have certain outstanding litigation against us, an adverse outcome of which may adversely affect our business, reputation and results of operations.
2. If we fail to qualify for, or win new work orders from our clients, our business, financial condition, results of operations, prospects and cash flows could be adversely affected.
3. We are highly dependent on certain key customers for a substantial portion of our revenues. Loss of relationship with any of these customers may have a material adverse effect on our profitability and results of operations.
4. Our revenues from projects are difficult to predict and are subject to seasonal variations.
5. Our Company had negative cash flows in the past years. Sustained negative cash flow could impact our growth and business.
6. Our Equity Shares have never been publicly traded, and may experience price and volume fluctuations following the completion of the Issue. Further, our Equity Shares may not result in an active or liquid market and the price of our Equity Shares may be volatile and you may be unable to resell your Equity Shares at or above the Issue Price or at all.
7. The average cost of acquisition of Equity Shares by our Promoters is as follows:

| Sr. No. | Name of Promoters | No of Equity Shares held | Average cost of Acquisition (in ₹) |
|---|---|---|---|
| 1. | Ms. Indiraben Pruthubhai Desai | 23,82,354 | 0.19 |
| 2. | Ms. Hina Pankaj Desai | 8,61,000 | NIL |
| 3. | Mr. Malhar P Desai | 6,08,832 | NIL |
| 4. | Mr. Samarth Pankaj Desai | 6,08,814 | NIL |

8. Weighted average cost of acquisition:

| Types of transactions | Weighted average cost of acquisition (₹ per Equity Shares) |
|---|---|
| Weighted average cost of acquisition of primary. | 1,925.63/- |
| Weighted average cost of acquisition of primary after giving effect of Bonus Issue. | Nil |
| Weighted average cost of acquisition for secondary sale / acquisition of shares. | Nil |

The Issue was being made through the Book Building Process, in terms of Rule 19(2)(b) of the Securities Contracts (Regulation) Rules, 1957, as amended ("SCRR") read with Regulation 229(1) of the SEBI ICDR Regulations and in compliance with Regulation 253 of the SEBI ICDR Regulations wherein not more than 50% of the Net Issue was available for allocation on a proportionate basis to Qualified Institutional Buyers ("QIBs") (the "QIB Portion"). Our Company in consultation with the BRLMs allocated up to 60% of the QIB Portion to Anchor Investors on a discretionary basis (the "Anchor Investor Portion"). Further, not less than 15% of the Net Issue was made available for allocation on a proportionate basis to Non-Institutional Bidders and not less than 35% of the Net Issue was available for allocation to Retail Individual Investors in accordance with the SEBI ICDR Regulations, subject to valid Bids being received from them at or above the Issue Price. All potential Bidders (except Anchor Investors) were required to mandatorily utilize the Application Supported by Blocked Amount ("ASBA") process providing details of their respective bank account (including UPI ID for RIBs using UPI Mechanism), in which the corresponding Bid Amounts will be blocked by the SCSBs or the Sponsor Bank, as applicable. Anchor Investors were not permitted to participate in the Issue through the ASBA process. For details, see "Issue Procedure" on page 326 of the Prospectus.

The bidding for Anchor investors opened and closed on Friday, March 21, 2025. The Company received 03 Anchor Investor Application Forms from 03 Anchor Investors (including Nil mutual funds through Nil Mutual Fund schemes) for 5,77,000 Equity Shares. Such 03 Anchor Investors through 03 Anchor Investor Application Forms were allocated 5,77,000 Equity Shares at a price of Rs.150/- per Equity Share under the Anchor Investor Portion, aggregating to Rs. 8,65,50,000.00.

The issue (excluding Anchor Investor Portion) received 38,207 applications for 11,49,59,000 Equity Shares (before technical rejections and after invalid bids Multiple/Duplicate) resulting in 78.04 times subscription (including reserved portion of market maker). The Details of the Applications received from various categories (before technical rejection) are as under:

**Detail of the Applications Received:**

| Category | Number of Applications | No. of shares | Reserved | No of times subscriptions | Amount |
|---|---|---|---|---|---|
| Retail Individual Investors | 34,924 | 3,49,24,000 | 6,86,000 | 50.91 | 5,23,84,95,000 |
| Non-Institutional Bidders | 3,267 | 6,88,28,000 | 2,94,000 | 234.11 | 10,32,42,00,000 |
| Qualified Institutional Buyers (excluding Anchor Portion) | 15 | 1,11,00,000 | 3,86,000 | 28.76 | 1,66,50,00,000 |
| Market Maker | 1 | 1,07,000 | 1,07,000 | 1.00 | 1,60,50,000 |
| **TOTAL** | **38,207** | **11,49,59,000** | **14,73,000** | **78.04** | **17,24,37,45,000** |

**This includes 145 application for 1,45,000 Equity Shares from Retail Individual which were not in book but excludes bids (UPI Mandates) not accepted by investors.*

**Final Demand**

**A summary of the final demand as per BSE as on the Bid/Issue Closing Date at different Bid Prices is as under:**

| Sr. No | Bid Price | No. of Applications | Sum Quantity | Cumulative Share | % to Total |
|---|---|---|---|---|---|
| 1 | 147.00 | 61 | 61,000 | 12,67,17,000 | 0.05 |
| 2 | 148.00 | 17 | 17,000 | 12,66,56,000 | 0.01 |
| 3 | 149.00 | 11 | 11,000 | 12,66,39,000 | 0.01 |
| 4 | 150.00 | 18,648 | 9,55,45,000 | 12,66,28,000 | 75.40 |
| 5 | CUTOFF | 31,083 | 3,10,83,000 | 12,66,28,000 | 24.53 |
| **TOTAL** | | **49,820** | **12,67,17,000** | | **100.00** |

The Basis of Allotment was finalized in consultation with the Designated Stock Exchange – BSE on March 27, 2025.

1) **Allocation to Retail Individual Investors (After Technical Rejections):** The Basis of Allotment to the Retail Individual Investors, who have bid at cut-off Price or at or above the Issue Price of ₹ 150.00 per equity shares, was finalized in consultation with BSE. The category was subscribed by 50.09 times i.e., for 3,43,61,000 Equity Shares. Total number of shares allotted in this category is 6,86,000 Equity Shares to 686 successful applicants. The category wise details of the Basis of Allotment are as under:

| No. of Shares Applied for (Category wise) | No. of applications received | % of Total | Total No. of Equity Shares applied in this category | % to Total | Proportionate Shares available | No. of Equity Shares allocated/ allotted per Applicant | Ratio of allottees to applicants | Number of successful applicants (after rounding) | Total No. of shares allocate allotted |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1,000 | 34,361 | 100.00 | 3,43,61,000 | 100.00 | 6,86,000 | 1,000 | 11:551 | 686 | 6,86,000 |
| **Total** | **34,361** | **100.00** | **3,43,61,000** | **100.00** | **6,86,000** | **1,000** | **11:551** | **686** | **6,86,000** |

2) **Allocation to Non-Institutional Investors (After Technical Rejections):** The Basis of Allotment to Other than Retail Individual Investors, who have bid at Issue Price of ₹150.00 per equity shares or above, was finalized in consultation with BSE. The category was subscribed by 233.28 times i.e., for 6,85,83,000 shares. The total number of shares allotted in this category is 2,94,000 Equity Shares to 250 successful applicants. The category wise details of the Basis of Allotment are as under:

| Sr. No. | No. of Shares Applied for (Category wise) | No. of applications received | % of Total | Total No. of Equity Shares applied in each category | % to Total | No. of Equity Shares allocated/ allotted per Applicant | Ratio of allottees to applicants | Total No. of shares allocated/allotted |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2,000 | 565 | 17.39 | 11,30,000 | 1.65 | 1,000 | 1:113 | 5,000 |
| 2 | 3,000 | 138 | 4.25 | 4,14,000 | 0.60 | 1,000 | 1: 69 | 2,000 |
| 3 | 4,000 | 111 | 3.42 | 4,44,000 | 0.65 | 1,000 | 2:111 | 2,000 |
| 4 | 5,000 | 207 | 6.37 | 10,35,000 | 1.51 | 1,000 | 4:207 | 4,000 |
| 5 | 6,000 | 205 | 6.31 | 12,30,000 | 1.79 | 1,000 | 1:41 | 5,000 |
| 6 | 7,000 | 663 | 20.40 | 46,41,000 | 6.77 | 1,000 | 20:663 | 20,000 |
| 7 | 8,000 | 183 | 5.63 | 14,64,000 | 2.13 | 1,000 | 2:61 | 6,000 |
| 8 | 9,000 | 49 | 1.51 | 4,41,000 | 0.64 | 1,000 | 2:49 | 2,000 |
| 9 | 10,000 | 150 | 4.62 | 15,00,000 | 2.19 | 1,000 | 1:25 | 6,000 |
| 10 | 11,000 | 89 | 2.74 | 9,79,000 | 1.43 | 1,000 | 4:89 | 4,000 |
| 11 | 12,000 | 46 | 1.42 | 5,52,000 | 0.80 | 1,000 | 1:23 | 2,000 |
| 12 | 13,000 | 56 | 1.72 | 7,28,000 | 1.06 | 1,000 | 3:56 | 3,000 |
| 13 | 14,000 | 36 | 1.11 | 5,04,000 | 0.73 | 1,000 | 1:18 | 2,000 |
| 14 | 15,000 | 72 | 2.22 | 10,80,000 | 1.57 | 1,000 | 5:72 | 5,000 |
| 15 | 16,000 | 24 | 0.74 | 3,84,000 | 0.56 | 1,000 | 1:12 | 2,000 |
| 16 | 17,000 | 29 | 0.89 | 4,93,000 | 0.72 | 1,000 | 2:29 | 2,000 |
| 17 | 18,000 | 23 | 0.71 | 4,14,000 | 0.60 | 1,000 | 2:23 | 2,000 |
| 18 | 19,000 | 13 | 0.40 | 2,47,000 | 0.36 | 1,000 | 1:13 | 1,000 |
| 19 | 20,000 | 70 | 2.15 | 14,00,000 | 2.04 | 1,000 | 3:35 | 6,000 |
| 20 | 21,000 | 30 | 0.92 | 6,30,000 | 0.92 | 1,000 | 1:10 | 3,000 |

3) **Allocation to QIBs excluding Anchor Investors (After Technical Rejections):** The Basis of Allotment to QIBs, who have bid at Issue Price of ₹ 150.00 per equity shares or above, was finalized in consultation with BSE. The category was subscribed by 28.76 times i.e., for 1,11,00,000 shares the total number of shares allotted in this category is 3,86,000 Equity Shares to 15 successful applicants. The category wise details of the Basis of Allotment are as under:

| Category | FI'S/BANK'S | MF'S | IC'S | NBFC'S | AIF | FPC/FII | Others | Total |
|---|---|---|---|---|---|---|---|---|
| QIB | - | - | - | 1,07,000 | 1,91,000 | 88,000 | - | 3,86,000 |

4) **Allocation to Anchor Investors (After Technical Rejections & Withdrawal):** The Company in consultation with the BRLM has allotted 5,77,000 Equity Shares to 3 Anchor Investors at Anchor Investor Issue Price of ₹ 150.00 per equity shares in accordance with the SEBI ICDR Regulations. The category wise details of the Basis of Allotment are as under:

| Category | FIS/BANKS | MF'S | IC'S | NBFC'S | AIF | FPI/FPC | Others | Total |
|---|---|---|---|---|---|---|---|---|
| Anchor | - | - | - | - | 2,67,000 | 3,10,000 | - | 5,77,000 |

5) **Allocation to Market Maker (After Technical Rejections):** The Basis of Allotment to Market Maker, who have bid at Issue Price of ₹ 150.00 per equity shares or above, was finalized in consultation with BSE. The category was subscribed by 1.00 time i.e., for 1,07,000 shares the total number of shares allotted in this category is 1,07,000 Equity Shares. The category wise details of the Basis of Allotment are as under:

| No. of Shares Applied for (Category wise) | No. of applications received | % of Total | Total No. of Equity Shares applied in this category | % to Total | No. of Equity Shares allocated/ allotted per Applicant | Ratio | Total Number of shares allotted | Surplus/ Deficit |
|---|---|---|---|---|---|---|---|---|
| 1,07,000 | 1 | 100.00 | 1,07,000 | 100.00 | 1,07,000 | 1:1 | 1,07,000 | 0 |
| **Total** | **1** | **100.00** | **1,07,000** | **100.00** | **1,07,000** | | **1,07,000** | **0** |

The Board of Directors of the Company at its meeting held on March 27, 2025 has approved the Basis of Allocation of Equity Shares as approved by the Designated Stock Exchange viz. BSE and has authorized the corporate action for issue of the Equity Shares to various successful applicants. The CAN-cum-allotment advices and/or notices will forward to the email id's and address of the Applicants as registered with the depositories / as filled in the application form on or before March 28, 2025. Further, the instructions to Self Certified Syndicate Banks for unblocking the amount will process on or prior to March 28, 2025. In case the same is not received within ten days, investors may contact at the address given below. The Equity Shares allocated to successful applicants are being credited to their beneficiary accounts subject to validation of the account details with the depositories concerned. The Company is taking steps to get the Equity Shares admitted for trading on the BSE SME within Four working days from the date of the closure of the issue.

**Note:** All capitalized terms used and not defined herein shall have the respective meanings assigned to them in the Prospectus dated March 27, 2025 ("Prospectus") filed with Registrar of Companies, Ahmedabad.

### INVESTORS, PLEASE NOTE

The details of the allotment made would also be hosted on the website of the Registrar to the issue, Bigshare Services Private Limited at www.bigshareonline.com All future correspondence in this regard may kindly be addressed to the Registrar to the Issue quoting full name of the First/ Sole applicants, serial number of the Bid cum Application Form, number of shares applied for and Bank Branch where the application had been lodged and payment details at the address of the Registrar given below:

**BIGSHARE SERVICES PRIVATE LIMITED**
Office No. S6-2, 6th Floor, Pinnacle Business Park, Next to Ahura Centre, Mahakali Caves Road,
Andheri East, Mumbai – 400 093, Maharashtra, India | **Tel No.:** +91 – 22 – 6263 8200
**E-mail:** ipo@bigshareonline.com | **Website:** www.bigshareonline.com
**Investor Grievance E-mail:** investor@bigshareonline.com
**Contact Person:** Mr. Babu Rapheal C | **SEBI Registration No.:** INR000001385

**For Desco Infratech Limited**
**On behalf of the Board of Directors**
Sd/-
**Mr. Pankaj Pruthu Desai**
**Designation:** Chairman and Managing Director
**DIN:** 03344685

**Date:** March 28, 2025
**Place:** Surat

**THE LEVEL OF SUBSCRIPTION SHOULD NOT BE TAKEN TO BE INDICATIVE OF EITHER THE MARKET PRICE OF THE EQUITY SHARES ON LISTING OR THE BUSINESS PROSPECTS OF DESCO INFRATECH LIMITED.**

**Desco Infratech Limited** is proposing, subject to market conditions, public issue of its equity shares and has filed the Prospectus with the Registrar of Companies, Ahmedabad. The Prospectus is available on the website of SEBI at www.sebi.gov.in, the website of the Book Running Lead Manager at www.shcapl.com website of the BSE at www.bseindia.com and website of Issuer Company at www.descoinfra.co.in Investors should note that investment in Equity Shares involves a high degree of risk. For details, investors shall refer to and rely on the Prospectus including the section titled "Risk Factors" beginning on page 39 of the Prospectus, which has been filed with ROC. The Equity Shares have not been and will not be registered under the US Securities Act (the "Securities Act") or any state securities law in United States and may not be Issued or sold within the United States or to, or for the account or benefit of, "U.S. persons" (as defined in the Regulation S under the Securities Act), except pursuant to an exemption from, or in a transaction not subject to the registration requirements of the Securities Act of 1933.

AdBaaz

### ટ્રમ્પ સાથે વેપાર પર ત્યારે જ વાત કરીશું જ્યારે તેઓ કેનેડાનો આદર કરશે; ટેરિફ કાયદાઓ સામે લડતા રહીશું

# કેનેડાના PMએ કહ્યું- અમેરિકા સાથે જૂના સંબંધો ખતમ

(એજન્સી) કેનેડા તા 28

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નેએ ગુરુવારે કહ્યું કે અમેરિકા-કેનેડાના જૂના સંબંધો હવે પૂરા થઈ ગયા છે. ટ્રમ્પ દ્વારા વિદેશી કારો પર 25% ટેરિફ લાદવાના વિવાદ બાદ કેનેડિયન પીએમએ આ વાત કહી હતી. રાજધાની ઓટ્ટાવામાં કેબિનેટની બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતા, કાર્નેએ કહ્યું કે કેનેડાના અમેરિકા સાથેના જૂના સંબંધો, જે મૂળભૂત રીતે અર્થતંત્રને એક રાખવા અને સુરક્ષા અને લશ્કરી સહયોગને આગળ વધારવા પર આધારિત હતા, તે હવે અસ્તિત્વમાં નથી. કાર્ને કહ્યું- કબજો કરવાની ધમકી આપવી એ કેનેડાની સાર્વભૌમત્વનું અપમાન કાર્નેએ એમ પણ કહ્યું કે તેઓ તેમણે કહ્યું-હું તેમની સાથે વાત કરવા તૈયાર છું પણ જ્યાં સુધી ટ્રમ્પ કેનેડા પ્રત્યે આદર નહીં બતાવે ત્યાં સુધી તેઓ અમેરિકા સાથે કોઈપણ વેપાર વાટાઘાટોમાં ભાગ લેશે નહીં.



## કાર્ને કહ્યું- અમેરિકા સાથે ઓટો કરાર સમાપ્ત થઈ ગયો છે

ટ્રમ્પના ટેરિફ અંગે, કાર્નેએ કહ્યું કે કેનેડા પણ અમેરિકા પર બદલો લેનારા ટેરિફ લાદશે, જેની તેના પર ભારે અસર પડશે. તેમણે કેનેડા અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે 1965ના ઓટોમોટિવ પ્રોડક્ટ્સ કરાર (ઓટો પેક્ટ)ને સૌથી મહત્વપૂર્ણ કરાર ગણાવ્યો અને કહ્યું કે આ ટેરિફ સાથે તે રદ થઈ ગયો છે. જો બંને નેતાઓ વચ્ચે વાતચીત થાય છે. તો કાર્ને વડાપ્રધાન બન્યા પછી આ પહેલીવાર હશે.

## કેનેડામાં 28 એપ્રિલે સામાન્ય ચૂંટણીઓની જાહેરાત કરવામાં આવી છે.

ટ્રમ્પે વિદેશી કારો પર ટેરિફની જાહેરાત કર્યા પછી, કાર્ને પોતાનું અભિયાન અટકાવી દીધું અને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે ટેરિફ યુદ્ધની વ્યૂહરચના પર કામ કરતા કેબિનેટ સભ્યો સાથે બેઠક માટે ઓટાવા પાછા ફર્યા. (આ તસવીર 26 માર્ચની છે.) ટ્રમ્પે વિદેશી કારો પર ટેરિફની જાહેરાત કર્યા પછી, કાર્ને પોતાનું અભિયાન અટકાવી દીધું અને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે ટેરિફ યુદ્ધની વ્યૂહરચના પર કામ કરતા કેબિનેટ સભ્યો સાથે બેઠક માટે ઓટાવા પાછા ફર્યા. (આ તસવીર 26 માર્ચની છે.)

## ટેરિફથી કેનેડિયન ઓટો ઉદ્યોગને નુકસાન થયું

આ પહેલા 26 માર્ચે, ટ્રમ્પે વિદેશી કારો પર ટેરિફની જાહેરાત કરી હતી. આ આવતા અઠવાડિયાથી અમલમાં આવશે. કાર્નેએ કહ્યું કે યુએસ પ્રમુખ ટ્રમ્પના ટેરિફ લાદવાના નિર્ણય પછી કેનેડિયનોએ હવે તેમના અર્થતંત્ર વિશે ફરીથી વિચારવું જોઈએ. નિષ્ણાતોના મતે, ટ્રમ્પનો આ નિર્ણય કેનેડાના ઓટો ઉદ્યોગ માટે ઘાતક સાબિત થઈ શકે છે. આ ઉદ્યોગ દેશમાં 5 લાખ લોકોને રોજગારી પૂરી પાડે છે. કાર્નેએ કહ્યું કે આ અમારા પર સીધો હુમલો છે, અમે અમારા કામદારો અને કંપનીઓનું રક્ષણ કરીશું.

## યુએસ સેનેટમાં હુથી હુમલાની ચેટ લીક મામલે સુનાવણી

(એજન્સી) વોશિંગ્ટન તા 28

બુધવારે સેનેટમાં યમનમાં હુથી વિદ્રોહીઓ પરના હુમલા સંબંધિત અમેરિકન અધિકારીઓની ચેટ લીક થવા અંગે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. નેશનલ ઈન્ટેલિજન્સ ડિરેક્ટર તુલસી ગબાર્ડે કહ્યું કે ગ્રુપ ચેટમાં કોઈ ગોપનીય માહિતી શેર કરવામાં આવી નથી. સુનાવણી દરમિયાન ટ્રમ્પના મંત્રીઓએ કહ્યું કે લશ્કરી હુમલાની ચર્ચા કરવા માટે મેસેજિંગ એપનો ઉપયોગ કરવામાં કંઈ ખોટું નથી. અગાઉ મંગળવારે ટ્રમ્પે કહ્યું હતું કે તેમના વહીવટની 2 મહિનામાં આ પહેલી ભૂલ હતી. રક્ષામંત્રી પીટ હેગસેથે પ્લાનને સિગ્નલ એપ પર સીક્રેટ ગ્રુપ ચેટમાં શેર કર્યો હતો. ધ એટલાન્ટિક મેગેઝિનના એડિટર-ઈન-ચીફ જેફરી ગોલ્ડબર્ગ પણ આ ગ્રુપમાં એડ હતા. આ મામલે ડેમોક્રેટિક સાંસદોએ હેગસેથના રાજીનામાની માંગ કરી છે. સેનેટમાં ડેમોક્રેટિક સાંસદોએ કહ્યું- 15 માર્ચના રોજ, યુએસ સંરક્ષણ સચિવ પીટ હેગસેથે યમનમાં હુથી બળવાખોરો પર યુએસ હુમલાનો પ્લાન લીક કર્યો હતો. વ્હાઈટ હાઉસે 24 માર્ચે આ માહિતી આપી હતી. જેફરી ગોલ્ડબર્ગે જણાવ્યું કે તેમને ભૂલથી આ ગ્રુપ ચેટમાં એડ કરવામાં આવ્યા હતા. આ ગ્રુપ સિક્યોર મેસેજિંગ એપ સિગ્નલ પર બનાવવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઈકલ વોલ્ટ્ઝે તેને બનાવ્યું હતું. આ ગ્રુપમાં અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ અને વિદેશ મંત્રી માર્કો રૂબિયો પણ સામેલ હતા. ગોલ્ડબર્ગે લખ્યું છે કે 15 માર્ચે સવારે 11:44 વાગ્યે હેગસેથે યમન પરના હુમલાની માહિતી શેર કરી હતી. તેમાં લક્ષ્યો અને ઉપયોગમાં લેવાતા હથિયારો સિવાય કયો હુમલો કર્યો હતો.

## US-યુરોપમાં ટેસ્લા કાર સળગાવી રહ્યા છે લોકો, 2025માં મસ્કને ₹11 લાખ કરોડનું નુકસાન

(એજન્સી) વોશિંગ્ટન ડીસી તા 28

અમેરિકા અને યુરોપના લોકો ઉદ્યોગપતિ ઈલોન મસ્કની નીતિઓથી ગુસ્સે થઈને, તેમની ઈલેક્ટ્રિક કાર ટેસ્લાને બાળી રહ્યા છે. છેલ્લા ચાર મહિનામાં 100થી વધુ ટેસ્લા કારમાં આગ લગાવવામાં આવી હતી અથવા તોડફોડ કરવામાં આવી હતી. આ બધી ઘટનાઓ એવા સમયે બની રહી છે જ્યારે ટેસ્લા ટૂંક સમયમાં ભારતીય બજારમાં પ્રવેશ કરશે તેવા અહેવાલો છે. અમેરિકા અને યુરોપમાં ટેસ્લા કારમાં લાગેલી આગને કારણે મસ્ક અને તેમની કંપનીને ભારે નુકસાન થઈ રહ્યું છે. યુએસ તપાસ એજન્સી એફબીઆઈએ 25 માર્ચે ટેસ્લા પર થયેલા હુમલાની તપાસ માટે એક ખાસ ટાસ્ક ફોર્સની જાહેરાત કરી છે. 14 માર્ચે, બર્લિનના સ્ટેગ્લિટ્ઝ શહેરમાં 4 ટેસ્લા કાર સળગાવી દેવામાં આવી હતી. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સરકારી



વ્યવસ્થામાં સુધારા માટે ઈલોન મસ્કને ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DoGE)ના વડા તરીકે નિયુક્ત કર્યા છે. આ વિભાગ સરકારી ખર્ચ ઘટાડવા પર ભાર મૂકી રહ્યો છે. મસ્કે છેલ્લા કેટલાક મહિનામાં યુરોપમાં અનેક દક્ષિણપંથી પક્ષોને ટેકો આપ્યો છે. આ અંગે તેમની સામે વ્યાપક ગુસ્સો ફેલાયો છે. બ્રિટન- મસ્કે જાન્યુઆરીમાં બ્રિટિશ રાજા ચાર્લ્સને સંસદ ભંગ કરવાની અપીલ કરી. તેમણે બ્રિટિશ પીએમ કીર સ્ટાર્મર પર 15 વર્ષ પહેલાં જ્યારે તેઓ પબ્લિક પ્રોસિક્યુશન ડિરેક્ટર હતા ત્યારે બળાત્કાર પીડિતોને સજા આપવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો હતો.ફ્રાન્સ- મસ્કે હજુ સુધી ફ્રાન્સમાં કોઈપણ દક્ષિણપંથી પક્ષને ખુલ્લેઆમ સમર્થન આપ્યું નથી, પરંતુ યુરોપના મામલામાં તેમની દખલગીરી પર ફ્રાન્સમાં પણ નારાજગી છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને કહ્યું કે 10 વર્ષ આંતરરાષ્ટ્રીય પ્રતિક્રિયાવાદી ચળવળને ટેકો આપશે.જર્મની- મસ્કે જર્મન ચૂંટણીમાં દક્ષિણપંથી પક્ષ અલ્ટરનેટિવ ફર ડ્યુશલેન્ડ (AfD)ને ટેકો આપ્યો. તેમણે સોશિયલ મીડિયા પર કહ્યું કે ફક્ત AFD જ જર્મનીને બચાવી શકે છે. AFD એ દેશ માટે એકમાત્ર આશા છે.

## મોદી સાથે હાથ મિલાવતા કેનેડિયન સાંસદની ટિકિટ રદ

(એજન્સી) ઓટાવા તા 28

કેનેડાની લિબરલ પાર્ટીએ ભારતીય મૂળના સાંસદ ચંદ્ર આર્યને પાર્ટી નેતૃત્વની રેસમાંથી બાકાત રાખ્યા છે. આ સાથે નેપિયરથી તેમની ટિકિટ પણ રદ કરવામાં આવી છે. ભારત સરકાર સાથે ગાઢ સંબંધો હોવાના તેમના પરના આરોપો વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ચંદ્રા ગયા વર્ષે ભારતની મુલાકાતે આવ્યા હતા અને પીએમ મોદીને મળ્યા હતા. જોકે, કેનેડા સરકાર અને લિબરલ પાર્ટીએ ચંદ્ર આર્યને ચૂંટણી લડવાથી રોકવા માટે કોઈ કારણ આપ્યું નથી. ભારત આવતા પહેલા પાર્ટીને જાણ કરવામાં આવી ન હતી

ગ્લોબ એન્ડ મેલે સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે, ચંદ્ર આર્યએ કેનેડિયન સરકારને આ મુલાકાત વિશે જાણ કરી ન હતી, જોકે તે સમયે ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો ખૂબ જ તણાવપૂર્ણ તબક્કામાંથી પસાર થઈ રહ્યા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, કેનેડિયન સિક્યોરિટી ઈન્ટેલિજન્સ સર્વિસ (CSIS) એ કેનેડિયન સરકારને આર્યના ભારત સરકાર સાથેના કથિત ગાઢ સંબંધો વિશે માહિતી આપી હતી. ચંદ્ર આર્યએ 22 જૂન, 2024ના રોજ કેનેડિયન સંસદમાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની યાદમાં મૌન પાળવા બદલ ટ્રુડો સરકારની પણ ટીકા કરી હતી. આર્યએ કહ્યું- ખાલિસ્તાનીઓનો વિરોધ કરવાને કારણે ટિકિટ રદ કરવામાં આવી

દરમિયાન, ભારતીય મૂળના સાંસદ ચંદ્ર આર્યએ કહ્યું કે, ભારત સાથેના મારા ગાઢ સંબંધોને કારણે મારી ટિકિટ રદ કરવામાં આવી ન હતી. એક સાંસદ તરીકે હું ઘણા રાજદ્વારીઓ અને રાજ્યોના વડાઓને મળું છું. તેમણે આવી ચળવળના તેમના સતત વિરોધને કારણે લિબરલ પાર્ટીના નેતૃત્વ અને નેપિયનમાંથી તેમને દૂર કરવામાં આવ્યા હતા.

## ઈદ પહેલા મુસ્લિમ દેશનું મોટું એલાન, 500 ભારતીયો સહિત 1295થી વધુ કેદી મુક્ત કર્યા

(એજન્સી) દુબઈ તા 28

સંયુક્ત આરબ અમીરાત (UAE)ના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાને ફેબ્રુઆરીના અંતમાં એક મોટી જાહેરાત કરી હતી. રાષ્ટ્રપતિએ રમઝાન પહેલા કેદીઓને માફી આપીને મુક્ત કરવાની વાત કરી છે. હવે રમઝાનના અંતમાં 1295 કેદીઓને મુક્ત કરવાના આદેશ આપવામાં આવ્યા છે. અહેવાલો અનુસાર, UAEના પ્રમુખ શેખ મોહમ્મદ બિન રાશિદ અલ મકતુમે 1518 કેદીઓને માફીની જાહેરાત કરી છે. મુક્ત કરાયેલા લોકોમાં 500થી વધુ ભારતીય નાગરિકોનો પણ સમાવેશ થાય છે. 500થી વધુ ભારતીયો સામેલ કેદીઓને માફીની જાહેરાત ફેબ્રુઆરીના અંતમાં કરવામાં આવી હતી. ત્યારે યુએઈના વડા પ્રધાન શેખ મોહમ્મદ બિન રશીદ અલ મકતુમે કુલ 1518 કેદીઓને માફીની જાહેરાત કરી હતી. જયારે હવે ઈદ પહેલા તેમને જેલમાંથી મુક્ત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે તેમાં 500થી વધુ ભારતીય નાગરિકોનો સમાવેશ થાય છે. UAEની કુલ વસ્તીના 37.96% ભારતીયો છે. ડિસેમ્બર 2024 માં, સંયુક્ત આરબ અમીરાતમાં ભારતીયોની વસ્તી 35,68,848 (3.6 મિલિયન) હતી.

## ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં ઈફ્તાર પાર્ટી આપી:કહ્યું- મુસ્લિમોએ મને ચૂંટણીમાં રેકોર્ડ મત આપ્યા

(એજન્સી) વોશિંગ્ટન ડીસી તા 28

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે વ્હાઈટ હાઉસમાં ઈફ્તાર પાર્ટીનું આયોજન કર્યું હતું. તેમણે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં તેમને ટેકો આપવા બદલ અમેરિકન મુસ્લિમોનો આભાર માન્યો. ટ્રમ્પે કહ્યું કે ગત ચૂંટણીમાં રેકોર્ડ સંખ્યામાં મુસ્લિમ મતદારોએ તેમને મત આપ્યા હતા. ચૂંટણી પહેલા કોઈ આ વાત પર વિશ્વાસ કરી શકે નહીં. નવેમ્બરમાં મુસ્લિમ સમુદાય અમારી સાથે હતો. આ માટે જ્યાં સુધી હું રાષ્ટ્રપતિ છું ત્યાં સુધી હું તમારી સાથે રહીશ. ટ્રમ્પે કહ્યું કે રમઝાનના પવિત્ર મહિના દરમિયાન દરરોજ મુસ્લિમો સવારથી સાંજ સુધી ઉપવાસ કરે છે અને પ્રાર્થના કરે છે. પછી તેઓ ભગવાનનો આભાર માને છે અને ઈફ્તાર સાથે ઉપવાસ તોડે છે. આજે આપણે વ્હાઈટ હાઉસમાં આ જ કરવા જઈ રહ્યા છીએ.

ટ્રમ્પે મજાકમાં કહ્યું, 'જો તમારામાંથી કોઈને તે ગમતું નથી, તો ફરિયાદ ન કરો.' ટ્રમ્પે મધ્ય પૂર્વમાં શાંતિ સ્થાપિત કરવાના તેમના પ્રયાસોનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે તેમના પ્રયાસોને કારણે જ ત્યાં શાંતિ સ્થાપિત થઈ છે. અહેવાલો અનુસાર, ડિસેમ્બર 1805 માં વ્હાઈટ હાઉસ ખાતે પહેલી ઈફ્તાર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું આયોજન તત્કાલીન યુએસ રાષ્ટ્રપતિ થોમસ જેફરસન દ્વારા ટ્યુનિશિયાના રાજદૂત સિદી સુલોઈમાન મેલીના માનમાં કરવામાં આવ્યું હતું. જોકે આ પછી તે લાંબા સમય સુધી બંધ રહ્યું. ત્યારબાદ હિલેરી ક્લિન્ટને 1996 માં વ્હાઈટ હાઉસ ખાતે પ્રથમ સત્તાવાર ઈદ અલ-ફિત્ર ઉજવણીનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ મુસ્લિમ સમુદાય સાથેના સંબંધોને મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું હતું. જોકે, આ ઈફ્તાર પાર્ટી ઈદના અંત પછી થઈ હતી.વર્ષ 2001માં રમઝાન મહિનામાં પહેલીવાર વ્હાઈટ હાઉસમાં ઈફ્તાર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે જ્યોર્જ બુશ રાષ્ટ્રપતિ હતા. અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર 11 સપ્ટેમ્બરના રોજ હુમલો થયો હતો. આમાં 3000થી વધુ લોકો માર્યા ગયા હતા. સમગ્ર વિશ્વમાં મુસ્લિમ સમુદાય સામે નફરત વધી ગઈ હતી. આ સમયે, બુશે વ્હાઈટ હાઉસમાં ઈફ્તાર ડિનરનું આયોજન કર્યું હતું.બરાક ઓબામાના કાર્યકાળ દરમિયાન 2009માં વ્હાઈટ હાઉસમાં નિયમિત ઈફ્તાર પાર્ટીઓનું આયોજન શરૂ થયું. ઓબામાએ 2009 થી 2016 સુધી દર વર્ષે ઈફ્તાર પાર્ટીનું આયોજન કર્યું હતું. જોકે, ટ્રમ્પે આ પરંપરા છોડી દીધી. 2017 માં પદ સંભાળ્યા પછી તેમણે તેનું આયોજન કર્યું ન હતું. જોકે, એક વર્ષ પછી 2018 માં, વ્હાઈટ હાઉસમાં ફરીથી ઈફ્તાર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું. 17 ડિસેમ્બરે યોજાયેલી ઈફ્તાર પાર્ટીમાં 50 થી વધુ મુસ્લિમ દેશોના રાજદૂતો અને મુસ્લિમ નેતાઓએ હાજરી આપી હતી. ટ્રમ્પે 2019 માં પણ ઈફ્તાર પાર્ટીનું આયોજન કર્યું હતું. પરંતુ આ પછી, કોરોના રોગચાળાને કારણે, ઈફ્તાર પાર્ટીના આયોજન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ વર્ષે ટ્રમ્પે ત્રીજી વખત ઈફ્તાર પાર્ટીનું આયોજન કર્યું હતું. 17 ડિસેમ્બરે યોજાયેલી ઈફ્તાર પાર્ટીમાં 50 થી વધુ મુસ્લિમ દેશોના રાજદૂતો અને મુસ્લિમ નેતાઓએ હાજરી આપી હતી.

## રાષ્ટ્રપતિ પુતિન ભારત પ્રવાસે આવશે:યુક્રેન યુદ્ધ પછી ભારતની પહેલી મુલાકાત

(એજન્સી) રશિયા તા 28

રશિયાના રાષ્ટ્રપતિ પુતિન 06 ડિસેમ્બર 2021ના રોજ ભારતની મુલાકાતે આવ્યા હતા. તેઓ માત્ર 4 કલાક જ ભારત રોકાયા હતા. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન આ વર્ષે ભારત પ્રવાસે આવશે. રશિયાના વિદેશ પ્રધાન સર્ગેઈ લાવરોવે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિની મુલાકાત માટે તૈયારીઓ કરવામાં આવી રહી છે. જો કે, તેમણે આ મુલાકાત કયા મહિને કઈ તારીખે થશે તે જાહેર કર્યું નથી. લાવરોવે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે ચૂંટાયા બાદ રશિયાની તેમની પહેલી વિદેશ યાત્રા કરી હતી. હવે અમારો વારો છે. રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ભારત સરકારનું આમંત્રણ સ્વીકાર્યું છે. રશિયન વિદેશ મંત્રીએ 'રશિયા અને ભારત: એક નવા દ્વિપક્ષીય એજન્ડા તરફ' શિખર સંમેલન દરમિયાન આ નિવેદન આપ્યું હતું. આ બેઠકનું આયોજન રશિયન ઈન્ટરનેશનલ અફેર્સ કાઉન્સિલ (RIAC) દ્વારા કરવામાં આવ્યું હતું.

પુતિન છેલ્લે 2021માં ભારત આવ્યા હતા રશિયન રાષ્ટ્રપતિ પુતિન 06 ડિસેમ્બર 2021ના રોજ ભારતની મુલાકાતે આવ્યા હતા. તેઓ માત્ર 4 કલાક માટે ભારત આવ્યા હતા. આ દરમિયાન, ભારત અને રશિયા વચ્ચે 28 કરારો પર હસ્તાક્ષર થયા. તેમાં લશ્કરી અને ટેક્નોલોજી કરારો હતા. બંને દેશોએ 2025 સુધીમાં 30 અબજ ડોલર (2 લાખ 53 હજાર કરોડ રૂપિયા)ના વાર્ષિક વેપારનું લક્ષ્ય રાખ્યું હતું.M મોદીએ વર્ષ 2024માં બે વાર રશિયાની મુલાકાત લીધી હતી. તેઓ 22 ઓક્ટોબરે બ્રિક્સ સમિટ માટે રશિયાની મુલાકાતે ગયા હતા. જુલાઈની શરૂઆતમાં પણ મોદી બે દિવસ માટે રશિયા ગયા હતા. ત્યારે તેમણે પુતિનને ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું.રશિયાએ ગયા વર્ષે 9 જુલાઈના રોજ મોસ્કોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને દેશના સર્વોચ્ચ સન્માન 'ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્રુ ધ એપોસ્ટલ'થી નવાજ્યા હતા. રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પોતે તેમનું સન્માન કર્યું હતું.

માર્ચ 2023માં, ICC એ પુતિન વિરુદ્ધ ધરપકડ વોરંટ જાહેર કર્યું હતું. યુક્રેનમાં બાળકોના અપહરણ અને દેશનિકાલના આરોપોના આધારે કોર્ટે પુતિનને વોર ક્રાઈમ માટે જવાબદાર ઠેરવ્યા હતા.આ પહેલી વાર હતું જ્યારે ICC એ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)ના કાયમી સભ્ય દેશના ટોપ નેતા સામે ધરપકડ વોરંટ જાહેર કર્યું. અમેરિકા, રશિયા, ચીન, બ્રિટન અને ફ્રાન્સ UNSCના કાયમી સભ્યો છે.

## અમેરિકાની યુનિવર્સિટીમાં હિન્દુ ધર્મને નીચો બતાવવાનો પ્રયાસ

(એજન્સી) અમેરિકાત । 28

અમેરિકાની હ્યૂસ્ટન યુનિવર્સિટીના સિલેબસને લઈને વિવાદ વકર્યો છે. આ સિલેબસમાં હિન્દુ ધર્મને નીચો બતાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ભારતીય મૂળના એક અમેરિકન વિદ્યાર્થીએ આ સિલેબસને લઈને વિરોધ નોંધાવ્યો છે. વિદ્યાર્થીએ સિલેબસનો ઉલ્લેખ કરતા કહ્યું કે, તેમાં હિન્દુત્ત્વને ઈસ્લામ સામે ઉપયોગમાં લેવાતું હથિયાર કરાર કરવામાં આવ્યું છે. આ સાથે જ તેના પ્રાચીન હોવાની વાતને પણ નકારી દીધું છે. આ મુદ્દે યુનિવર્સિટીએ કહ્યું કે, અમે વિદ્યાર્થી વસંત ભટ્ટ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાની સમીક્ષા કરી રહ્યા છે. ભારતીય મૂળના વિદ્યાર્થીએ કરી ફરિયાદ

હ્યૂસ્ટન યુનિવર્સિટીના 'લિવ્ડ હિન્દૂ રિલિજન' સિલેબસ ઓનલાઈન વિદ્યાર્થીઓ માટે હાજર છે, જેમાં પ્રોફેસર આરોન માઈકલ ઉલરીના વીડિયો લેક્ચર સાપ્તાહિક રૂપે આપવામાં આવે છે. વસંત ભટ્ટ આ યુનિવર્સિટીમાં રાજકીય વિજ્ઞાનનો વિદ્યાર્થી છે. તેણે કોલેજ ઑફ લિબરલ આર્ટ્સ એન્ડ સોશિયલ સાઈન્સના ડીન પાસે એક ફરિયાદ નોંધાવી છે.

## ઈજિપ્ત સબમરીન દુર્ઘટના : સબમરીન સમુદ્રની સપાટીથી 20 મીટર નીચે ખડક સાથે અથડાઈ હતી

(એજન્સી) કૈરો તા 28

ઈજિપ્તના લોકપ્રિય લાલ સમુદ્ર રિસોર્ટ શહેર હુરઘાડાના કિનારે પાણીની અંદર જોવાલાયક સ્થળોનો પ્રવાસ કરતી વખતે ગુરુવારે એક પ્રવાસી સબમરીન ડૂબી ગઈ, જેમાં ઓછામાં ઓછા છ રશિયન નાગરિકોના મોત થયા. ખાનગી પ્રવાસન કંપની, સિંદબાદ સબમરીનની માલિકીનું આ જહાજ પ્રવાસીઓને પાણીની અંદર પરવાળાના ખડકો અને દરિયાઈ જીવન - જે આ વિસ્તારનું મુખ્ય આકર્ષણ છે - જોવા માટે લઈ જવા માટે બનાવવામાં આવ્યું હતું. શું થયું, તેમાં સવાર લોકો વિશે - અને સબમરીન કેમ ડૂબી ગઈ હશે તે વિશે આપણે શું જાણીએ છીએ તે અહીં છે.




**શું થયું? :** ઈજિપ્ત કે રશિયન અધિકારીઓએ જહાજ ડૂબવા માટે કોઈ ચોક્કસ કારણ આપ્યું નથી, અને તપાસ ચાલુ છે. પરંતુ રશિયામાં ટૂર ઓપરેટર્સના સંગઠને ટેલિગ્રામ પર પોસ્ટ કર્યું કે સબમરીન સમુદ્રની સપાટીથી લગભગ 20 મીટર (65 ફૂટ) નીચે ખડક સાથે અથડાઈ હતી અને પછી દબાણ ગુમાવવાનું શરૂ કર્યું. પાણી ઉચ્ચ દબાણથી નીચા દબાણવાળા પ્રદેશો તરફ ધસી જાય છે, તેથી જો જહાજની અંદર દબાણ ગુમાવે, તો દરિયાઈ પાણી પૂરની શક્યતા વધી ગઈ હોત. મુસાફરોને બહાર કાઢવા અને બહાર કાઢવા માટે ક્રૂના પ્રયાસો છતાં, જહાજ સવારે 10 વાગ્યે (08:00 GMT) ઝડપથી ડૂબી ગયું.

**સબમરીન ક્યાં ડૂબી ગઈ?** સત્તાવાર અધિકારીઓના જણાવ્યા અનુસાર, જહાજ ઈજિપ્તના હુરઘાડા કિનારાથી લગભગ 1 કિમી (0.6 માઈલ) દૂર ડૂબી ગયું. લાલ સમુદ્ર ઈજિપ્તના પ્રવાસન ઉદ્યોગ માટે એક મુખ્ય કેન્દ્ર છે - જે બદલામાં દેશના અર્થતંત્રનો એક મહત્વપૂર્ણ આધારસ્તંભ છે. મુલાકાતીઓનો વધતો જતો હિસ્સો રશિયન પ્રવાસીઓનો છે. ઈજિપ્તના આંકડા અનુસાર, જાન્યુઆરી અને ઓગસ્ટ 2024 વચ્ચે લગભગ 380,000 રશિયન પ્રવાસીઓએ હુરઘાડાની મુલાકાત લીધી હતી. જોકે, તાજેતરના વર્ષોમાં ઈજિપ્તના લાલ સમુદ્ર રિસોર્ટ નગરોમાં પણ બોટિંગ અકસ્માતો જોવા મળ્યા છે.

## કપરો સમય નજીક, 3 દિવસનું ભોજન-પાણી તૈયાર રાખજો...', ઈયુની એડવાઈઝરીથી નાગરિકો ચિંતિત

(એજન્સી) યુરોપ તા 28

યુરોપિયન યુનિયન (European Union)એ નાગરિકોને સતર્ક રહેવા ચેતવણી આપી છે. આ ઉપરાંત કોઈપણ કટોકટીની પરિસ્થિતિનો સામનો કરવા માટે ત્રણ દિવસના ફૂડ અને પાણીની વ્યવસ્થા કરવાનું કહેવામાં આવ્યું છે. એવા અહેવાલો છે કે રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને ધ્યાનમાં રાખીને યુરોપિયન યુનિયને આ માર્ગદર્શિકા જાહેર કરી છે. EU કહે છે કે કટોકટીની પરિસ્થિતિ ટાળવા માટે, ઓછામાં ઓછા 72 કલાક માટે જીવનની આવશ્યક ચીજવસ્તુઓની વ્યવસ્થા કરો. યુરોપ લશ્કરી આક્રમણથી બચાવવા માટે તૈયાર અહેવાલો અનુસાર, યુરોપિયન યુનિયને તેના 27 સભ્ય દેશોના નાગરિકોને 3 દિવસની સર્વાઈવલ કીટ તૈયાર કરવા અપીલ કરી છે. 25મી માર્ચે યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટાએ કહ્યું કે, 'યુરોપે લશ્કરી આક્રમણથી પોતાને બચાવવા માટે તમામ તૈયારીઓ કરવી જોઈએ. સુરક્ષા વ્યવસ્થા કર્યા વિના શાંતિ જાળવવી એ એક ભ્રમ છે. જો રશિયા યુક્રેનની સરહદને માત્ર એક રેખા માને છે, તો પછી તે અન્ય કોઈ દેશની સરહદનું સન્માન કેમ કરશે?' નોંધનીય છે કે, આ સર્વાઈવલ કીટમાં ઓળખ દસ્તાવેજો, પાણી, એનર્જી બાર અને ફ્લેશલાઈટ જેવી વસ્તુઓ શામેલ હોવાનું કહેવાય છે. રશિયા સાથે યુદ્ધવિરામ માટે યુક્રેન પર દબાણ વચ્ચે યુક્રેન અને તેની સેનાને મજબૂત બનાવવા પર એક શિખર સંમેલન પૂર્ણ કર્યા

# ઉત્તરાખંડ પર્યટન માટે એક મોટી સિદ્ધિ, ઋષિકેશને ઇન્ડિયા ટુડે ગ્રુપ દ્વારા શ્રેષ્ઠ સાહસિક સ્થળનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

પ્રવાસન વિકાસ ક્ષેત્રે રાજ્ય સરકારના સતત પ્રયાસોની અસર દેખાવા લાગી છે. છેલ્લા કેટલાક વર્ષોથી, ઉત્તરાખંડ પ્રવાસન વિકાસ પરિષદ રાજ્યમાં સાહસિક પ્રવાસનને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી સમયાંતરે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરી રહી છે.

આ જ ક્રમમાં, 28 માર્ચ 2025 ના રોજ નવી દિલ્હીમાં ઇન્ડિયા ટુડે ગ્રુપ દ્વારા આયોજિત ઇન્ડિયા ટુડે ટુરિઝમ સર્વે એન્ડ એવોર્ડ 2025 માં ઋષિકેશને શ્રેષ્ઠ સાહસિક સ્થળનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ એવોર્ડ ભારત સરકારના પર્યટન મંત્રાલયના પર્યટન મંત્રી શ્રી ગજેન્દ્ર શેખાવત દ્વારા અર્પણ કરવામાં આવ્યો હતો અને રાજ્ય વતી પર્યટન સચિવ/સીઈઓ શ્રી સચિન કુર્વે દ્વારા તેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

આ સન્માન પ્રાપ્ત કરતી વખતે, સચિવ પ્રવાસન / મુખ્ય કાર્યકારી અધિકારી શ્રી સચિન કુર્વેએ જણાવ્યું હતું કે પ્રવાસન વિભાગ રાજ્યમાં સાહસિક પ્રવૃત્તિઓમાં વધારો કરી રહ્યું છે તેમજ ઓછા જાણીતા પ્રવાસન સ્થળોનો વિકાસ કરી રહ્યું છે, જેથી રાજ્યમાં પ્રવાસીઓની અવરજવર વધી શકે. તેમણે કહ્યું કે રાજ્યમાં ખગોળ પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે, વિવિધ સ્થળોએ નક્ષત્ર સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જે તારા દર્શન, વિશેષ સૌર અવલોકન, ખગોળ ફોટોગ્રાફી સ્પર્ધા જેવી પ્રવૃત્તિઓ રજૂ કરીને ખગોળ પ્રવાસનના ક્ષેત્રમાં ભારતનું પ્રથમ વાર્ષિક અભિયાન છે. આ એવોર્ડ સમારોહમાં ગુજરાત, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ, મેઘાલય, દિલ્હી વગેરે જેવા વિવિધ રાજ્યોએ ભાગ લીધો હતો, જેમાં ઉત્તરાખંડ રાજ્યમાં સ્થિત ઋષિકેશને શ્રેષ્ઠ સાહસિક સ્થળ તરીકે સન્માનિત કરવામાં આવ્યું હતું.

# મંત્રીમંડળે ભારતને ઇલેક્ટ્રોનિક્સ સપ્લાય ચેઇનમાં અગ્રેસર બનાવવા માટે ઇલેક્ટ્રોનિક્સ કોમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સ્કીમને મંજૂરી આપી

(એજન્સી) અમદાવાદ । તા. 28

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે આજે ઇલેક્ટ્રોનિક્સ કોમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સ્કીમને મંજૂરી આપી હતી, જેમાં ભારતને ઇલેક્ટ્રોનિક્સ સપ્લાય ચેઇનમાં શ્રેષ્ઠ બનાવવા માટે રૂ. 22,919 કરોડનાં ભંડોળ સાથે મંજૂરી આપવામાં આવી હતી. આ યોજનાનો ઉદ્દેશ ઇલેક્ટ્રોનિક્સ કોમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ ઇકોસિસ્ટમમાં મોટા પાયે રોકાણ (વૈશ્વિક/સ્થાનિક) આકર્ષીને, ક્ષમતા અને ક્ષમતાઓ વિકસાવીને સ્થાનિક મૂલ્ય સંવર્ધન (ડીવીએ) માં વધારો કરીને અને ગ્લોબલ વેલ્યુ ચેઇન્સ (જીવીસી) સાથે ભારતીય કંપનીઓને સંકલિત કરીને મજબૂત ઘટક ઇકોસિસ્ટમ વિકસાવવાનો છે. આ યોજનામાં રૂ. 59,350 કરોડનું રોકાણ આકર્ષવાની કલ્પના કરવામાં આવી છે, જેના પરિણામે રૂ. 4,56,500 કરોડનું ઉત્પાદન થશે તથા તેનાં કાર્યકાળ દરમિયાન 91,600 વ્યક્તિઓને પ્રત્યક્ષ રોજગારી અને ઘણી પરોક્ષ રોજગારીનું સર્જન થશે. આ યોજના વિવિધ કેટેગરીના કમ્પોનન્ટ્સ અને પેટા-એસેમ્બલીઓ માટે વિશિષ્ટ વિકલાંગતાઓને દૂર કરવા માટે તૈયાર કરવામાં આવેલા ભારતીય ઉત્પાદકોને વિભિન્ન પ્રોત્સાહનો પ્રદાન કરે છે, જેથી તેઓ ટેકનોલોજીકલ ક્ષમતાઓ પ્રાપ્ત કરી શકે અને વ્યાપક અર્થતંત્ર હાંસલ કરી શકે. ઇલેક્ટ્રોનિક્સ એ વૈશ્વિક સ્તરે સૌથી વધુ વેપાર અને સૌથી ઝડપથી વિકસતા ઉદ્યોગોમાંનો એક છે અને તે વૈશ્વિક અર્થતંત્રને આકાર આપવામાં અને દેશના આર્થિક અને તકનીકી વિકાસને આગળ વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે. ઇલેક્ટ્રોનિક્સ અર્થતંત્રના તમામ ક્ષેત્રોમાં વ્યાપ્ત હોવાથી તેનું આર્થિક અને વ્યૂહાત્મક મહત્વ છે. ભારત સરકારની વિવિધ પહેલો સાથે ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ક્ષેત્રમાં છેલ્લા દાયકામાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. ઇલેક્ટ્રોનિક ચીજવસ્તુઓનું સ્થાનિક ઉત્પાદન નાણાકીય વર્ષ 2014-15માં રૂ.1.90 લાખ કરોડથી વધીને નાણાકીય વર્ષ 2023-24માં રૂ.9.52 લાખ કરોડ થયું છે, જે 17 ટકાથી વધારે સીએજીઆર છે. ઇલેક્ટ્રોનિક ચીજવસ્તુઓની નિકાસ પણ નાણાકીય વર્ષ 2014-15માં રૂ.0.38 લાખ કરોડથી વધીને નાણાકીય વર્ષ 2023-24માં રૂ.2.41 લાખ કરોડ થઈ છે, જે 20 ટકાથી વધુની સીએજીઆર છે.

# કાર્યમાં મુત્સદીગીરી : મોદી સરકારે વિદેશમાં લગભગ 10,000 ભારતીયો માટે સ્વતંત્રતા કેવી રીતે સુરક્ષિત કરી

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

મોદી સરકારના સક્રિય અને સતત રાજદ્વારી પ્રયાસોએ છેલ્લા દાયકામાં વિવિધ દેશોમાં હજારો ભારતીય નાગરિકોની મુક્તિ અને માફીને સરળ બનાવી છે. તાજેતરનું ઉદાહરણ યુએઈ દ્વારા 500 ભારતીય કેદીઓને માફી આપવામાં આવી છે, જે ભારત અને ગલ્ફ રાષ્ટ્ર વચ્ચેના મજબૂત દ્વિપક્ષીય સંબંધોને પ્રતિબિંબિત કરે છે. 2014 થી પીએમ મોદીના નેતૃત્વએ વિદેશમાં ભારતીય નાગરિકોના કલ્યાણને પ્રાથમિકતા આપી છે. રાજદ્વારી વાટાઘાટો અને ઉચ્ચ-સ્તરીય હસ્તક્ષેપો દ્વારા વિદેશમાં કેદ લગભગ 10,000 ભારતીયોની સુરક્ષિત વાપસી સુનિશ્ચિત કરી છે.

રાજદ્વારી પ્રયાસોને કારણે ભારતીય નાગરિકોની મુક્તિના મુખ્ય ઉદાહરણો:

યુએઈ દ્વારા 2,783 ભારતીય કેદીઓને માફી:

2025: રમઝાન 2025 પહેલા, 500 થી વધુ ભારતીય કેદીઓને માફી આપવામાં આવી હતી.1

2024: ઈદ અલ ફિત્ર અને યુએઈ રાષ્ટ્રીય દિવસ પહેલા, 944 ભારતીય કેદીઓને માફી મળી હતી.

2023: 2023માં યુએઈના અધિકારીઓ દ્વારા 700થી વધુ ભારતીય કેદીઓને માફ કરવામાં આવ્યા.

2022: કુલ 639 ભારતીય કેદીઓને માફ કરવામાં આવ્યા.

સાઉદી અરેબિયા દ્વારા ભારતીય નાગરિકોની મુક્તિ:

2019: ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને ભારતની મુલાકાત દરમિયાન 850 ભારતીય કેદીઓને મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. જે એક મહત્વપૂર્ણ રાજદ્વારી સફળતા દર્શાવે છે. 2

કતાર દ્વારા ભારતીય નૌકાદળના ભૂતપૂર્વ સૈનિકોની મુક્તિ:

2023: કતારમાં આઠ ભારતીય નૌકાદળના ભૂતપૂર્વ સૈનિકોને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. ભારત સરકારના રાજદ્વારી હસ્તક્ષેપને કારણે તેમની સજામાં ઘટાડો થયો હતો. ત્યારબાદ તેમાંથી મોટાભાગનાને મુક્ત કરવામાં આવ્યા હતા. 3

ઈરાન દ્વારા ભારતીય કેદીઓનેમુક્ત કરવામાં આવ્યા:

2024: ઈરાન દ્વારા કુલ 77 ભારતીય નાગરિકોને મુક્ત કરવામાં આવ્યા હતા.

2023: ઈરાન દ્વારા કુલ 43 ભારતીયોને મુક્ત કરવામાં આવ્યા હતા, જેમાં 12 માછીમારોનો સમાવેશ થાય છે.

બહેરીને 250 ભારતીય કેદીઓને માફ કર્યા :

2019: પ્રધાનમંત્રી મોદીની બહેરીન મુલાકાત દરમિયાન, બહેરીન સરકારે ભલી કામગીરીમાં જેલમાં બંધ 250 ભારતીયોને મુક્ત કર્યા.4

કુવૈતે ભારતીય કેદીઓને મુક્ત કર્યા:

2017: કુવૈતના અમીરે રાજદ્વારી વાટાઘાટો પછી 22 ભારતીયોને મુક્ત કર્યા અને 97 અન્ય લોકોની સજા ઘટાડી.5

શ્રીલંકાએ ભારતીય માછીમારોને મુક્ત કર્યા:

નિયમિત હસ્તક્ષેપો: શ્રીલંકા દ્વારા અટકાયતમાં લેવામાં આવેલા ભારતીય માછીમારોને બંને સરકારો વચ્ચેની વાટાઘાટો બાદ વારંવાર મુક્ત કરવામાં આવ્યા છે.

2014થી કુલ 3697 ભારતીય માછીમારોને મુક્ત કરવામાં આવ્યા છે. 6_7

પાકિસ્તાન દ્વારા ભારતીય માછીમારો અને કેદીઓને મુક્ત કરવામાં આવ્યા છે:

2014 થી અવિરત રાજદ્વારી પ્રયાસોથી 2639 માછીમારો અને 71 નાગરિક કેદીઓને મુક્ત કરવામાં આવ્યા છે. B

વર્ષ 2014થી, આમાંની ઘણી સફળતાઓ પીએમ મોદી દ્વારા વૈશ્વિક નેતાઓ સાથે શેર કરાયેલા વ્યક્તિગત સંબંધોને કારણે શક્ય બની છે. આ સફળ હસ્તક્ષેપો ભારતના વધતા જતા વૈશ્વિક રાજદ્વારી કદ અને વિદેશમાં ભારતીય નાગરિકોનું રક્ષણ કરવા માટે મોદી સરકારની અતૂટ પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે.

## બેંગલુરુમાં ઘાતક 'મર્ડર'

# પત્નીની હત્યા કરી સૂટકેસમાં પૂરી પતિએ સાસરિયાને કરી દીધો કૉલ

(એજન્સી) બેંગલુરુ । તા. 28

બેંગલુરુના હુલીમાવુ વિસ્તારમાં હૃદય કંપાવતી ઘટના સામે આવી છે, જ્યાં એક વ્યક્તિએ કથિત રીતે તેની પત્નીની હત્યા કરી, પછી તેના શરીરના ટુકડા કરી નાખ્યા અને તેને સુટકેસમાં ભરી દીધા હતા. આરોપીની ઓળખ મહારાષ્ટ્રના રહેવાસી રાકેશ તરીકે થઈ છે. હત્યા પછી રાકેશે પોતે સાસુ-સસરાને ફોન કર્યો અને તેમને આ ભયાનક ગુના વિશે જાણ કરી. મૃતકની ઓળખ 32 વર્ષીય ગૌરી સામ્બેકર તરીકે થઈ છે. મહારાષ્ટ્ર પોલીસ પાસેથી માહિતી મળ્યા બાદ હુલીમાવુ પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળની મુલાકાત લીધી. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ સારા ફાતિમા પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને તપાસ કરી હતી. પોલીસના જણાવ્યાનુસાર, રાકેશ અને તેની પત્ની હુલીમાવુ પોલીસ સ્ટેશનની હદમાં રહેતા હતા.

# ડમી શાળાનાં વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપી શકશે નહીં : સીબીએસઇ

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

નિયમિત રીતે શાળામાં ન જનારા સીબીએસઈના વિદ્યાર્થીઓને ધો.૧૨ની બોર્ડની પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવામાં આવશે નહીં તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. અધિકારીઓએ વધુમાં જણાવ્યું હતું કે ડમી શાળાઓમાં પ્રવેશ લેવાની જવાબદારી વિદ્યાર્થીઓ અને માતા-પિતા સાથે સંકળાયેલી છે. ડમી શાળાઓ વિરુદ્ધ સન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા શરૂ કરવામાં આવેલી કાર્યવાહીના ભાગરૂપે સીબીએસઇ ડમી વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં બેસી ન શકે તે માટે સંબધિત પરીક્ષા કાયદાઓમાં ફેરફાર કરવાનું વિચારી રહ્યું છે. ડમી શાળાઓના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં અને તેમને નેશનલ ઇન્સ્ટીટયૂટ ઓફ ઓપન સ્કૂલિંગ (એનઆઈઓએસ)ની પરીક્ષા આપવી પડશે.બોર્ડના એક વરિષ્ઠ અધિકારીએ પત્રકારોને જણાવ્યું હતું કે બોર્ડની ઓંચિતી તપાસ દરમિયાન જે વિદ્યાર્થી શાળામાં હાજર નહીં હોય તેવા વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષા આપવા દેવામાં આવશે નહીં.

ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન
(શિક્ષણ મંત્રાલય, ઉચ્ચ શિક્ષણ વિભાગ હેઠળની એક વૈધાનિક સંસ્થા)
નેલ્સન મંડેલા માર્ગ, વસંત કુંજ, દિલ્હી

જાહેરાત નં. AICTE/એડમિનિસ્ટ્રેશન બ્યુરો /02(03)/2025

**સભ્ય સચિવની જગ્યા માટેની જાહેરાત, ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) - છેલ્લી તારીખ લંબાવવામાં આવી છે.**

જાહેરાત નં. AICTE / એડમિનિસ્ટ્રેશન બ્યુરો /02(02)/2025 ના સંદર્ભમાં, સભ્ય સચિવ, AICTE ની જગ્યા માટે અરજીઓ મેળવવાની છેલ્લી તારીખ 11.04.2025 સુધી લંબાવવામાં આવી છે. બાકીની શરતો ઉપર દર્શાવેલ જાહેરાત જેવી જ છે.

cbc21300/12/0020/2425

## જના સ્મોલ ફાઇનાન્સ બેંક (એક સુનિશ્ચિત વ્યાપારી બેંક)

**રજીસ્ટર્ડ ઓફિસ :** ધ ફેરવે, ભોંયતળિયે અને પ્રથમ માળ, સર્વે નં. :- 10/1,11/2 & 12/2B, ડોમલૂર બહાર, કોરમંગલા આંતરિક રિંગ રોડ, EGL બિઝનેસ પાર્કની બાજુમાં, ચલ્લાઘટ્ટા, બેંગલોર -560071

### સોનાના દાગીનાની હરાજી માટે જાહેર સૂચના

આ નીચે દર્શાવેલ ઉધાર લેનારાઓ અનેક રીમાઇન્ડર છતાં નિર્ધારિત સમયમાં લોનની ચુકવણી કરવામાં અને સોનાના દાગીના રિડીમ કરવામાં નિષ્ફળ રહ્યા છે. નીચે સૂચિબદ્ધ ઉધાર લેનારાઓ દ્વારા ઉપરોક્ત લોન ખાતાઓ હેઠળ ગીરવે મૂકેલ સોનાના દાગીના/આભૂષણો **21-04-2025 ના રોજ સવારે 10:30 વાગ્યે** અમારી શાખા પરિસરમાં જાહેર/ઓનલાઈન/ખાનગી હરાજીમાં વેચવામાં આવશે. ભાગ લેવા ઇચ્છુકોએ શાખાનો સંપર્ક કરવા વિનંતી છે. બેંક કોઈપણ કારણ આપ્યા વગર કોઈપણ બિડ સ્વીકારવા કે નકારવાનો અધિકાર અનામત રાખે છે. મહેરબાની કરીને નોંધ કરો કે જો હરાજી તે જ દિવસે પૂર્ણ ન થાય, તો તે જ નિયમો અને શરતો પર તે પછીના દિવસોને અનુસરશે. જો ગ્રાહકનું અવસાન થયું હોય તો હરાજીને લગતી તમામ શરતો નોમિની/કાનૂની વારસદારને લાગુ પડશે. ઋણ લેનાર આથી હરાજીની તારીખ પહેલાં અદ્યતન વ્યાજ અને આનુષંગિક ખર્ચ ચૂકવે છે, જેમાં નિષ્ફળ થવા પર ગીરવે રાખેલા સોનાના ઘરેણાં વેચવામાં આવશે અને બાકી લેણાં જો કોઈ હોય તો વ્યાજ અને કિંમત સાથે વસૂલ કરવામાં આવશે. કોઈપણ પ્રશ્નો અને નિયમો અને શરતો માટે શાખાનો સંપર્ક કરો. શાખા સરનામાની વિગતો માટે **www.janabank.com** ની મુલાકાત લો.

| ક્રમ નં | લોન એકાઉન્ટ નંબર | ઉધાર લેનાર/સહ ઉધાર લેનારનું નામ | ગીરવે મૂકેલા સોનાના દાગીનાનું કુલ વજન |
|---|---|---|---|
| 1 | 32118730018871 | બાબુસિંહ રેખુસિંહ ચૌહાણ | 9.93 |
| 2 | 32118730018842 | કાંતાબેન કપૂરજી | 14.56 |
| 3 | 32118730018042 | દિલીપસિંહ નાનસિંહ ચૌહાણ | 7.7 |
| | જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, 2જો માળ, મેઘદર્શન કોમ્પ્લેક્સ , ઓફિસ નં 3 -4, મેહલ પાર્ક , સર્કિટ હાઉસ સામે, હાઇવે પાલનપુર 385001 ભારત | | |
| 4 | 33998740002410 | ઠાકોર પ્રફુલ્લ | 12.49 |
| | જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, ભોંયતળિયે , સર્વે નં 421, વેદ બંગલો સામે, એરપોર્ટ રોડ, નાના ચિલોડા, અમદાવાદ નરોડા 382361 | | |
| 5 | 31998730006846 | દિવાનતલીબ અહમદ શાહ | 5.91 |
| 6 | 31998160001611 | તવિયાડ રમેશભાઈ | 20.11 |
| | જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, ભોંયતળિયે , 312, શ્રી નિવાસ , અયોધ્યા પુરી સોસાયટી , નંદ કોમ્પ્લેક્ષ પાસે , બમરોલી રોડ, ગોધરા 389001 | | |
| 7 | 33468740001576 | હિનાબેન ભાનુપ્રસાદ શ્રીમાળી | 32.64 |
| 8 | 33468740001563 | પરેશભાઈ સખાભાઈ દેસાઈ | 53.45 |
| 9 | 33468740001540 | વસંતીબેન વિઠ્ઠલભાઈ | 15.41 |
| 10 | 33468740001524 | ડોડીયા આકાશ કરણસિંહ | 51.05 |
| 11 | 33468740001487 | સોરામિયા ભાવનાબેન જીતેન્દ્રભાઈ | 10.83 |
| | જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, 1 લો માળ, શોપ નં 115 - 116, નમસ્કાર સર્કલ પાસે, સ્વામીનારાયણ મંદિર સામે , શાહિબાગ, અમદાવાદ 380004 | | |
| 12 | 45170670000010 | શેખ ફુરખન અબ્દુલ ક્ય્યુમ | 190.21 |
| | જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, ભોંયતળિયે , નં 2, શિલ્પ આર્કેડ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઇટ અમદાવાદ ગુજરાત 380015 | | |
| 13 | 31520670000011 | લઘધીર જયદીપ પ્રદિપભાઈ | 239.42 |
| | જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, પ્લોટ નં 3 થી 8, સેન્ટ્રલ પ્લાઝા, શોપ નં 33 થી 39, આંગન પાર્ક , વેરાવળ બાયપાસ રોડ , જુનાગઢ 362002 | | |
| 14 | 31498160000224 | ગોહિલ અજયસિંહ કિરીટસિંહ | 48.3 |
| | જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, ભોંયતળિયે , શાંતિ હાઇટ્સ, શોપ નં 4, વડોદરીયા પાર્ક થી વાઘવાડી રોડ, ભાવનગર ગુજરાત 364001 | | |
| 15 | 30978740000927 | સોની નિરજ મહાવીરપ્રસાદ | 144.94 |
| 16 | 30978740000890 | તરૂણ માલી | 35.37 |
| 17 | 30978740000825 | વિજયકુમાર નારણભાઈ બોદાણા | 20.66 |
| | જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, ભોંયતળિયે દુકાન નં 2/એ અને પહેલા માળે એફ એફ (2/એ) , સાત્વેદ કોમ્પલેક્ષ , સરદાર પટેલ ના બાવળા પાસે , સરદાર પટેલ રોડ , નવરંગપુરા અમદાવાદ 380013 | | |
| 18 | 33268730012177 | હિના મોહમ્મદ એઝાઝ શેખ | 5.64 |
| | જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ પ્લોટ નં 29એ, શોપ નં યુજી 43-45, 1 લો માળ, સિધ્ધિ વિનાયક પ્લેટીનમ, હનુમાન મંદિર સામે , બમરોલી, વીઆઈપી રોડ , પાંડેસરા , સુરત 394221 | | |
| 19 | 33368730023096 | સોલંકી રાહુલભાઈ જગદીશભાઈ | 2.87 |
| | જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ શોપ નં 101 - 102, ગણેશ પ્લાઝા, અજીત મિલ ચાર રસ્તા , રખિયાલ, અમદાવાદ 380023 | | |
| 20 | 31968730012820 | સાહિલ ઈશુભાઈ ચૌહાણ | 10.64 |
| | જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, જીપીપી સ્ક્વેર, શોપ નં 1 -2, ભોંયતળિયે અને પહેલા માળે , રિલાયન્સ પેટ્રોલ પંપ પાસે, નેશનલ હાઇવે મહેસાણા 384002 | | |
| 21 | 32408730005213 | પ્રિયંકા અમિત | 3.9 |
| | જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ ભોંયતળિયે , શોપ નં 1, રૂદ્ર આર્કેડ , વિનય મેડીકલ ખાતે , ફોનવાલે સામે, હાલાર રોડ , વલસાડ 396001 | | |
| 22 | 30748730006972 | ચૌહાણ ભીખુભા | 30.84 |
| | જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, રિદ્ધિ સિદ્ધિ કોમ્પલેક્ષ , 101- 102, 1 લો માળ, મહિલા કોલેજ રોડ , સ્ત્રી વિકાસ ગૃહની સામે, પટેલ કોલોની , જામનગર 361008 | | |
| 23 | 33028740000898 | પ્રજાપતિ ચિરાગ | 11.52 |
| 24 | 33028740000885 | રામનરેશ યાદવ | 11.81 |
| 25 | 33028740000872 | વિષ્ણુ શર્મા | 26.09 |
| 26 | 33028740000862 | ફરીદખાન પઠાણ | 48.77 |
| 27 | 33028740000859 | મયુરકુમાર સોલંકી | 10.16 |
| 28 | 33028730017599 | ગીતાબેન ખચાડુ | 10.35 |
| | જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ શોપ નં 21, 22, 23, પહેલાં માળે , રૂદ્ર ગ્રીન ,/જુની નારોલ કોર્ટ પાસે , નારોલ અમદાવાદ 382405 | | |
| 29 | 48348160000827 | પરમાર ભુરાભાઈ | 11.03 |
| | જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ ભોંયતળિયે , જનમંગલ કોમ્પલેક્ષ , શોપ નં 4, 5,6, રિલાયન્સ પેટ્રોલ પંપ સામે , બાયડ પિનકોડ 383325 | | |
| 30 | 45168740000752 | ઠાકોર વિનોદજી | 55.78 |
| 31 | 45168740000736 | મનીષ ભાટીયા | 49.45 |
| 32 | 45168730001992 | કપીલાબેન મનહરભાઈ રાઠોડ | 5.9 |
| | જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ રૂમ નં 101, 1 લો માળ, સિગ્મા આર્કેડ , વિજય સેલ્સ ઉપર, વિસત પેટ્રોલ પંપ પાસે , સર્વે નંબર 224એ+બી, ટીપી નં 21, ફાઇનલ પ્લોટ નંબર 141/04, અમદાવાદ ગુજરાત 382424 | | |

સ્થાન : ગુજરાત
તારીખ : 29-03-2025

Sd/- અધિકૃત અધિકારી
જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ

## વોટર રિસાયક્લિંગ પર ગડકરીએ મૂક્યો ભાર

# સરકારે ટોઈલેટનું પાણી વેચી વાર્ષિક 300 કરોડની કમાણી કરી

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરી ઈનોવેટિવ અને શ્રેષ્ઠ મેનેજમેન્ટ માટે સફળ આઈડિયા માટે જાણીતા છે. તેમણે હાલમાં જ જણાવ્યું હતું કે, સરકારે નાગપુરમાં ટોઈલેટનું પાણી રિસાયકલ કરી રૂ. 300 કરોડની કમાણી કરી છે. આ સાથે તેમણે વોટર રિસાયક્લિંગ પર ભાર મૂક્યો છે. નીતિન ગડકરીએ જણાવ્યું કે, વોટર રિસાયક્લિંગનો પ્રથમ સફળ પ્રોજેક્ટ મથુરામાં પૂરો થયો હતો, ત્યારે હું જળ સંશાધન, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ મંત્રી હતો. 2017થી 2019 દરમિયાન પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ એક પ્રોજેક્ટ પૂર્ણ કર્યો હતો. જેમાં મથુરા શહેરના ગંદા પાણીને રિસાયકલ કરી તેને ઈન્ડિયન ઓઈલની મથુરા રિફાઈનરીમાં રૂ. 20 કરોડમાં વેચ્યું હતું. આ પ્રોજેક્ટમાં સરકારે 40 ટકા અને રોકાણકારોએ 60 ટકા રોકાણ કર્યું હતું. ત્યારે મથુરામાં 90 એમએલડીનો કાંપ હતો. આ પ્રોજેક્ટમાં પાણીને શુદ્ધ કરી તેને મથુરા રિફાઈનરીને વેચ્યું હતું. મથુરા રિફાઈનરીને અમે તેના પાણી માટે થતાં ખર્ચ કરતાં સસ્તા દરે પાણી વેચ્યું હતું.

## પ્રતિ લિટર ચાર રૂપિયાના વધારાને મંજૂરી

# મેટ્રો બાદ હવે દૂધના ભાવમાં ધરખમ વધારો, મહિલાઓનું બજેટ ખોરવાશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

બસ અને મેટ્રોના ભાડામાં વધારો કર્યા બાદ હવે સરકારે દૂધના ભાવમાં વધારો કર્યો છે. મોંઘવારીના આ યુગમાં દૂધના ભાવમાં થયેલા વધારાને સામાન્ય લોકો માટે મોટા આંચકા તરીકે જોવામાં આવી રહ્યા છે. દક્ષિણ ભારતના સૌથી મોટા રાજ્યોમાંના એક કર્ણાટક સરકારે નંદિની દૂધના ભાવમાં 8 થી 9 ટકા એટલે કે 4 રૂપિયાનો વધારો કર્યો છે. નંદિની દૂધના દરેક પેકેટના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. ચાલો તમને એ પણ જણાવીએ કે કર્ણાટકમાં દૂધના ભાવ શું થઈ ગયા છે.કર્ણાટક રાજ્ય સરકારે દૂધના ભાવમાં વધારો કરીને રાજ્યની જનતાને મોટો ઝટકો આપ્યો છે. દૂધના ભાવમાં થયેલા વધારાનો ફટકો ઉગાડી તહેવારની ઉજવણી કરતા રાજ્યના લોકોને પડ્યો છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના નેતૃત્વમાં મળેલી કેબિનેટની બેઠકમાં નંદિની દૂધના ભાવમાં પ્રતિ લિટર ચાર રૂપિયાના વધારાને મંજૂરી આપવામાં આવી છે.

## મટન, ચિકન, માછલીની દુકાનો બંધ

# કાશીમાં નવરાત્રિમાં નોન-વેજ નહી મળે, કોર્પોરેશન કરશે મોનિટરિંગ

(એજન્સી) કાશી । તા. 28

ધાર્મિક નગરી કાશીમાં નવરાત્રિ પર નોનવેજના વેચાણ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. મોડી સાંજ સુધી ચાલેલી મહાનગરપાલિકાની કારોબારી બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. સમગ્ર નવરાત્રિ દરમિયાન કાશીમાં મટન, ચિકન અને માછલીની દુકાનો બંધ રહેશે. નવરાત્રિનો તહેવાર 30 માર્ચથી 6 એપ્રિલ સુધી છે. 31મી માર્ચે આવતી ઈદ પર પણ નોન-વેજની દુકાનો બંધ રહેશે. કારોબારી સભ્ય મદન મોહનના પ્રસ્તાવ પર ઊંડા વિચાર-વિમર્શ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. નવરાત્રિ દરમિયાન નોનવેજના વેચાણ પર પ્રતિબંધ મૂકવા માટે હિન્દુ સંગઠનોએ બે દિવસ પહેલા વહીવટીતંત્રને માગ પત્ર પણ સુપરત કર્યું હતું. માગ પત્ર દ્વારા તેમણે અપીલ કરી હતી કે કાશી જે એક પૌરાણિક નગરી છે અને નવરાત્રિ દરમિયાન શક્તિની પૂજા કરવામાં આવે છે તે જોતા આ પ્રતિબંધ લગાવવો જોઈએ.

# ATM થી કમાણી મામલે SBI ટોચે, ખોટમાં BOB આગળ

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

કેન્દ્રએ જણાવ્યું છે કે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા (એસબીઆઇ)એ એટીએમ કેશ વિથડ્રોઅલથી મોટાપાયા પર કમાણી કરી છે. છેલ્લા પાંચ વર્ષમાં એસબીઆઇને એટીએમ વિથડ્રોઅલ ચાર્જ પેટે જ રૂ. 2043 કરોડની આવક થઈ હોવાનું મનાય છે. તેની તુલનાએ અન્ય નવ જાહેર ક્ષેત્રની બેન્કોની એટીએમના મોરચે સંયુક્ત ખોટ રૂ. 3738.78 કરોડ છે. સંયુક્ત ધોરણે જોઈએ તો એસબીઆઇ પછી પંજાબ નેશનલ બેન્ક (પીએનબી) અને કેનેરા બેન્ક બે જ એવી બેન્ક છે જેણે એટીએમ રોકડ ઉપાડમાંથી અનુક્રમે રૂ. 90.33 કરોડ અને રૂ. 31.42 કરોડ એકત્રિત કર્યા છે.આમ સરકારનું કહેવું છે કે એસબીઆઇએ જાહેર ક્ષેત્રની અન્ય બેન્કોની તુલનાએ એટીએમ રોકડ કમાણીમાં ઘણી સારી કામગીરી દાખવી છે. જાહેર ક્ષેત્રની બેન્કોએ એટીએમ વિથડ્રોઅલમાંથી કરેલી કમાણી અંગે ગૃહમાં સવાલ પૂછવામાં આવતા નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ ઉપરોક્ત જવાબ આપ્યો હતો.એસબીઆઇએ છેલ્લા પાંચ વર્ષમાં એટીએમ રોકડ ઉપાડ પેટે રુ. 656 કરોડ, રુ. 228 કરોડ, રુ. 393 કરોડ, રુ. 435 કરોડ, રુ. 331 કરોડની આવક કરી હતી. તેનાથી વિપરીત બેન્ક ઓફ બરોડાએ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન અનુક્રમે રુ. 70.06, રુ. 137.03, રુ. 184.88, રુ. 220.30, રૂ. 212.08 કરોડની ખોટ કરી હતી. આવી જ ખોટ કરવામાં તેના પછીના ક્રમે ઈન્ડિયન બેન્ક આવે છે. તેણે રુ. 41.85, રૂ. 89.53 , રૂ. 151.54, રૂ.161.70 અને રૂ. 188.75 કરોડની ખોટ નોંધાવી હતી. ચૌધરીએ જણાવ્યું હતું કે ગ્રાહકને પોતાની બેન્કના એટીએમમાંથી દર મહિને પાંચ ટ્રાન્ઝેકશન ફ્રી છે. જ્યારે મેટ્રો શહેરોમાં બીજી બેન્કના એટીએમમાં પર તે ત્રણ ટ્રાન્ઝેક્શન જ વિના મૂલ્યે કરી શકે છે. નોન મેટ્રો શહેરમાં આ પ્રકારના ટ્રાન્ઝેક્શન્સની સંખ્યા પાંચની છે.તેના પછી ગ્રાહકે પ્રતિ ટ્રાન્ઝેકશન્સ મહત્તમ રૂ.21 ચૂકવવા પડે છે. પહેલી એપ્રિલથી હવે પાંચ ફ્રી ટ્રાન્ઝેકશન્સ સિવાય એટીએમ ટ્રાન્ઝેકશન્સ કર્યા તો પ્રતિ ટ્રાન્ઝેકશન્સ રૂ. 19 ચૂકવવા પડશે. એટીએમ પર બેલેન્સ ચેક કરવાની ફી પણ એક રૂપિયો વધીને સાત રૂપિયા થઈ ગઈ છે.

# ન્યુટ્રોજેના® એ 'બ્યુટી વિથ નો કોમ્પ્રોમાઇઝ' અભિયાન માટે શ્રદ્ધા કપૂર સાથે ભાગીદારી કરી

(એજન્સી) નવીદિલ્હી । તા. 28

ન્યુટ્રોજેના®, એક વૈશ્વિક ચામડીના ડૉકટર દ્વારા ભલામણ કરાયેલ વિજ્ઞાન-સમર્થિત સ્કિનકેર બ્રાન્ડે આજે તેની નવી બ્રાન્ડ, ફિલોસોફી 'બ્યુટી ટુ અ સાયન્સ' લોન્ચ કર્યું, જેમાં બોલીવુડ સુપરસ્ટાર શ્રદ્ધા કપૂરને ભારતમાં તેના નવા બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા. આજે મુંબઈમાં આયોજિત 'બ્યુટી વિથ નો કોમ્પ્રોમાઇઝ' કાર્યક્રમમાં, ન્યુટ્રોજેનાએ તેની નવીનતમ ઈનોવેશન - હાઈડ્રો બૂસ્ટ સનસ્ક્રીન, SPF 50 પણ લોન્ચ કર્યું, જે વજન વિનાનું સૂર્યપ્રકાશથી રક્ષણ આપે છે અને એપિડર્મિસની ઉપરના સ્તરોને ઉંડાણપૂર્વક*1 હાઈડ્રેશન પૂરું પાડે છે.




આ કાર્યક્રમમાં શ્રદ્ધા કપૂર, ડો. પુનિત સરાવગી, ચીફ ડર્મેટોલોજિસ્ટ, એવરીથિંગ સ્કિન એન્ડ હેર ક્લિનિક અને પૃથ્વી, પ્રિન્સિપલ સાયન્ટિસ્ટ, આર એન્ડ ડી સ્કિન હેલ્થ, કેનવ્યુ સાથે 'રૂલ્સ ફોર બ્યુટી વિથ નો કોમ્પ્રોમાઇઝ' વિષય પર એક રસપ્રદ પેનલ ચર્ચા થઈ. આ ચર્ચામાં ગ્રાહકો દ્વારા કરવામાં આવતા રોજિંદા સ્કિનકેર સમાધાનો પર ચર્ચા કરવામાં આવી હતી અને ઘટકોની તુલનામાં વૈજ્ઞાનિક ફોર્મ્યુલેશનનું મહત્ત્વ, સૌંદર્ય શાસ્ત્ર કરતાં અસરકારકતા અને સોશિયલ ટ્રેન્ડ કરતાં વિજ્ઞાન અને ત્વચા-સમર્થિત ઉકેલોને પ્રાથમિકતા આપવાની જરૂરિયાત પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

## "મુક્તિ-સંગ્રામ"ની ભાવના આપણા સંબંધોમાં માર્ગદર્શક બની છે

# બાંગ્લાદેશના "સ્વાતંત્ર્ય દિને" વડાપ્રધાન મોદીએ મોહમ્મદ યુનુસને પત્ર લખી શુભેચ્છાઓ પાઠવી

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

દિલ્હી અને ઢાકા વચ્ચે સંબંધો ખરાબ થયા હોવા છતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બાંગ્લાદેશની અંતરિમ સરકારના અગ્રણી મોહમ્મદ યુનુસને પત્ર લખી, તેઓને સ્વતંત્રતા દિવસની શુભેચ્છાઓ પાઠવી સાથે બંને દેશો વચ્ચે ભાગીદારી આગળ વધારવા પ્રતિબદ્ધતા દર્શાવી. વડાપ્રધાને લખ્યું : મહા મહીમ હું બાંગ્લાદેશના રાષ્ટ્રીય દિવસના અવસરે આપને અને બાંગ્લાદેશના લોકોને શુભેચ્છાઓ પાઠવું છું. આ દિવસ આપણા સમાન ઈતિહાસ અને બલિદાનોના પ્રમાણ રૂપે રહેલો છે. તેણે આપણા દ્વિપક્ષીય સંબંધોનો પાયો નાખ્યો છે. બાંગ્લાદેશના મુક્તિ સંગ્રામની ભાવના આપણા સંબંધો અંગે માર્ગદર્શક બની છે. જે અનેક ક્ષેત્રોમાં



ફૂલી-ફાલી છે. તેથી આપણી જનતાને ખરો લાભ પણ મળ્યો છે. વડાપ્રધાને વધુમાં લખ્યું, આપણે શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ માટે આપણી સમાન આકાંક્ષાઓથી પ્રેરિત છીએ.ઉલ્લેખનીય છે કે પશ્ચિમ પાકિસ્તાનનાં જૂલ્મી શાસનમાંથી પહેલા પૂર્વ-પાકિસ્તાન કહેવાતા આ પ્રદેશને મુક્ત કરવામાં ભારતીય જવાનોએ બંગ-વાહીનીના જવાનોની સાથે મળી પાકિસ્તાનનાં લશ્કરને પરાજિત કરી બાંગ્લાદેશનું સર્જન કર્યું. શેખ મુજીબ ઉર્-રહેમાનને દેશના પ્રથમ નેતા બનાવ્યા તે પછી તેઓનાં પુત્રી શેખ હસીના વડાપ્રધાન પદે આવ્યાં. ત્યાં સુધી ભારત અને બાંગ્લાદેશના સંબંધો મધુર હતા. પરંતુ પાકિસ્તાન પ્રેરિત તોફાનીઓએ શેખ હસીનાને દૂર કર્યા. બાંગ્લાદેશમાં લઘુમતિઓ ઉપર અત્યાચારો થઈ રહ્યા. દેશ ભારત વિરોધ થઈ રહ્યો આટલી બેવફાઈ ક્યાંય જોવા નહીં મળે. અધુરામાં પૂરું યુનુસ હવે આવતીકાલે ચીન જવાના છે.

## કલોલ પાલિકાએ વેરા વસૂલાત માટે 15 દુકાનોને સીલ કરી

કલોલ પાલિકા દ્વારા આસામીઓની યાદી બનાવી પાલિકા નોટિસો ફટકારવામાં આવી હતી અને તેમાં વેરો ભરપાઇ કરી દેવા માટેની સમયમર્યાદા આપવામાં આવી હતી. તેમ છતાં વેરો નહીં ભરનારા અને રૂ.20 હજારથી વધુ રકમનો ટેક્સ બાકી નીકળતો હોય તેવી મિલકતોને સીલ મારવાનો આરંભ કર્યો છે. પાલિકાના ટેક્સ વિભાગ દ્વારા જણાવાયુ છે કે કલોલ શહેરના સિંદબાદ હોટલ પાસે આવેલ ઉમિયા રેસીડેન્સી- મણિભદ્ર બિલ્ડર અને નિર્મિત ક્રિસ્ટલ બહાર આવેલી 15 દુકાનોને કલોલ નગરપાલિકા દ્વારા સીલ મારી દેવાયું નગરપાલિકાના વેરા વસુલાત વિભાગના અધિકારીઓ દ્વારા આ પ્રકારની કાર્યવાહીનો આરંભ કર્યો છે.


# સિટી એક્સપ્રેસ

SATURDAY 29 MARCH-2025

AHMEDABAD


## મિત્રતામાં આપેલા 5 લાખ પરત ન ચૂકવતી મહિલાને 6 મહિનાની જેલ

શહેરમાં થોડા સમયમાં મિત્રતા કેળવી રૂપિયા પડાવવાની સ્કીમો અનેક લોકો કરી રહ્યા છે. મિત્રતામાં હાથ ઉછીના રૂપિયા લીધા પછી હાથ ઊંચા કરી દેવામાં આવે છે. ત્યારે પેથાપુરમાં રહેતા યુવકે તેના પરિચિત મહિલાને રૂપિયાની જરૂરિયાત ઉભી થતા 5 લાખ રૂપિયા હાથ ઉછીના આપ્યા હતા. દોઢ વર્ષના વાયદે આપેલા રૂપિયા સમય મર્યાદા પુરી થતા પરત માગવામાં આવતા ચેક આપ્યો હતો, જે પરત ફરતા હાથ ઊંચા કરતા કેસ કરાતા આરોપીને છ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી હતી.



# ઇડર-બડોલી 14 કિ.મી ફોરલેન માટે કેન્દ્રની ₹705.09 કરોડની મંજૂરી



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

સાબરકાંઠા જિલ્લામાં ઇડરથી બડોલી સુધીના 14 કિલોમીટર લાંબા બાયપાસના નિર્માણ માટે કેન્દ્ર સરકાર દ્વારા 705 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આજે તેની જાહેરાત કરી હતી. આ 4 લેન બાયપાસનું નિર્માણ થવાથી ઇડરમાં ટ્રાફિકની સમસ્યા દૂર થશે તેમજ મહેસાણા અને શામળાજી તરફ જતો ટ્રાફિક સુગમ બનશે. ગુજરાતને મળેલી આ ભેટ અંગે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ 4-લેન રોડના નિર્માણ માટે 705.09 કરોડ મંજૂર કરવા બદલ માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીનો આભાર વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આ કામગીરીથી ઇડરમાં ટ્રાફિકની સમસ્યા દૂર થવાની સાથે અંબાજી અને રાજસ્થાન સાથે કનેક્ટિવિટીમાં વધારો થશે અને સલામત અને ઝડપી મુસાફરી સુનિશ્ચિત થશે. મોદીજીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, કેન્દ્ર અને ગુજરાત સરકારના સમન્વય સમાન આ આ ડબલ એન્જિન સરકારના લીધે લોકાભિમુખ વિકાસ થઇ રહ્યો છે અને માળખાગત સુવિધાઓમાં અભૂતપૂર્વ પરિવર્તન સાકાર થયું છે.

### શામળાજી, અંબાજી, મહેસાણાના રસ્તામાં ટ્રાફિકથી મળશે રાહત: ગડકરીની મોટી જાહેરાત

### નેશનલ હાઇવે-168G પર બાયપાસનું નિર્માણ

નીતિન ગડકરીએ આ બાબતે સોશીયલ મીડિયામાં શેર કરેલી પોસ્ટમાં જણાવ્યું હતું કે આ બાયપાસ સાબરકાંઠામાં નેશનલ હાઇવે-168G પર નિર્માણ થશે. નેશનલ હાઇવે-168G મહેસાણાથી શરૂ થઇને વિસનગર, વડનગર, ખેરાલુ, ઇડર, બડોલી, ભીલોડા થઇને શામળાજી પાસે નેશનલ હાઇવે -48 સુધી લંબાય છે. આ ભાગ ઇડરમાંથી પસાર થતો હોવાથી શહેરમાં અવારનવાર ભારે ટ્રાફિક સર્જાય છે. તે સિવાય મહેસાણા અને શામળાજી તરફ જતા ટ્રાફિક માટે ઇડર એ મહત્વપૂર્ણ ટ્રાન્ઝિટ નોડ છે. આ સમસ્યાઓના નિરાકરણ માટે આ રોડને 4 લેનમાં અપગ્રેડ કરવામાં આવશે જેનાથી સુરક્ષા અને ટ્રાફિકની સુગમતા સુનિશ્ચિત થશે.

## ST મુસાફરી થઇ મોંઘી.... આજ મધરાતથી નવા ભાડાં લાગુ

# ગુજરાત ST બસના ભાડામાં 10 ટકાનો વધારો

### 48 કિમી સુધીની મુસાફરીમાં રૂ. 1થી 4નો વધારો; 27 લાખ મુસાફરોને સીધી અસર

(એજન્સી) અમદાવાદ | તા.28

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (GSRTC) દ્વારા મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. એસટી નિગમ દ્વારા ચાલકી બસ સેવાનાં ભાડાંમાં 10 ટકાનો વધારો કરવામાં આવ્યો છે, ત્યારે આજે મધ્યરાત્રિથી નવા ભાડાં લાગુ કરવામાં આવશે. એસટી નિગમના આ નિર્ણયથી રાજ્યના 27 લાખ મુસાફરોને સીધી અસર થશે. ઉલ્લેખનીય છે કે, 2014 બાદ પહેલીવાર 2023માં એટલે કે 10 વર્ષ બાદ એસટી નિગમ દ્વારા 1 ઓગસ્ટ 2023ના રોજ 25 ટકા સુધીનો ભાડાંમાં વધારો કરવામાં આવ્યો હતો. GSRTC દ્વારા આ લાગુ થનારાં ભાડાંમાં 48 કિમી સુધી રૂ. એકથી લઈને 6 રૂપિયા સુધીનો વધારો કર્યો હતો. એસટી નિગમ દ્વારા આજે ફરીથી બસના ભાડાં વધારવામાં આવ્યો છે. 28 માર્ચ 2025ની મધરાતથી એટલે કે 29 માર્ચ 2025 રાત્રે 12 વાગ્યાથી 10 ટકાનો ભાડાંમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. જેમાં લોકલ સર્વિસમાં કુલ મુસાફરો પૈકી 85 ટકા મુસાફરો (દરરોજ અંદાજીત 10 લાખ) 48 કિમી સુધીની મુસાફરી કરે છે જેમાં માત્ર રૂપિયા એકથી રૂપિયા 4 સુધીનો ભાડાંમાં વધારો કરવામાં આવ્યો છે.

### દરરોજ 27.18 લાખ મુસાફરો બસમાં મુસાફરી કરે છે




ગુજરાતમાં દરરોજ 18.21 લાખ ગ્રામીણ મુસાફરો, 46 હજાર શહેરી મુસાફરો અને 8.30 લાખ વિદ્યાર્થીઓ એમ કુલ મળીને 27.18 લાખ મુસાફરો રાજ્યની એસ.ટી. બસમાં મુસાફરી કરે છે. ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશને (GSRTC)ની કુલ 8,320 બસ દરરોજ 42,083 જેટલી ટ્રીપ પૂરી કરે છે. બધી બસોનું 34.52 લાખ કિલોમીટર જેટલું અંતર દરરોજ કાપે છે. ગુજરાતના 18,367 ગામડાઓ એટલે કે 99.34 ટકા ગામડાઓને એસ.ટી. નિગમે આવરી લીધા છે. રોજ સરેરાશ 68,000 ટિકિટ ઓનલાઈન બુક થાય છે.

### 8,320 બસની દરરોજ 42,083 ટ્રીપ

ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના રાજ્યમાં કુલ 16 ડિવિઝન, 125 બસ ડેપો, 151 બસ સ્ટેશન્સ અને 1554 જેટલા પીકઅપ સ્ટેન્ડ આવેલા છે. ડ્રાઈવર, કંડક્ટર, મિકેનિક, વહીવટી સ્ટાફ અને અધિકારીઓ કુલ મળીને 36,297 કર્મચારીઓ નિગમમાં કાર્યરત છે. કુલ 8,320 બસ દરરોજ 42,083 જેટલી ટ્રીપમાં 34.52 લાખ કિમી અંતર કાપે છે. ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને સંઘ પ્રદેશ સુધી આ બસ સેવાઓ વિસ્તરેલી છે.

હાલ ST પાસે 8,320 બસની ફ્લિટ છે. જેમાં 20 વોલ્વો સ્લીપર, 50 વોલ્વો સીટર, 50 એ.સી. સ્લીપર, 50 એ.સી. સીટર, 50 ઇલેક્ટ્રિક, 431 નોન એસી સ્લીપર, 703 ગુર્જર નગરી, 5,556 ડીલક્સ એક્સપ્રેસ, 1105 મીની બસ અને 300 લક્ઝરી બસ છે.

# આસારામને ગુજરાત હાઈકોર્ટથી રાહત, મેડિકલ ગ્રાઉન્ડ પર ત્રણ મહિનાના મળ્યા હંગામી જામીન

(એજન્સી) અમદાવાદ | તા.28

દુષ્કર્મ કેસ મામલે આસારામને ગુજરાત હાઈકોર્ટથી મોટી રાહત મળી છે. મેડિકલ ગ્રાઉન્ડ પર આસારામને ત્રણ મહિનાના હંગામી જામીન મળ્યા છે. ગુજરાત હાઈકોર્ટમાં શુક્રવારે (25 માર્ચ, 2025) સુનાવણી હાથ ધરાઈ હતી. જણાવી દઈએ કે, આસારામે છ મહિનાના કાયમી જામીન માગ્યા હતા. આસારામના વચગાળાના જામીન 31 માર્ચે પૂરા થઈ રહ્યા છે, જે મેડિકલ ગ્રાઉન્ડ પર લેવાયા હતા. જામીનને આગળ વધારવા કે નહીં તેના પર ગુજરાત હાઈકોર્ટના બે જજના મંતવ્ય અલગ અલગ રહ્યા હતા. એક જજે ત્રણ મહિના માટે જામીન આપવા મંતવ્ય આપ્યું હતું. જ્યારે બીજા જજનો નિર્ણય અલગ હતો. જેથી ખંડિત ચુકાદો આપ્યો હતો. ત્યારબાદ ચીફ જસ્ટિસ બીરેન વૈષ્ણવ સમક્ષ આસારામના વકીલે રજૂઆત કરી હતી. ગુજરાત હાઈકોર્ટના જજ એ.એસ.સુપેહિયાને આસારામની જામીન અરજી રિફર કરાઈ હતી. બપોર બાદ તેના પર જજ સુપેહિયાની કોર્ટમાં સુનાવણી થઈ હતી. જજ ઈલેશ વોરા ત્રણ મહિનાના જામીન આપવાના સમર્થનમાં હતા, જ્યારે જજ સંદીપ ભટ્ટ વિરોધમાં હતા.



### સુપ્રીમ કોર્ટ અને રાજસ્થાન હાઇકોર્ટે 31 માર્ચ સુધીના વચગાળા જામીન આપ્યા હતા

આ અગાઉ ગાંધીનગરના આશ્રમમાં મહિલા અનુયાયી પર દુષ્કર્મના કેસ મામલે 7 જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટે આસારામને 31 માર્ચ સુધી જામીન આપ્યા હતા. જેમાં કોર્ટે પોતાના અનુયાયીઓને ન મળવાની આસારામને સૂચના આપી હતી. ત્યારબાદ 14 જાન્યુઆરીએ જોધપુર દુષ્કર્મ કેસ મામલે રાજસ્થાન હાઈકોર્ટે આસારામને 31 માર્ચ સુધીના વચગાળાના જામીન આપ્યા હતા.

# હદ થઈ! પિત્ઝામાંથી અણીદાર ખિલ્લી નીકળી



### અમદાવાદના નિકોલમાં પાપા લુઇસ પિત્ઝાની ઘટના, કોર્પોરેશનના ફૂડ વિભાગે શોપને સીલ માર્યું

(એજન્સી) અમદાવાદ | તા.28

અમદાવાદના નિકોલ વિસ્તારમાં આવેલી એક પિત્ઝા શોપમાં એક ગ્રાહકને કડવો અનુભવ થયો છે. પાપા લુઈસ પિત્ઝા શોપના પિત્ઝામાંથી ખીલી નીકળી હોવાની ઘટના સામે આવી છે. ગ્રાહકે પિત્ઝા ખાવાની શરૂઆત જ કરી હતી અને બીજો પિત્ઝા ખાતાની સાથે જ તેમના ખાવામાં ખીલી આવી હતી. સદનસીબે તેઓને ખબર પડી ગઈ હતી અને તઓએ ખીલી મોઢામાંથી કાઢી દીધી હતી. આ મામલે તેઓએ હોટલના જવાબદાર વ્યક્તિને બોલાવીને જાણ કરી હતી. મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગે તપાસ હાથ ધરી પાપા લુઈસ પિત્ઝા શોપને સીલ માર્યું.

**પિત્ઝાના કોર્નમાંથી ખીલી નીકળી હતી :** મળતી માહિતી મુજબ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં રહેતા એક વ્યક્તિ અન્ય લોકો સાથે પિત્ઝા ખાવા માટે નિકોલ વિસ્તારમાં આવેલી પાપા લુઈસ નામની પિત્ઝા શોપમાં ગયા હતા. તેઓએ પિત્ઝાનો ઓર્ડર આપ્યો હતો. ત્યાર બાદ ડ્રિંક્સ અને પિત્ઝા સર્વ થવાની શરૂઆત થઈ હતી. જેમાં બીજો કોર્ન પિત્ઝા આવ્યો હતો. જે ખાતાની સાથે જ તેમના મોઢામાં કંઈક મજબૂત વસ્તુ વાગી તેવું લાગ્યું હતું. જેથી તેઓએ જ્યારે મોઢામાંથી બહાર કાઢીને જોયું તો પિત્ઝાના કોર્નમાં ખીલી હોવાનું સામે આવ્યું હતું. ખીલી નીકળી હોવાથી તેઓએ આ મામલે તાત્કાલિક શોપના જવાબદાર વ્યક્તિને ત્યાં બોલાવ્યા હતા. પાપા લુઈસ પિત્ઝાના જવાબદાર વ્યક્તિને બોલાવી અને આ ખૂબ જ ગંભીર બાબત કહેવાય અને જો આ ખીલી શરીરમાં જતી રહી હોત તો કેટલું મોટું આરોગ્યને નુકસાન થયા તેમ કહ્યું હતું. શોપના જવાબદાર વ્યક્તિએ પણ ભૂલ થઈ ગઈ તેવું સ્વીકાર્યું હતું અને ત્યાર બાદ આવી ઘટના હવે નહીં બને અને અમે ધ્યાન રાખીએ છીએ, પરંતુ કોઈ કારણોસર ઉપરથી આ ખીલી પડી ગઈ હોય તેવું લાગે છે. જેથી ગ્રાહકે કહ્યું હતું કે, તમારા રસોડામાં તમે કેવી રીતે ધ્યાન રાખો છો કે આ ત્યાંથી આવી ગયું. આ રીતે હોટલના જવાબદાર વ્યક્તિ પાસે જવાબ માગ્યો હતો.

## શહેર અન્ન અને નાગરિક પુરવઠા તથા ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

અમદાવાદ શહેર અન્ન નિયંત્રક વિમલ પટેલના અધ્યક્ષસ્થાને શાહીબાગ સર્કિટ હાઉસમાં અમદાવાદ શહેર નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વ્યાજબી ભાવની દુકાનોના ધંધાના સ્થળ બદલવાની દરખાસ્તને કાયમી મંજૂરી આપવા બાબત તેમજ વ્યાજબી ભાવની દુકાન મર્જ કરવા બાબતની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ ઉપરાંત બેઠકમાં વ્યાજબી ભાવના દુકાનોની તથા રેશનકાર્ડ ધારકોને રેશન વિતરણ બાબતોની વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી. એન.એફ.એસ.એ હેઠળ વ્યાજબી ભાવની દુકાનો ઉપરથી લાભાર્થીઓને માર્ચ ૨૦૨૫ના માસમાં પ્રમાણ તથા ભાવની વિગતોની સમીક્ષા અને ફેબ્રુઆરી-૨૦૨૫ના માસમાં કરેલ ઉપાડ સહિતની વિગતવાર સમીક્ષા અને ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં NFSA-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ અને રદ કરેલ રેશનકાર્ડની ચર્ચા તેમજ ફેબ્રુઆરી-૨૦૨૫ના માસમાં કચેરી દ્વારા કરવામાં આવેલ તપાસણીની સમીક્ષા અને ચર્ચા પણ કરવામાં આવી હતી. આ બેઠકમાં ફેર પ્રાઈસ શોપ એસોસિએશનના પ્રમુખ પ્રહ્લાદભાઈ મોદી, સુરક્ષા મંડળ પ્રતિનિધિ ઉષાબહેન સંઘવી તેમજ પુરવઠા શાખાના અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# CAG રિપોર્ટથી વિધાનસભામાં હડકંપ! દવાઓની ગુણવત્તા ચકાસવામાં બેદરકારી

(એજન્સી) ગાંધીનગર તા.28 | વિધાનસભામાં CAG રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. દવાઓની ગુણવત્તા ચકાસવામાં આરોગ્ય વિભાગની બેદરકારી સામે આવી છે. આ રિપોર્ટ અનુસાર આરોગ્ય વિભાગ દ્વારા ઘણી અનિયમિતતાઓ થઈ હોવાનો ખુલાસો કરવામાં આવ્યો છે. જેમાં જિલ્લા હોસ્પિટલોમાં પથારીઓની ઘટનો ઉલ્લેખ છે. આ ઉપરાંત વર્ષ 2023-24 દરમિયાન રાજ્ય વિધાન મંડળે વિનિયોગ કર્યા હોય તે સિવાય 193 કરોડની વધારાની ચૂકવણી કરવામાં આવી છે. આજે વિધાનસભામાં કેગના રિપોર્ટની રજૂઆત પછી આરોગ્ય વિભાગમાં ઘણી અનિયમિતતાઓ થઈ હોવાનું બહાર આવ્યું છે. જેમાં ખાસ કરીને રાજ્યની જિલ્લા હોસ્પિટલોમાં વસતીના આધારે પથારીની સંખ્યા ઘણી ઓછી હોવાની માહિતી જાહેર કરવામાં આવી છે.

### દવાઓની ગુણવત્તા ચકાસવામાં આરોગ્ય વિભાગની બેદરકારી

- » સરકારી લેબ દ્વારા દવાઓનું પરીક્ષણ ન થયાનો કેગનો રિપોર્ટ
- » 2019માં અસંખ્ય નમૂનાઓનું લેબમાં પરીક્ષણ જ નથી થયું
- » સુરતના ગોડાઉનમાંથી લીધેલા 1485 નમૂનાનું પરીક્ષણ ન થયું
- » વલસાડ ગોડાઉનમાંથી લીધેલા 945 નમૂનાનું પરીક્ષણ ન થયું
- » જામનગર ગોડાઉનમાંથી લીધેલા 916 નમૂનાનું પરીક્ષણ ન થયું
- » અમરેલી ગોડાઉનમાંથી લીધેલા 873 નમૂનાનું પરીક્ષણ ન થયું
- » નરોડા ગોડાઉનમાંથી લીધેલા 795 નમૂનાનું પરીક્ષણ ન થયું
- » વડોદરા ગોડાઉનમાંથી લીધેલા 476 નમૂનાનું પરીક્ષણ ન થયું
- » રાજકોટ ગોડાઉનમાંથી લીધેલા 447 નમૂનાનું પરીક્ષણ ન થયું
- » પાટણ ગોડાઉનમાંથી લીધેલા 371 નમૂનાનું પરીક્ષણ ન થયું

### CAG રિપોર્ટમાં આરોગ્ય વિભાગ સંદર્ભે કરાયેલ સૂચનો : 193 કરોડની વધારાની ચૂકવણી થઈ

મેડિકલ કોલેજો, નર્સિંગ કોલેજોમાં સ્ટાફ ભરતી કરો, ડોક્ટર અને પેરામેડિકલની ખાલી જગ્યા પર ભરતી કરો, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની લેબોરેટરી આધુનિક કરો - આધુનિક લેબોરેટરી હશે તો પરિણામ પણ ઝડપી આવશે . સરકારે આરોગ્ય ક્ષેત્રના બજેટમાં 8 ટકાનો વધારો કરવો જોઈએ. સુરક્ષિત માતૃત્વ અને ગર્ભવતી સ્ત્રીઓ માટે સુવિધાઓ વધારવા સૂચન કરવામાં આવ્યા છે. વર્ષ 2023-24 દરમિયાન રાજ્ય વિધાન મંડળે વિનિયોગ કર્યા હોય તે સિવાય 193 કરોડની વધારાની ચૂકવણી કરવામાં આવી છે. જેમાં પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસમાં 165 કરોડ, શહેરી વિકાસ અને શહેરી આવાસ અંતર્ગત 24 કરોડ તથા માર્ગો અને પૂલ વિભાગ 4.60 કરોડ, શિક્ષણ વિભાગ દ્વારા પણ વધારાની ચૂકવણી થઈ હોવાનો કેગ રિપોર્ટમાં ઉલ્લેખ છે. રાજ્ય સરકારે વર્ષ 2009-10, વર્ષ 2011-12, વર્ષ 2014-15 તથા વર્ષ 2022-23 ના 12,000 કરોડ કરતા વધારાની ચૂકવણી હજુ સુધી વિધાનમંડળ દ્વારા વિનિયમિત કરવાની બાકી હોવાનું કેગના રિપોર્ટમાં ઉલ્લેખ છે.

# મિલકત જપ્ત કરાઈ:નાણાની હેરાફેરી, બેન્ક સાથે ઠગાઈ સહિત 3 કેસમાં ઈડીએ 3.5 કરોડની પ્રોપર્ટી જપ્ત કરી

(એજન્સી) અમદાવાદ । તા. 28

ઈડીની અમદાવાદ ઝોનલ ઓફિસે મની લોન્ડરિંગ એક્ટ હેઠળ 3 કેસમાં કાર્યવાહી કરી હતી. બેન્ક સાથેની છેતરપિંડી તેમજ આવકથી વધુ સંપત્તિ ધરાવતા ત્રણ લોકોની રૂ. 3.50 કરોડની સંપત્તિ જપ્ત કરાઈ હતી. મની લૉન્ડરિંગ એક્ટ હેઠળ રૂ.34 લાખની સ્થાવર મિલકત જપ્ત કરાઈ હતી. ઈડીએ ઈન્વર્ટ ટ્રાયગલ કંપની સામે તપાસ શરૂ કરી હતી. આ તપાસમાં સીબીઆઈ અને એસીબીએ એફઆઈઆર નોંધી હતી. બેન્ક ઓફ ઈન્ડિયા અને ટેમ્પલ ટ્રી ઈન્વેસ્ટમેન્ટ સાથે 11.17 કરોડની છેતરપિંડી કરી હતી.

ઈડીએ ગુજરાત અને મહારાષ્ટ્રમાં 10થી વધુ સ્થળે દરોડા પાડી 8.90 લાખના સોનાના દાગીના અને રૂ. 1.83 લાખ રોકડા અને દસ્તાવેજો જપ્ત કર્યા હતા. આ ઉપરાંત વિવિધ




બેન્ક એકાઉન્ટમાં રહેલી રૂ. 9.62 લાખની રકમ ફ્રીઝ કરાઈ છે. જ્યારે પૂર્વ પેટ્રોલિયમ અને વિસ્ફોટક સલામતી સંસ્થા વડોદરાના કન્ટ્રોલર અનિલ કુમાર યાદવ સામે તપાસ દરમિયાન રૂ. 2.5 કરોડ બજાર મૂલ્ય ધરાવતી સ્થાયી મિલકત જપ્ત કરી છે.

અનિલ કુમાર યાદવ અને તેમની પત્ની સંગીતાસિંહ સામે કાયદા વિરુદ્ધ સંપત્તિના આરોપ હતા. તપાસ મુજબ 2010 થી 2019ની વચ્ચે તેઓએ રૂ. 1.91 કરોડની આવક કરતાં વધુ સંપત્તિ એકત્ર કરી હતી. વધુ એક કેસમાં ઈડી અમદાવાદ ઝોનલ ઓફિસે બેંક ફ્રોડ કેસમાં કાર્યવાહી કરીને રૂ.4 કરોડના બજાર મૂલ્યની સંપત્તિ જપ્ત કરી છે. આ કેસમાં રેમાર્ક રેમેડીઝના માલિક ધનંજય પરીખ સામે તપાસ ચાલી રહી છે. આરોપીઓએ બેંક ઑફ મહારાષ્ટ્રને રૂ. 2 કરોડની રોકડ ક્રેડિટ લિમિટ દ્વારા છેતરપિંડી કરી હતી. ધનંજય પરીખે બેંકમાંથી લીધેલી રૂ. 2 કરોડની રકમ અન્ય હેતુ માટે વાપરી હતી. આથી ઈડીએ આ સંપત્તિઓને ગુનાઈત આવક તરીકે જાહેર કરી છે.

## અમદાવાદમાં હોમગાર્ડ અને ડ્રાઈવરની અંતિમવિધિ થઈ, કોન્સ્ટેબલનો મૃતદેહ વતન પહોંચતા ગામમાં માતમ

# પોલીસકર્મી, હોમગાર્ડ અને ડ્રાઇવરના મૃતદેહ વતન લવાયા

(એજન્સી) અમદાવાદ । તા. 28

26 માર્ચ બુધવારના રોજ હરિયાણામાં ગુજરાત પોલીસની બોલેરો ગાડી (GJ 18 JB 7819) એક અજાણ્યા વાહન સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં ગુજરાત પોલીસના 2 કર્મચારી અને 1 ડ્રાઈવરનું મોત થયું હતું. ત્યાર બાદ આજે(28 માર્ચ, 2025) ત્રણેયના મૃતદેહને અમદાવાદમાં લાવવામાં આવ્યા હતા. પોલીસ કમિશનર સહિતના પોલીસકર્મીઓ અને મૃતકોનાં પરિવારજનો દ્વારા તમામ મૃતકોને પુષ્પાંજલિ અર્પણ કરાયા બાદ મૃતદેહોને તેઓના ઘરે લઈ જવાયા હતા. જેમાં પોલીસ કોન્સ્ટેબલ સુનિલ ગામિતના મૃતદેહને વતન તાપી લઈ જવાયો છે. જ્યારે ખાનગી ડ્રાઈવર અને હોમગાર્ડના મૃતદેહને પણ સીટીએમ અને સિંગરવા તેમના ઘરે લઈ જવામાં આવ્યા હતા.

ડ્રાઈવર ઘનશ્યામભાઈ ભરવાડના અમદાવાદના હાટકેશ્વર સ્મશાનમાં મોટી સંખ્યામાં ભરવાડ સમાજના લોકો અને સ્થાનિક રહીશોની હાજરીમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. જ્યારે હોમગાર્ડ રવિન્દ્રસિંહ ક્ષત્રિયની પણ બપોરે અંતિમવિધિ કરવામાં આવી હતી. પોલીસ કોન્સ્ટેબલ સુનિલ ગામિતના પાર્થિવદેહ તાપી જિલ્લાના ડોલવણના ગડત ગામે તેમના નિવાસ સ્થાને લવાયો છે. જિલ્લા પોલીસ વડા દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપી અંતિમ સંસ્કાર કરાશે.



### કોન્સ્ટેબલ સુનિલ ગામિત તાપીમાં અંતિમ સંસ્કાર કરાશે

પોલીસ કોન્સ્ટેબલ સુનિલ ગામિતના પાર્થિવદેહ તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના ગડત ગામે તેમના નિવાસ સ્થાને લવાયો છે. જિલ્લા પોલીસ વડા દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપી અંતિમ સંસ્કાર કરાશે.

### ઘનશ્યામભાઈનો મૃતદેહ હાટકેશ્વર સ્મશાને લવાયો

ખાનગી ડ્રાઈવર ઘનશ્યામભાઈ ભરવાડનો મૃતદેહ હાટકેશ્વર સ્મશાને લવાયો હતો જ્યાં તેઓના અંતિમ સંસ્કાર કરાયા. હાટકેશ્વર સ્મશાન ખાતે મોટી સંખ્યામાં ભરવાડ સમાજના લોકો અને સ્થાનિક રહીશો પહોંચ્યા છે.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...